“ગીતાના રચયીતાથી મારે મોટો ભારે સંબંધ છે. એ મારા ખાસ મિત્ર છે. હું ગીતાનો બહુ આદર કરું છું; કેમ કે એ મારા દોસ્તની વાતચીત છે.”

(સંતવાણી-07/169)





“યા અલ્લાહ, યા ખુદા! કોઇ એમ ન સમજે કે શરણાનંદનો કોઇ ધર્મ કે સંપ્રદાય છે. જે ખુદાના છે એ શરણાનંદના છે.”

(સંત જીવન દર્પણ/97)

“મસીહા ખુદાનાં પુત્ર છે, હું ખુદાનો દોસ્ત છું;મસીહા મારા સગાં ભત્રીજા છે, હું એમને સારી રીતે જાણું છું. મસીહા મને ખુબ પ્યારા લાગે છે.”

(સંતવાણી-02/12)



“શરણાનંદજી મહારાજની ક્રાંતિકારી અકાટ્ય વિચારધારા મુસલમાન, ઇસાઇ, હિન્દુ વગેરે સૌને માટે સમાનરૂપે કલ્યાણકારી હોવાની વાત ને સિદ્ધ કરવા માટે સૃષ્ટિકર્તાએ તેમનો નિર્વાણ દિવસ (૨૫-૧૨-૧૯૭૪) એવો અલૌકિક નક્કી કર્યો કે એ દિવસે ઇદ,ગીતા-જયંતિ તથા નાતાલ એક સાથે હતા.”

(માનવ સેવા સંઘ પરિચય,પાના નં./8)

પ્રશ્નોત્તરી (સંતવાણી) સ્વામી શરણાનંદજી મહારાજ

# प्रश्नोत्तरी
## (સંતવાણી)

**સ્વામી શરણાનંદજી મહારાજ**

'सर्वमान्य शुद्ध सत्य' को देश, काल, मत, वर्ग, सम्प्रदाय, मज़हब का भेद छू नहीं सकता है।
हमें 'सत्य-तत्त्व' का अनुयायी बनना होगा, किसी व्यक्ति या सम्प्रदाय का नहीं....
बात वह होनी चाहिए जिससे हिन्दू, मुसलमान, ईसाई आदि सभी लाभ उठा सके।

# સંતોનું કહેવાનું છે કે....




स्वामी ज्ञानजीवनदासजी
(श्रीस्वामिनारायण कुण्डलधाम)

....સ્વામી શરણાનંદજી ના સાહિત્ય વાંચવા જેવા છે.... જેવી રીતે ભારતીય મોટો મોટા ઋષિ-મુની થઈ ગયા, આર્ષદ્રષ્ટા થઈ ગયા તેમ તે આજના આર્ષદ્રષ્ટ્રા ઋષિ છે.... એમની વાતો સાતમા દર્શન જેવી છે, અદભુત છે....જો સ્વામી શરણાનંદજીના વિચારોનો સાધક ધ્યાનથી અભ્યાસ કરેં તો ખુબ જ ફાયદો થશે, આ મારો જાત અનુભવ છે..... (સાગર કથા-૧૫.૦૩.૨૦13)



श्रीराजेन्द्रदासजी

આજે વર્તમાન સમયમાં સન્તો નાં જે સદ્‌વિચાર છે તે જ મનુષ્યને વાસ્તવિક શાન્તિ આપી શકે છે, અને તેમાં પણ શરણાનંદજી મહારાજ આ યુગનાં વિચારક સંતોમાં સર્વોત્કૃષ્ટ મહાપુરુષ હતા.... જે પ્રેમી હશે તે જ વિચારક હશે! પ્રેમ વગર વિચારની શક્તિ ઉત્પન્ન નથી થતી અને તે પ્રેમ તે જ પ્રેમ છે જે ઈશ્વરીય પ્રેમ છે. (રાજકોટ વાર્તાલાપ ૦૭-૦૫-૨૦૧૫)



श्रीअनुभवानन्दजी

શરણાનંદજીનું જીવન વાંચો તમે.... તેઓ કંઈ ભણતર ભણ્યા ન હતા, તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. એમના એક-એક જે અનુભવ છે તેને તમે પાંચમો વેદ કહી શકો છો, એટલા શ્રેષ્ઠ અનુભવો છે અને તેમના બધા અનુભવો પોતાનાં છે, કોઈ બહારથી નથી આવ્યા. (વ્યવહારિક ગીતા-૫ થી)



मोरारी बापू

શરણાનંદજી મહારાજ એટલા મોટા દાર્શનિક, કે એમના માટે અખંડાનંદ સરસ્વતી મહારાજે જે અભિપ્રાય આપ્યો કે ભેળસેળીયુ વેદાન્ત સાંભળવું હોય તો અમારી પાસે આવો અને શુદ્ધ, વિશુદ્ધ, દો-ટૂક (અકાટય) વેદાન્ત સાંભળવું હોય તો સ્વામી શરણાનંદજી પાસે જાઓ.

(૨૦.૧૧.૨૦૧૨ માનસ સુરધેનુ)

શરણાનંદજી મહારાજ એક અલ્હડ મહાત્મા હતા. સાચી ફકીરી હતી તે મહાપુરુષમાં! આવા મહાપુરુષો બહુ થોડા થયા છે!!

(૦૮.૧૧.૨૦03 માનસ મોરારી)

## સ્વામી રામસુખદાસજી મહારાજના વિચારો -

શરણાનંદજી સમાન હું કોઈ સંતને માનતો નથી. મારા હૃદયમાં આ વાત છે. મારા મનની વાત કોઈ પૂછે તો શરણાનંદજી બહું ઊંચા સંત હતા. શરણાનંદજીમાં ખૂબજ સરલતા છે, પરંતુ લોકો સમજતા નથી. પ્રબોધનીમાં લખ્યું છે "હું ક્રાન્તિકારી સન્યાસી છું, મારી વાતો સારી રીતે સમજશે તો હલચલ થઈ જશે બધાં શાસ્ત્રોમાં, બધાં દર્શનોમાં."

(Manav Seva Sangh Q-A)

# બ્રહ્મલીન શ્રદ્ધેય સ્વામીજી
# શ્રી શરણાનંદજી મહારાજનું અમૂલ્ય સાહિત્ય

1. સંત સમાગમ ભાગ-1 થી 3
2. સંતવાણી ભાગ-1 થી 8
3. પ્રશ્નોત્તરી (સંતવાણી) ભાગ-1 અને 2
4. સંત સૌરભ (સંતવાણી)
5. સંત ઉદ્‌બોધન
6. પ્રેરણા પથ
7. સંત પત્રાવલી ભાગ-1 થી 3
8. જીવન દર્શન ભાગ-1 અને 2
9. ચિત્ત શુદ્ધિ ભાગ-1 અને 2
10. જીવન પથ
11. માનવકી માંગ
12. માનવ દર્શન
13. મૂક સત્સંગ ઔર નિત્ય યોગ
14. માનવતાકે મૂલ સિદ્ધાંત
15. સત્સંગ ઔર સાધન
16. સાધન તત્ત્વ
17. સાધન ત્રિવેણી
18. દર્શન ઔર નીતિ
19. દુ:ખકા પ્રભાવ
20. મંગલમય વિધાન
21. જીવન વિવેચન ભાગ-1 થી 7
22. સંત જીવન દર્પણ
23. માનવ સેવા સંઘકા પરિચય
24. સાધન નિધિ
25. પાથેય ભાગ-1 અને 2
26. પથ પ્રદીપ
27. પ્રાર્થના તથા પદ
28. મૈ કી ખોજ
29. ક્રાંતિકારી સંતવાણી
30. સંત હૃદયોદ્‌ગાર
31. રજત સ્મારિકા
32. Ascent Triconfluent
33. A Saint's call to Mankind
34. Sadhna spot light by a saint
35. Revelation of the Spiritual Path
36. Pathway to Life

## Published and Potential other books

1. मानवमात्र के शरणानन्दजी
2. यह नियम है कि- (हिन्दी-English)
3. सन्त हृदयोद्‌गार (हिन्दी-English)
4. Krāntikārī Santvānī
5. Prashnōttarī
6. Sant *Jivan Darpaṇ*
7. Humanity's own Sharnānandji
8. માનવમાત્રના શરણાનંદજી
9. સાધન નિધિ
10. મૂક સત્સંગ તથા નિત્યયોગ
11. સત્સંગ અને સાધન
12. દર્શન અને નીતિ
13. ચિત્ત-શુદ્ધિ - ભાગ 1
14. ચિત્ત-શુદ્ધિ - ભાગ 2
15. ક્રાંતિકારી સંતવાણી
16. સંત હૃદયોદ્ગાર
17. तरुतले भाग-1 से 3 (जयपुर)
18. साधन-सूत्र (लखनऊ)

# પ્રશ્નોત્તરી
## (સંતવાણી)

(બ્રહ્મલીન પૂજ્ય શ્રી સ્વામી શરણાનંદજી મહારાજને
સાધકો એ પૂછેલા પ્રશ્નો અને તેના ઉતરો)

**અનુવાદ : શ્રી ગોર**


GOR

**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત) પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com

મૂળ હિન્દી પુસ્તક :

# પ્રશ્નોત્તરી
## (સંતવાણી)


નો ગુજરાતી અનુવાદ

પ્રથમ આવૃતિ : ૧૦૦૦
**વર્ષ-૧૯૯૬**

પ્રકાશનતિથિ : **ગુરૂ પૂર્ણિમા-૧૯૯૬**

મૂળ પ્રકાશક : **માનવ-સેવા-સંઘ, વૃન્દાવન**

મૂલ્ય : **સદ્‌ભાવના**



પ્રાપ્તિ સ્થાન :

**શ્રી ગોર આશ્રમ**

મુ.પો. ખરેડા, તા. જી. મોરબી, (ગુજરાત)
પીન : ૩૬૩ ૬૪૧
e: shreegorji@yahoo.com

# મૂળ પ્રસ્તાવના

સુખ-દુઃખનાં દ્વન્દ્વમાં ફસાયેલા અને પોતાના રક્ષણ માટે તડપતા વ્યક્તિને જે પ્રશ્ન ઉદ્‌ભવે છે, તે જીવંત પ્રશ્ન હોય છે. અજ્ઞાનના અંધકારમાં ભટકતા વ્યક્તિની વ્યથાથી દ્રવિત થઈને કરૂણાવાન અનુભવી સંતની સન્માર્ગ દેખાડવાની તત્પરતાથી જે ઉત્તર પ્રગટે છે, તે જીવંત ઉત્તર હોય છે. આવી જીવંત 'પ્રશ્નોત્તરી'નો સંયોગ જીજ્ઞાસુઓ માટે પરમ હિતકારી હોય છે.

માનવ-સેવા-સંઘના પ્રણેતા સંઘના બ્રહ્મલીન સંત શ્રી સ્વામી શરણાનંદજી મહારાજ પર બચપણથી જ ઘોર દુઃખ તૂટી પડ્યા હતા. સચેત મેધાવી બાળકના મનમાં પ્રશ્ન થયો, ''શું કોઈ એવું સુખ છે કે જેમાં દુઃખ સામેલ ન હોય?'' જવાબ મળ્યો ''હા, એવું સુખ છે, અને તે સાધુ-સંતોને મળે છે.' ૧૧ વર્ષની ઉંમરમાં બન્ને આંખોથી અંધ થયેલા બાળકને પોતાના પ્રશ્નનો ઉત્તર મળ્યો અને તેજ ક્ષણે નિશ્ચય કર્યો કે ''હું સાધુ બનીશ.'' સાધુ થઈને સ્વયં દુઃખ રહિત આનંદમય જીવન પામીને પરમ પૂજ્ય સ્વામી શ્રી શરણાનંદજી મહારાજે સફળ માનવ માટે દુઃખ નિવૃત્તિ, ચિરશાન્તિ, જીવનમુક્તિ અને ભગવત્‌ભક્તિ સંબંધી પ્રશ્નોના અચૂક અને નકારી ન શકાય તેવા ઉત્તર આપીને જીજ્ઞાસુઓની અદ્‌ભૂત સેવા કરી છે.

'માનવજીવનને સ્પર્શતા અને જુદા-જુદા આયામોને સંબંધિત જટિલથી જટિલ પ્રશ્નો પણ કોઈ શ્રી મહારાજજીને પૂછતા ત્યારે તેઓ બિલકુલ સહજ ભાવથી થોડા શબ્દોમાં તેનો સચોટ ઉત્તર આપતા અને પ્રશ્નકર્તાની આંખ ખુલી જતી અને પોતાની સમસ્યાનું

સાચું અને તદ્દન વ્યવહારૂ સમાધાન મેળવીને તે સાધના-પથ પર ગતિમાન થતો.

શ્રી મહારાજજી દ્વારા આપેલા ઉત્તર પ્રશ્નકર્તાને સીધી અસર કરતા. તે એવો અનુભવ કરતા, કે જાણે શ્રી મહારાજજીએ તેમાં એક નવી ચેતના ફૂંકી દીધી હોય. શ્રી મહારાજજીના સમાધાનકારી ઉત્તર સ્વયંસ્ફૂર્ત હોવાની સાથો સાથ શાસ્ત્ર સંમત પણ હતાં. એટલુ જ નહીં તે વ્યાજબી અને તર્કસંગત હોવાને લીધે નકારી શકાય તેવા ન હતા. વ્યાવહારિક સ્તરે તે અનુકરણીય હોવાને લીધે જીજ્ઞાસુઓમાં એક ક્રાંતિકારી પરિવર્તન ઉદ્ભવતું. ઉપરોક્ત વિશેષતાઓને લીધે આકર્ષિત થઈને માનવ-સેવા-સંઘના કેટલાંક પ્રેમીજનોને પ્રસ્તુત પ્રશ્નોત્તરીના પ્રકાશનનો સંકલ્પ ઉદ્ભવ્યો. વર્તમાનમાં જે પ્રાપ્ય સામગ્રી મળી શકી તેને પ્રશ્નોત્તરીમાં સંકલિત કરેલ છે, અને તેની પાછળ એવો ઉદેશ્ય રહેલ છે કે ગૂંચવાયેલા સાધકોને પોતાની સમસ્યાઓના ઉકેલ માટે યોગ્ય માર્ગદર્શન મળી શકે. આત્મીય સાધક ભાઈ-બહેનોને સંઘ તરફથી સદ્ભાવનાપૂર્વક આ પુષ્પ સપ્રેમ સમર્પિત છે.

**વિનીતા,**

દિવ્ય જ્યોતિ

**પ્રેમ નિકેતન આશ્રમ**, જયપુર

ગીતા જયંતિ, ૧૯૮૯

# ॥ પ્રશ્નોત્તરી ॥

**૧. મહારાજજી ! શિક્ષકનું કર્તવ્ય શું છે ?**

શિક્ષકનુ કર્તવ્ય છે, પોતાની યોગ્યતાનો સદુપયોગ અને શિક્ષાર્થીનું ચરિત્ર નિર્માણ.

**૨. સ્વામીજી ! ભગવાન અમારી ઈચ્છા શા માટે પૂરી કરતા નથી ?**

ઈચ્છા તો શ્રીરામે પોતાના બાપ દશરથની પણ પૂરી કરી ન હતી, તો તમારી કેવી રીતે કરી દે ? સીતાએ જે ઈચ્છયું, તે ન થયું. કૌશલ્યાએ જે ઈચ્છયું, તે ન થયું તો તમારા ઈચ્છવાથી શું થશે ?

**૩. સ્વામીજી ! તમારા કહેવા અનુસાર દુઃખ માનવને કંઈક શીખવવા માટે આવે છે, તો પછી બાળકોના જીવનમાં દુઃખ શા માટે આવે છે ?**

બાળકો તો પ્રાણી છે, પ્રાણીના જીવનમાં તો સુખઃદુઃખ ભોગવવાનું જ હોય છે. જ્યારે તે માનવ બનશે ત્યારે તેને દુઃખ કંઈક નહીં શીખવાડે ?

**૪. સ્વામીજી! સમાજનું દુઃખ કેવી રીતે દૂર થઇ શકે ?**

તમે તમારું દુઃખ દૂર કરી શકો. સમાજ ઈચ્છશે તો તેનું દુઃખ દૂર થશે. કોઈ બાપ પોતાના પુત્રનું, કોઈ પતિ પોતાની પત્નિનું દુઃખ દૂર કરી શકે નહીં, તો સમાજનું કેવી રીતે કરી શકે ? હા, એટલું તમે કરી શકો કે તમારું દુઃખરહિત જીવન સમાજની સામે રાખી શકો, જેને જોઈને સમાજના મનમાં દુઃખ દૂર કરવાની રુચિ પેદા થઈ શકે.

**૫. મહારાજજી ! સૃષ્ટિની સેવા કરવાવાળો પ્રભુને પ્યારો કેમ લાગે છે ?**

જેવી રીતે તમારા પુત્રની સેવા કરવાવાળો તમને પ્યારો લાગે છે.

**૬. સ્વામીજી ! ભગવાનના દર્શન કેવી રીતે થઇ શકે ?**

ભગવત્-પ્રેમનું મહત્ત્વ છે. ભગવત્-દર્શનનું કોઈ મહત્ત્વ નથી. ભગવાન રોજ દેખાય ને પ્યારા ન લાગે તો તમારો વિકાસ થશે નહીં. ભગવત્-વિશ્વાસ, ભગવત્-સંબંધ અને ભગવત્-પ્રેમનું મહત્ત્વ છે.

**૭. સ્વાધીનતાનું સ્વરૂપ કેવું છે ?**

સ્વાધીનતાનો અર્થ એ છે કે, પોતાનામાં સંતુષ્ટ હોવું, નહીં કે કોઈ વસ્તુ કે પરિસ્થિતિમાં બંધાયેલ હોવું.

**૮. મહારાજજી ! ઈસાઇ લોકો ઈસુની વાત કેમ માનતા નથી ?**

નકલી ઈસાઇ ઈસુની ચર્ચા કરશે અને સાચો ઈસાઇ ઈસુની વાત માનશે. આ વાત ફકત ઈસાઈઓ માટે જ સત્ય નથી; પરંતુ હિન્દુ, મુસલમાન, પારસી, શીખ, જૈન, બૌદ્ધ વગેરે દરેક માટે સત્ય છે.

**૯. મહારાજજી ! ભૌતિક ઉન્નતિ માટેનું સાધન શું છે ?**

યોગ્યતા, પરિશ્રમ, ઈમાનદારી અને ઉદારતા.

**૧૦. મહારાજજી ! જીવનમુક્ત કોણ છે ?**

જે ઈમાનદાર છે, અને ઈમાનદાર એ છે કે જે સંસારની કોઈપણ ચીજને પોતાની માનતો નથી.

## ૧૧. જીવનમુક્તિનું સ્વરૂપ શું છે ?

ઈચ્છાઓ હોય અને પ્રાણ નીકળી જાય તો મૃત્યુ થયું ગણાય, અને પાછો જન્મ લેવો પડે, પ્રાણ હોય અને ઈચ્છાઓ સમાપ્ત થઈ જાય તો મુક્તિ મળે. જેમ બજારમાં જાય, પરંતુ પૈસા ખલાસ થઈ જાય અને જરૂરિયાત ઊભી રહે, તો વળી ફરીને બજાર જવું પડે પૈસા હોય અને જરૂરિયાત પૂરી થઈ જાય, તો પછી બજાર શા માટે જવું પડે ?

## ૧૨. ભણતર–ગણતરમાં વધારો થતો રહે છે, છતાં દોષોમાં ઘટાડો કેમ થતો નથી ?

કોઈ દોષ ત્યારે કરે છે, જ્યારે તે પોતાની ખુદની જ વાત માનતો નથી. ભણતર તો એક પ્રકારની યોગ્યતા છે. યોગ્યતા જ્યારે નિજવિવેકને આધીન રહેતી નથી, ત્યારે મોટા–મોટા અનર્થ સર્જે છે.

## ૧૩. મહારાજજી ! શું ભગવત–પ્રેમ પણ કામી અને કામિનીના પ્રેમ જેવો જ હોય છે ?

કામી કામિનીને પ્રેમ કરતો નથી, તે એક બીજાને નષ્ટ કરે છે, ખાઈ જાય છે. ભગવત્–પ્રેમ તો પ્રેમી અને પ્રેમાસ્પદ બન્નેને આનંદિત કરે છે.

## ૧૪. શું દુઃખનું આવવું એ માનવ માટે પતિત અથવા પાપી હોવાનો પરિચય છે ?

દુઃખનું આવવું એ પતિત હોવાનું ફળ નથી. દુઃખ તો સુખ–ભોગની આસક્તિને મટાડવા આવે છે.

## ૧૫. મહારાજજી ! ધર્માત્મા કોણ હોઈ શકે ?

જેની સમાજને આવશ્યકતા હોય.

## ૧૬. વ્યર્થ ચિંતનથી કેવી રીતે બચવું ?

વ્યર્થ ચિંતન તો ભોગવેલા તથા ન ભોગવેલાનો પ્રભાવ છે. વ્યર્થ ચિંતનને સહયોગ ન આપો, ન તો વ્યર્થ ચિંતનને દબાવો, ન તો તેનાથી સુખ ભોગવો, ન તો ભય પામો અને ન તો તાદાત્મ્ય રાખો. વ્યર્થ ચિંતન પ્રગટ થઈને નાશ પામશે.

## ૧૭. સ્વામીજી ! અમે શું કરીએ ?

સેવા, ત્યાગ અને આસ્થા. સેવાનો અર્થ છે ઉદારતા, સુખીઓને જોઈને પસન્ન થવું અને દુઃખીઓને જોઈને દ્રવિત થવું. ત્યાગનો અર્થ છે કે મળેલું આપણું નથી. જેનાથી જાતીય તથા સ્વરૂપની એકતા નથી, એવી કામનાનો ત્યાગ કરવો. પ્રાપ્તમાં મમતા ન રાખવી અને અપ્રાપ્તની કામના ન કરવી. પ્રભુમાં આસ્થા અને વિશ્વાસ કરવો. સેવા-માનવીને સમાજને માટે, ત્યાગ-પોતાના માટે અને આસ્થા -પ્રભુને માટે ઉપયોગી બનાવે છે.

## ૧૮. સ્વામીજી ! આજ સુધી તો મારી આંખો તદ્દ્ન સારી હતી, પરંતુ હવે ૭૫ વર્ષ બાદ ઓછું દેખાય છે તેનો અભાવ ખટકે છે.

આંખ તો ભાઈ પહેલાંથી જ આપણી હતી નહીં; પરંતુ તેની ખબર હવે પડી. ઘસઘસાટ ઊંઘમાં આપણે રોજ હોવા છતાં આંધળા થઈ જઈએ છીએ. આ રીતે કદી વિચાર્યુ જ નથી.

## ૧૯. જીવનમાં સંકલ્પ પૂર્તિનું કોઈ સ્થાન છે. ?

બીજાની સંકલ્પ પૂર્તિનું સ્થાન છે, પોતાની નહીં.

## ૨૦. ભક્તિ કેવી રીતે થાય ?

સંસારનો પોતાના માટે અસ્વીકાર કરવો અને ફક્ત ભગવાનને જ પોતાના માનવાથી ભક્તિભાવની અભિવ્યક્તિ થાય છે.

## ૨૧. સ્વપ્નનું કોઈ અસ્તિત્વ છે ખરું ?

સ્વપ્ન તો એક અવસ્થા છે, અવસ્થાનું કોઈ અસ્તિત્વ હોતું નથી.

## ૨૨. દુઃખ એ વિધાનનું ફળ છે ખરું ?

દુઃખતો સુખની દાસતા મટાડવાના વિધાનથી આવે છે. દુઃખ આપણી ભૂલનું પરિણામ છે.

## ૨૩. દુઃખી થવું અને દ્રવિત થવું એ બન્ને એક જ વાત છે ?

નહીં, દુઃખમાં જડતા આવે છે, કરુણામાં ચેતના આવે છે, સંસારથી સંબંધ છુટે છે.

## ૨૪. શારીરિક રોગ આવવાથી દુઃખ કેમ લાગે છે ?

'હું શરીર છું' અથવા 'શરીર મારું છે' એવું સમજવાથી દુઃખ થાય છે.

## ૨૫. રોગીને દુઃખનો અનુભવ ન થાય તેના માટે શું કરવું જોઈએ ?

રોગ પ્રાકૃતિક તપ છે એમ સમજીને હર્ષપૂર્વક સહન કરી લેવું જોઈએ.

## ૨૬. રોગીએ પોતાની રોગ–અવસ્થામાં શું કરવું જોઈએ ?

પ્રત્યેક અવસ્થામાં પ્રભુની અહૈતુકી કૃપાનો અનુભવ થાય છે અને હૃદય એના પ્રેમથી ભરાઈ જાય છે. શરીર હોય કે ન હોય એનાથી સાધકોને કોઈ લાભ–હાનિ થતી નથી. શરીર ટકી રહે એવી કામનાનો ત્યાગ કરવો જોઈએ.

## ૨૭. દુઃખ શા માટે ભોગવવું પડે છે ?

સુખ ભોગવનારે દુઃખ ભોગવવું જ પડે છે, એ નિયમ જ છે. સુખ ભોગવવાની રુચિના નાશ માટે રોગ આવે છે.

## ૨૮. બિમારીથી ડર શા માટે લાગે છે ?

રોગ શારીરિક બળનો આશ્રય તોડવા માટે આવે છે. સાધકોએ એનાથી ડરવું ન જોઈએ; પરંતુ એનો સદુપયોગ કરવો જોઈએ.

## ૨૯. 'રોગનો સદુપયોગ' શું છે ?

દુઃખનો પ્રભાવ હોય છે. રોગ શરીરની વાસ્તવિકતાનો અનુભવ કરાવે છે. શરીરથી વ્યક્તિને અસંગ રાખવામાં રોગ મદદરૂપ બને છે.

## ૩૦. રોગનું નિદાન અથવા દવા કઇ છે ?

શરીરના રાગથી નિવૃત્ત થવું એ જ સાધકનું લક્ષ્ય હોવું જોઈએ. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખીને, શરીરની સેવા કરવી જોઈએ. આ પ્રમાણે કરવાથી રોગનો અંત આવે છે. શરીર સેવા સામગ્રી છે. સાધકે પ્રાર્થના કરવી જોઈએ કે, 'હે પ્રભુ ! આ શરીર વિશ્વના કામમાં આવી જાય, અહં અભિમાન શૂન્ય થઈ જાય અને હૃદયપ્રેમથી ભરાઈ જાય'.

## ૩૧. સાચું સુખ મનુષ્યને ક્યારે અને કેવી રીતે મળી શકે ?

હક્કીતમાં માનવજીવનની આ સૌથી મોટી સમસ્યા છે. આને હલ કરવા પ્રાણી હંમેશા સ્વતંત્ર છે. આ પશ્ન પર ગંભીરતાપૂર્વક વિચાર ન કરવો એ ખૂબ મોટી ભૂલ છે.

માનવતા પ્રાપ્તિની સાથે મનુષ્યને એ સુખ મળી જાય છે કે જેમાં દુઃખ હોતું નથી એટલે કે સાચું સુખ મળી જાય છે.

સહજભાવથી મૂકભાષામાં પ્રેમપાત્ર પરમાત્માને પ્રાર્થના કરો 'હે નાથ ! આ હૃદયને તમારી પ્રીતિથી ભરી દો. આ શરીરને દુઃખીઓની સેવામાં લગાડી દો. બુદ્ધિને વિવેકવાળી બનાવી દો. આ જગતરૂપી બાગમાં મને એક સુંદર પુષ્પ બનાવી દો. હું સદાય તારી કૃપાની પ્રતિક્ષામાં રહું.'

એવી પ્રાર્થના કરવાથી પ્રેમપાત્ર તમોને એમની સેવા કરવા માટે અવશ્ય યોગ્ય બનાવશે, આવો મારો વિશ્વાસ છે.

## ૩૨. શારીરિક કષ્ટોને કેવી રીતે ભૂલવા ?

ભૂલવા નહીં, પણ સહન કરવા. તે પણ ચિંતા, વિશ્વાસ રહિત થઈને, આ તપ છે. તપથી શક્તિ વધે છે. ભૂલવાથી તો જડતા આવે છે. શરીરથી તિતિક્ષા હોવી જોઈએ. તિતિક્ષાનો અર્થ છે, હર્ષપૂર્વક કષ્ટોને સહન કરવાં.

## ૩૩. માનવ સેવા સંઘની પ્રાર્થનામાં એવું કહેવામાં આવે છે કે દુઃખીઓના હૃદયમાં ત્યાગનું બળ પ્રદાન કરો. બિચારા દુઃખી શું ત્યાગ કરે ?

જ્યારે મનુષ્ય કંઈક ઈચ્છા કરે અને તેણે ઈચ્છેલું ન થાય ત્યારે તે દુઃખનો અનુભવ કરે છે. આનાથી એવું સિદ્ધ થયું કે દુઃખનું કારણ ઈચ્છા છે. આથી જો દુઃખી દુઃખથી મુક્ત થવા માગતો હોય તો તેણે ઈચ્છાનો ત્યાગ કરવો જોઈએ. ઈચ્છાનો ત્યાગ કરવામાં માનવ માત્ર સ્વાધીન છે.

## ૩૪. આસક્તિ રહિત થઈને કાર્ય કરવાનું તાત્પર્ય શું છે ?

જે કાર્ય કરવામાં પોતાનું સુખ સમાયેલું ન હોય, તે કાર્ય સર્વહિતકારી દૃષ્ટિથી કરવામાં આવે છે. તે આસક્તિ-રહિત કાર્ય કહેવાય.

## ૩૫. આપણે બીજાના દોષ શા માટે જોઈએ છીએ ?

કારણ કે આપણે પોતાના દોષોને જોતા નથી.

## ૩૬. પૂજાનો અર્થ શું છે ?

સંસારને ભગવાનનો માનીને તેની પ્રસન્નતા માટે સંસારથી મળેલી વસ્તુઓને સંસારની સેવામાં લગાડી દેવી એ જ પૂજા છે.

## ૩૭. સ્તુતિ, ઉપાસના તથા પ્રાર્થનાનો અર્થ શું છે ?

પ્રભુના અસ્તિત્વ અને મહત્ત્વનો સ્વીકાર કરવો એ જ સ્તુતિ છે. પ્રભુ સાથે પોતાપણાનો સંબંધ સ્વીકાર કરવો એ ઉપાસના છે અને પ્રભુપ્રેમની આવશ્યકતાનો અનુભવ કરવો એ પ્રાર્થના છે.

## ૩૮. ભગવત્ પ્રાપ્તિ આડે શું વિઘ્ન છે ?

સંસારને પસંદ કરવો એ જ મોટામાં મોટું વિઘ્ન છે.

## ૩૯. દુઃખ કેમ આવે છે ?

સુખ ભોગથી જ દુઃખરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે. એવું કોઈ જ દુઃખ નથી કે, જેનો જન્મ સુખ ભોગથી ન થયો હોય.

## ૪૦. સુખ અને દુઃખનું પરિણામ શું છે ?

જે સુખ કોઈનું દુઃખ બનીને આવે છે તે સુખ, સુખ મટી જઈને વહેલા મોડું બહુ મોટું દુઃખ બની જાય છે. અને જે દુઃખ કોઈનું સુખ બનીને આવે છે તે દુઃખ, દુઃખ મટીને અંતે આનંદ પ્રદાન કરે છે. પ્રાણી સુખથી બંધાય છે અને દુઃખથી છુટે છે. સુખથી દુઃખ અને દુઃખથી આનંદ મળે છે.

## ૪૧. ત્યાગ શું છે ?

સંસારની અનુકૂળતા અને પ્રતિકૂળતા પર વિશ્વાસનો અત્યંત અભાવ હોવો એ જ સાચો ત્યાગ છે.

કારણ કે અનુકૂળતાથી રાગ અને પ્રતિકૂળતાથી દ્વેષનો જન્મ થાય છે. રાગ-દ્વેષ ન રહે એ જ ખરો ત્યાગ ગણાય. જેવી રીતે કન્યા પિતાને ઘરે પુત્રી, સાસરિયે વહુ અને પુત્રવતી થવાથી માતા કહેવાય છે. તે જ પ્રકારે ત્યાગ એ જ પ્રેમ અને પ્રેમ એ જ જ્ઞાન કહેવાય છે. ત્યાગ થવાથી આસ્તિકતા આવે છે, ત્યારે ત્યાગ પ્રેમમાં બદલાય જાય છે, અને આસ્તિકતાનો યથાર્થ અનુભવ થવાથી પ્રેમ જ જ્ઞાનમાં બદલાઈ જાય છે.

## ૪૨. કર્મથી સ્થાયી પ્રસન્નતા કેમ મળતી નથી ?

કર્મ, શરીર અને સંસાર આ ત્રણેયનું સ્વરૂપ એક જ છે. તેમની કોઈ સ્વતંત્ર સત્તા નથી. જેની સ્વતંત્ર સત્તા નથી તેનાથી સ્વતંત્રતા મળી શકે નહીં. સ્વતંત્રતા વગર પ્રસન્નતા કેવી ! આથી કર્મ વગેરેથી પ્રસન્નતા મળી શકે નહીં.

## ૪૩. કર્મ કેવી રીતે કરવું જોઈએ ?

કર્મ વિશ્વ-પ્રેમના ભાવથી કરવું જોઈએ. આ પ્રમાણે કરવાથી ભોગોનું યથાર્થ જ્ઞાન થાય છે. ભોગોનું યથાર્થ જ્ઞાન થવાથી ત્યાગ આપો-આપ થાય છે. બાદ કર્મ કરવામાં રુચિ રહેતી નથી. કરવાના રાગની નિવૃત્તિ થાય છે અને યોગની પ્રાપ્તિ થાય છે.

## ૪૪. મનુષ્યને શાંતિ કેમ મળતી નથી ?

કામના-પૂર્તિ માટે કર્મ કરવામાં આવે તો શાંતિ મળતી નથી, જો સાધક ચિત્ત-શુદ્ધિનો પ્રયત્ન કરે, તો શાંતિ આપો-આપ આવે છે.

## ૪૫. ભગવાન આપણને પ્રેમ કરે છે, તે કેવી રીતે જાણી શકાય ?

ભગવાન પર વિશ્વાસ હોય અને તેમની સાથે આપણો સંબંધ હોય, તો જાણી શકાય છે. જેવી રીતે માતા પોતાના બાળકને માટે તલસે છે. તેવી રીતે ભગવાન પોતાના ભક્તને માટે તલસે છે. બાળક ભલે કાળોમેશ, મૂંગો, બહેરો કે લૂલો-લંગડો હોય, છતાં માતા તેને પ્રેમ કરે છે. બાળક પણ આ વાત સમજે છે. ભગવાનમાં તો માતાથી પણ અનેકગણું વાત્સલ્ય છે તો પછી તે ભક્તને પ્રેમ કરે, તેમાં કહેવાનું શું હોય ? આથી જે કોઈ એકમાત્ર ભગવાનને જ માને છે તેને ભગવાનનો પ્રેમ મળે છે. એમાં સંદેહ નથી. આ ભક્તોનો અનુભવ છે. ઈશ્વર તો પ્રેમીભક્તોને શોધે જ છે. વિચારવાન સાધક ઈશ્વરની શોધ કરે છે.

## ૪૬. પોતાના દોષોને કેવી રીતે જોવા અને તેને કેવી રીતે ત્યજવા ?

ગુણ અને દોષોને જોવાની શક્તિ દરેક મનુષ્યમાં મોજુદ છે. જે યોગ્યતાથી આપણે બીજાના દોષોને જોઈએ છીએ, તે જ યોગ્યતાથી પોતાનાં દોષોને જોવા. પોતાના દોષોને બરોબર જોવાથી ઊંડું દુઃખ થાય છે. અને ઊંડું દુઃખ થવાથી દોષ દૂર થઈ જાય છે. બીજાનાં દોષો અને પોતાના ગુણો જોવાથી મનુષ્યનો વિકાસ રુંધાઈ જાય છે અને અભિમાનની પુષ્ટિ થાય છે.

## ૪૭. માંગ કેવી રીતે પૂરી થઈ શકે ?

કામનાને લીધે, લાલાસાને લીધે તથા જીજ્ઞાસાને લીધે એમ ત્રણ પ્રકારે માંગ થાય છે. ભોગોની કામના, સત્યની જીજ્ઞાસા અને પ્રભુ

પ્રેમની લાલસા હોય છે. જાણવાની ઈચ્છાને જીજ્ઞાસા કહે છે. પ્રભુને પામવાની ઈચ્છાને લાલસા કહે છે અને ભોગોની ઈચ્છાને કામના કહે છે. જેમાં ભોગની કામના, સત્યની જીજ્ઞાસા અને પરમાત્માની લાલસા, આ ત્રણેય વાત હોય તેને 'હું' કહે છે. કામના ભૂલથી ઉત્પન્ન થાય છે. તેની નિવૃત્તિ થઈ શકે છે. જીજ્ઞાસાની પૂર્તિ થાય છે. બાદ પ્રભુની પ્રાપ્તિ થાય છે. આથી કામનાની નિવૃત્તિ, જીજ્ઞાસાની પૂર્તિ અને પરમાત્માની પ્રાપ્તિ મનુષ્યને થઈ શકે છે.

## ૪૮. દુઃખથી નિવૃત્તિ કેવી રીતે થાય ?

વાસનાઓની નિવૃત્તિ થવાથી દુઃખોની નિવૃત્તિ થાય છે. જ્યારે સાધક વિવેકપૂર્વક એ સમજી લે છે કે, 'હું શરીર નથી' ત્યારે વાસનાઓ અને સંકલ્પોનો અભાવ થાય છે. આમ થવાથી દુઃખ મટી જાય છે. ઈન્દ્રિયો અને મન ક્રિયારહિત થવાથી વાસનાઓનો અંત આપો આપ થાય છે.

## ૪૯. મારે શું કરવું જોઇએ ?

જો કર્યા વગર રહી શકતા હો તો કંઈ પણ ન કરવું જોઈએ. કર્યા વગર ન રહી શકો તો બધું કરવું જોઈએ. ભોગ ભોગવ્યા બાદ શોકની પ્રાપ્તિ નિશ્ચિત છે. દરેક કર્મના બે ફળ હોય છે. એક દશ્ય જે પોતાની મેળે મટી જાય છે અને બીજું અદશ્ય જે ફળની કામના ન રહે ત્યારે મટી જાય છે. આથી જે કાંઈ કરો, ઈચ્છા રહિત, ચિંતન રહિત અને ફળની આશા રાખ્યા વગર કરો. જે સાધનાથી પ્રભુ સાથે સંબંધ જોડાય તે જ કરવું જોઈએ. આથી કરવું હોય તો સેવા કરો અથવા ત્યાગ કરો.

## ૫૦. ક્યારેક તો એવું પ્રતીત થાય છે કે હૃદયમાં પ્રેમ છે અને ક્યારેક એવું જણાય છે કે હૃદય સૂનું છે પ્રેમ નથી, આ શું છે ?

આશ્ચર્યની વાત તો એ છે કે મનુષ્ય સંસાર પર જેટલો ભરોસો કરે છે, એટલો ભગવાન પર કરતો નથી. સંસાર પર ભરોસાએ ઘણી વખત દગો દીધો છે, ભગવાન પર ભરોસો રાખવાવાળાને ક્યારેય દગો થયો નથી. મનુષ્ય ભગવાનથી અલગ રહીને પોતાના મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને ભગવાનમાં લગાડવા ઇચ્છે છે. ભૂલ અહીં થાય છે. પ્રેમનો સંબંધ સ્વયં સાધક સાથે છે. સાધકનાં મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો સાથે નહીં.

પરમ પ્રિયતમ પ્રભુને જ પોતાનાં માને, તેના પર વિશ્વાસ કરે, અને તેની સાથે પ્રેમ કરે. મનુષ્ય અનિત્ય વસ્તુઓથી સુખની આશા રાખીને તેમાં આસક્ત થઈ ગયો છે. આથી જ તે ઈશ્વર-પ્રેમથી વિમુખ થઈ ગયો છે.

## ૫૧. વિવેક અને બુદ્ધિમાં શું અંતર છે ?

વિવેક પ્રકાશ છે, બુદ્ધિ દૃષ્ટિ છે જેવી રીતે દૃષ્ટિ પ્રકાશમાં કામ કરે છે તેવી રીતે બુદ્ધિ વિવેકના પ્રકાશમાં કામ કરે છે. વિવેકનો આદર કરવાથી બુદ્ધિ વિવેકવાળી બને છે. વિવેકવાળી બુદ્ધિનો ખૂબ મહિમા છે.

## ૫૨. જીજ્ઞાસા તીવ્ર કેમ થતી નથી ?

સંદેહની વેદના નિર્જીવ છે. એટલે...

**૫૩. મમતાનો નાશ થાય– એ કેવી રીતે સમજી શકાય ?**

પેટ ભરાઈ ગયા બાદ તમો પીરસવાવાળાને પૂછો છો કે મારું પેટ ભરાઈ ગયું કે નહીં ? મમતાનો ત્યાગ થતાં જ તમોને આપો-આપ જણાઈ જશે.

**૫૪. માનવ–સેવા–સંઘના દર્શનમાં સેવા, ત્યાગ અને પ્રેમની વાત કહેવામાં આવે છે, તેમાંથી કોઈ એકને લઈએ તો ચાલે ?**

દરેક માણસને ઈશ્વર વિધાનથી ત્રણ શક્તિઓ મળેલી છે.

(૧) કરવાની શક્તિ (કર્તવ્ય પથ)
(૨) જાણવાની શક્તિ (જ્ઞાન પથ)
(૩) માનવાની શક્તિ (વિશ્વાસ પથ)

આ ત્રણેય શક્તિઓમાંથી કોઈ એક શક્તિની પ્રધાનતા હોય છે, આથી સાધકમાં જે શક્તિની પ્રધાનતા હોય તેને લઈને ચાલવું જોઈએ. બાકીની બે શક્તિઓનો વિકાસ અને સદ્ઉપયોગ આપ મેળે થશે. સાધક ઈચ્છે તો ત્રણેયને સાથે સાથે લઈને પણ ચાલી શકે.

**૫૫. મમતા અને કામના જીવનમાં રાખવી ન જોઈએ, એવું જાણવા છતાં અમારા પર કોઈ દુઃખ આવે છે તો દુઃખી થઈને વિચલિત થઈ જઈએ છીએ, આનાથી છુટકારો મેળવવાનો ઉપાય શું છે ?**

જે વસ્તુઓ અને વ્યક્તિઓથી સુખ ભોગવવાની આશા કરીએ છીએ તેના વિયોગથી અવશ્ય દુઃખી થવું પડશે. આથી જો આપણે ઈચ્છીએ કે દુઃખથી છુટકારો મળે તો વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને

અવસ્થાથી આપણે સુખ ભોગવવા અથવા સુખની આશા રાખવાનું છોડી દેવું જોઇએ, તો જીવનમાંથી દુઃખ અવશ્ય દૂર થશે.

**૫૬. બેઈમાન દુનિયામાં ઈમાનદાર આદમી કેવી રીતે જીવે?**

બેઈમાનીનું કારણ લોભ છે. નિર્લોભતામાં દરિદ્રતાનો નાશ થાય છે.

**૫૭. મહારાજજી! સત્યની પ્રાપ્તિમાં કેટલો સમય લાગે છે ?**

જેની જેટલી તીવ્ર જીજ્ઞાસા હોય છે તેને એટલો ઓછો સમય લાગે છે. જો તમે સત્ય વગર ચેનથી ન રહી શકો તો તે જ સમયે સત્ય મળી જશે.

**૫૮. સ્વામીજી અગર ઘરની પ્રતિકૂળતાને કારણે સાધના ન થઈ શકે, તો શું સાધકે ઘર છોડી દેવું જોઇએ?**

સાચો માનવ-સેવા-સંઘી ક્યારેય ઘર છોડતો નથી. પરંતુ મમતા, કામના અને પોતાનો અધિકાર છોડે છે.

**૫૯. મહારાજજી! શું હું ઘરબાર છોડીને આશ્રમમાં રહી શકું ખરો?**

માનવ સેવા સંઘ કોઈનું ઘર બરબાદ કરીને આશ્રમ આબાદ કરવા ઈચ્છતો નથી; પરંતુ જો તમારો પરિવાર તમારા પર નિર્ભર ન હોય અને ઘરમાં આપ સુખ-દુઃખનો સદુપયોગ ન કરી શકો તો, અહીં આવી શકો છો.

**૬૦. મહારાજજી! ધનનો અભાવ કેમ સતાવે છે?**

તમે ધનને અધિક મહત્ત્વ આપો છો એટલે.

**૬૧. મહારાજજી! જ્યારે હું ધ્યાન કરવા બેસું છું તો ક્યારેક ખૂબ શાંતિ રહે છે. અને ક્યારેક એવું લાગે છે કે ક્રિયાશક્તિનો વેગ હજી બાકી છે.**

કરવાનો રાગ હજુ નિવૃત્ત થયો નથી એટલે.

**૬૨. સ્વામીજી! સાધનમાં સફળતા કેમ મળતી નથી?**

સાધકે પોતાની રુચિ યોગ્યતા અને શક્તિને અનુરૂપ સાધન નિર્માણ કર્યુ નહીં હોય.

**૬૩. સ્વામીજી! ભગવાન છૂપાયેલો કેમ રહે છે?**

ભગવાન પ્રત્યેની આસ્થા, શ્રધ્ધા, વિશ્વાસપૂર્વક આત્મીયતા અને પ્રિયતા જાગૃત થઈ નથી.

**૬૪. સ્વામીજી! મનમાં ખૂબ વિકાર પેદા થતાં રહે છે શું કરું ?**

ઊંડી વેદના હોવી જોઇએ.

**૬૫. સ્વામીજી! હોળી પર્વનું શું મહત્ત્વ છે?**

રાગ-દ્વેષને એ અગ્નિમાં જલાવી દો, દેહાભિમાનને માટીમાં મિલાવી દો અને પ્રેમના રંગમાં રંગાઇ જાવ.

**૬૬. શું વ્યક્તિગત-સંપત્તિ હોવી જોઇએ?**

વ્યક્તિગત-સંપત્તિ અવશ્ય હોવી જોઇએ; પરંતુ તેને પોતાની અને પોતાને માટે માનવી જોઇએ નહીં.

**૬૭. સ્વામીજી! બોધ કોને કહે છે?**

દરેકના મૂળમાં એક અનુત્પન્ન નિત્ય તત્ત્વ છે. તેની સ્વતંત્ર સત્તા છે. તેનું જ્ઞાન થવું એજ બોધ છે.

## ૬૮. સ્વામીજી! સમાજમાં સંઘર્ષનું કારણ શું છે?

બીજાને ક્ષતિ પહોંચાડીને જીવવા માગીએ છીએ. આ જ સમાજમાં સંઘર્ષનું કારણ છે.

## ૬૯. મહારાજજી! મોહને મોટો બળવાન શા માટે કહેવામાં આવે છે?

જુઓ, માયાવી પદાર્થ અને દુન્યવી સુખ બધું નાશવંત છે. તેમાં મમતા કરવી તેમજ તેની કામના કરવી એ મનુષ્યની ભૂલ છે. તેનો વિયોગ તો એક દિવસ થવાનો જ. જો તેમાં મમતા હશે, તો વિયોગ સમયે દુઃખ થવાનું જ. આથી તેને દુઃખરૂપ પણ કહેલ છે. આથી આ નાશવંત અને દુઃખરૂપ પદાર્થો માટે પોતાનો પરલોક બગાડવો ખૂબ મોટી ભૂલ છે. સાચો બુધ્ધિશાળી તો એ છે કે જેણે સુખ-ભોગની આસક્તિનો ત્યાગ કરી ભગવાનમાં આત્મીયતા કેળવી અને એના શરણાગત થઈને પોતાના લોક અને પરલોક સુધારીને પોતાનું કલ્યાણ કરી લીધું. ભોગોની આસક્તિનો ત્યાગ કરીને ભગવાનનું શરણ ગ્રહણ કરો. આ જ કલ્યાણનો શુદ્ધ અને સાચો માર્ગ છે. આમાં જ માનવ જીવનની સફળતા અને સાર્થકતા છે.

## ૭૦. એવું જણાય છે કે સંસાર છે અને આગળ પણ રહેશે. શું આ સત્ય છે?

તમે માનો છો કે સંસાર છે તે જ ખોટું છે. જે દેખાય રહ્યું છે તેની સ્થિતિ નથી તો પછી તેને શા માટે માનો છો ?

## ૭૧. શું માર ખાવો એ પણ ઉદારતા છે?

કમજોર હંમેશા માર ખાતો રહે છે. ઉદારતા આત્મીય સંબંધ થકી હોય

છે. ઉદારતા એટલે વિશ્વ-જીવન સાથે એકતા. બળવાન બનો, કરુણાવાન થાવ.

**૭૨. ચિત્રમાં હનુમાનજીના હૃદયમાં રામજીનો ફોટો બનાવેલો હોય છે. આ શું સાચું છે ?**

અરે ! ચિત્રમાં નહીં પણ ભાવમાં રામજીની છબી છે.

**'દિલકા હુજરા સાફ કર, આને વાલે કે લિયે,**

**ખ્યાલ ગૈરો કા ઉઠા, ઉસકે બૈઠાને કે લિયે.'**

પહેલા હૃદયની સફાઈ કરવાની છે.

**૭૩. પ્રાણ શું છે ?**

જેનાથી શરીર કામ કરે, તેને પ્રાણ કહે છે. પ્રાણ જીવન શક્તિ છે.

**૭૪. સ્વામીજી! સાધના કરવા માટે સ્વસ્થ શરીરની પણ જરૂરત છે ખરી ?**

સાધના માટે વાસ્તવમાં સ્વસ્થ શરીરની જરૂરત નથી. શરીરનું સ્વસ્થ અથવા રોગી હોવું એ તો એક પરિસ્થિતિ છે. પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય પરિસ્થિતિ તો સાધના માટેની સામગ્રી માત્ર છે. શરીર ભલે સ્વસ્થ રહે કે રોગી, સાધકે તેને કંઈ મહત્ત્વ ન આપવું છતાં પણ શરીર સ્વસ્થ રહે તો સારી વાત છે. સાધનાનું નિર્માણ તો સત્સંગથી થાય છે. સંત્સંગ સ્વધર્મ છે, શરીર ધર્મ નથી. સ્વધર્મમાં તો પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરવાનો હોય છે.

**૭૫. પ્રત્યક્ષ જગતની જેમ ભગવત્ સત્તા પર કેવી રીતે વિશ્વાસ થાય ? તેનો કોઈ સુગમ ઉપાય બતાવવાની કૃપા કરો.**

ઈન્દ્રિય-જ્ઞાનને સત્ય માનવું અને વિષયોમાં વાસના હોવી તથા શરીરમાં અહં બુધ્ધિ હોવી. આ ત્રણેય કારણોથી જગતની સત્તા પર પ્રત્યક્ષ પ્રતિત થાય છે. આ ત્રણેય કારણોનો નાશ થવાથી ભગવત્ સત્તા પર વિશ્વાસ બેસે છે.

## ૭૬. સાધના કરતાં કરતાં જમાનો વીતી ગયો છતાંય આજ સુધી સફળતાનાં દર્શન થયા નથી, શું કારણ હશે?

જે મનુષ્ય અસાધન રાખીને સાધના કરે તેને ગમે તેટલા વર્ષ સાધના કરે છતાં પણ વર્તમાનમાં સિદ્ધિ મળતી નથી.

જે મનુષ્ય વસ્તુઓ અને વ્યકિતનો આશ્રય લઈને સાધના કરવા ઈચ્છે છે તેને પણ સફળતા મળતી નથી. આથી ભગવાનનો આશ્રય લઈને સાધના કરો તો સફળતા અવશ્ય મળશે.

જે સાધક દેશ, કાળ, પરિસ્થિતિ, વસ્તુ અને વ્યક્તિનો આશ્રય છોડીને સાધના કરે છે, તેને શિધ્રતાથી સફળતા મળે છે. 'સ્વ'માં સંતુષ્ટ રહો, માનવતાને મહત્ત્વ આપો અને પ્રભુ પર વિશ્વાસ રાખો. આ સાધન છે, અને આનું નામ જીવન છે. જેનાં જીવનમાં આ વાત આવી  જાય છે તેને સફળતા અવશ્ય મળે છે.

## ૭૭. સ્વામીજી! વૈરાગ્યનું કેવું સ્વરૂપ છે? અને તે કેવી રીતે આવે છે?

જુઓ, મનુષ્યને જ્યારે વૈરાગ્ય આવે છે ત્યારે સત્યની ખોજ ઉપરાંત બીજી કોઈ વાત તેને દેખાતી નથી. તે સર્વ કાંઈ ત્યાગીને તત્પરતાથી સત્યની ખોજમાં લાગી જાય છે. તે કોઈની કંઈ પણ પરવા કરતો નથી. તે પોતાના શારીરિક સુખોનો ત્યાગ કરી દે છે.

જ્યાં સુધી સત્યની પ્રાપ્તિ થતી નથી, ત્યાં સુધી કોઈપણ હાલતમાં તે ચેનપૂર્વક રહી શકતો નથી. જ્યારે મનુષ્ય સંસારથી પોતાનો સંબંધ તોડી નાખે છે, તેનાથી પ્રાપ્ત થતા સુખોને ઠુકરાવે છે તથા સર્વનો ત્યાગ કરીને સત્યની ખોજને માટે નીકળી પડે છે, ત્યારે સંસાર પ્રતિ તેનું કંઈપણ કર્તવ્ય શેષ રહેતું નથી.

હવે પ્રશ્ન એ છે કે, વૈરાગ્યની પ્રાપ્તિ કેવી રીતે થાય? જ્યાં સુધી જીવનમાં રાગ છે ત્યાં સુધી વૈરાગ્યની પ્રાપ્તિ થઈ શકતી નથી. પોતાના વિવેકનો આદર કરવો એ વૈરાગ્ય પ્રાપ્તિનું અચુક સાધન છે.

## ૭૮. શિવલિંગની પૂજા શા માટે કરવામાં આવે છે?

લિંગની નહીં, શિવની પૂજા કરવામાં આવે છે. જેની સ્વયંની કોઈ આકૃતિ હોતી નથી, તેમાં પ્રતિકની સ્થાપના કરવામાં આવે છે. 'હું' પણ એક લિંગ જ છે પોતાનામાં જ નિરાકારની સ્થાપના કરી લો. મનુષ્ય ત્રણ ગુણોથી બનેલ છે. કોઈ સત્ત્વ-પ્રધાન છે, કોઈ રજો-પ્રધાન તો કોઈ તમો-પ્રધાન છે. ભગવાન રામમાં રાજવી સ્વભાવ છે. શ્રી કૃષ્ણમાં અનંત સૌંદર્ય-માધુર્ય છે. શ્રી શિવજી વૈરાગ્ય-પ્રધાન છે, આશુતોષ છે, વિચારક છે અને ગુણાતીત છે.

## ૭૯. 'સ્વધર્મ'નો અર્થ શું છે?

'સ્વધર્મ' સર્વ શ્રેષ્ઠ છે. સ્વધર્મના પાલનથી વ્યક્તિ સાધન-નિષ્ઠ થાય છે. જ્ઞાનપૂર્વક અનુભવ કરો કે સૃષ્ટિમાં મારું કંઈ નથી. સૃષ્ટિથી સંબંધ તોડવાની પ્રેરણા અને પરમાત્માથી સંબંધ જોડવાની પ્રેરણા સ્વધર્મ આપે છે. સ્વધર્મનો મતલબ છે 'સ્વ'નો ધર્મ. શ્રી કૃષ્ણએ અર્જુનને કહ્યું હતું કે સર્વ ધર્મોને છોડીને મારા શરણમાં આવી જા.

## ૮૦. આજકાલ માનવ, ધર્મ પ્રમાણે કેમ નથી ચાલતો ?

ભોગમાં રુચિ રાખે છે, યોગમાં નહીં એટલે.

## ૮૧. આત્મા એટલે શું ?

પોતાને જે અનુભવે તે આત્મા, આત્મામાં જે બિરાજે તે પરમાત્મા. જે દેખાય તે અનાત્મા! જે માની શકાય તે પરમાત્મા તેથી જે અનાત્મા નથી તે આત્મા.

## ૮૨. નિશ્ચિંતતા કેવી રીતે આવે ?

(૧) સર્વ પરમાત્માને સોંપવાથી

(૨) સર્વ પ્રત્યે સદ્ભાવ રાખવાથી

(૩) અકિંચન, અચાહ, અપ્રયત્ન થઈને પોતાના પ્રિયતમને પોતાનામાં સ્વીકાર કરવાથી નિશ્ચિંતતા આવી જશે.

## ૮૩. જીવનની પૂર્ણતા વિશે તમારો શો અભિપ્રાય છે ?

જ્ઞાનના પ્રકાશ વડે સ્વાધીન અને અમર બનાય છે. પ્રેમના રસથી નિરસતાનો અભાવ થઈ જાય છે. જ્ઞાનના પ્રકાશ અને પ્રેમના રસથી જીવન પૂર્ણ બને છે.

## ૮૪. વિશ્વાસ કેવો હોવો જોઈએ અને તે કેવી રીતે થાય ?

આપણે સાધારણ રીતે એ સાંભળેલું છે કે ઝેર ખાવાથી માનવ મૃત્યુ પામે છે. આટલી જ વાત પર દૃઢ વિશ્વાસ થઈ ગયો કે કોઈપણ સ્થિતિમાં ઝેર ન ખાવું જોઈએ. કોઈ અત્યંત લોભી હોય, દરિદ્ર હોય, ઠેકઠેકાણે ભટકતો ફરતો હોય તેને પણ કહેવામાં આવે કે તને પુષ્કળ ધન આપીશું, જો તું તોલાભાર ઝેર ખાઈ લે, તો પણ તે

મનુષ્ય ઝેર ખાવાનું સ્વીકારશે નહીં. કારણ સ્પષ્ટ છે કે તેને વિશ્વાસ છે કે વિષપાનથી મનુષ્યનું મૃત્યુ થાય છે.

વિષયોને માટે સર્વ શાસ્ત્ર અને સંત કહે છે કે આ મહાન ઝેર છે. તેનું સેવન કરવાથી મનુષ્ય વારંવાર જન્મ મરણ પામે છે. ઝેરને ખાવાથી તો એક જ વાર મૃત્યુ થાય છે. પરંતુ વિષયોને ભોગવવાવાળાને તો અનેક વખત મરવું પડે છે. ઝેર ખાઈને મુનષ્ય બચી પણ જાય, પરંતુ ભોગીને તો લખચોરાસીમાં જવુ જ પડે છે. આ વાતને આપણે ગ્રંથમાં વાંચેલ છે. સંતો દ્વારા વારંવાર સાંભળેલ છે અને આંખોથી જોયેલ પણ છે કે ઝેરથી મનુષ્યની શું દુર્દશા થાય છે. છતાં પણ મન ભોગોથી હટતું નથી. તો બતાવો, આનાથી વધીને મૂર્ખતા શું હોઈ શકે?

ભગવાનનું સ્મરણ કરવાથી જીવનું કલ્યાણ થાય છે. આ વાત પણ આપણે સારી રીતે જાણીએ છીએ, છતાં પણ મન ભગવાનમાં લાગતું નથી. આનાથી વધીને બીજી કોઈ નાસ્તિકતા હોઈ શકે ખરી? આશ્ચર્ય તો એ વાતનું છે કે આપણે મહામૂર્ખ અને નાસ્તિક હોવા છતાં સ્વયંને આસ્તિક અને બુદ્ધિમાન માનીએ છીએ.

## ૮૫. મહારાજજી! ઈચ્છાઓ કેવી રીતે નાશ પામે?

તમારી ઈચ્છા પોતાના સુખ માટે ન ઊઠે, પણ પર પીડાને લઈને ઊઠે, ‘હે ભગવાન! તમોએ મને આંખો આપી છે, હું આંધળાના કામમાં આવું, હે ભગવાન! તમોએ મને ધન આપેલ છે, તો હું નિર્ધનના કામમાં આવું, હે ભગવાન! તમોએ મને બળ આપેલ છે તો હું નિર્બળના કામમાં આવું’’ તમે ઈચ્છાઓની દિશા બદલાવી નાખો તો, ઈચ્છાઓ મટી જશે. પરંતુ દુઃખની વાત તો એ છે કે

તમોને જે કંઇ મળે છે તેમાંથી તમો સુખ લેવા ઈચ્છો છો. તમો સમાજ અને પરિવારને કંઇ દેવા નથી માગતા, પરંતુ તેનાથી સુખની અપેક્ષા રાખો છો.

ઈચ્છા એવી ઊઠવી જોઈએ કે હું બીજાના કામમાં આવું જ્યારે તમારી આ માંગ સબળ બનશે ત્યારે ઈચ્છાઓ મટી જશે, ભગવાને તમોને એટલા સુંદર બનાવ્યા છે કે જો તમો ઈચ્છો તો સમગ્ર સંસારના કામમાં આવી શકો.

તમે કહેશો કેવી રીતે કામ આવી શકીએ? માનવ-સેવા-સંઘ કહે છે, મન, વાણી અને કર્મથી બૂરાઇ રહિત બનો તો સંસારના કામમાં આવી શકશો. ભલાઈ કરો કે ન કરો, પરંતુ બૂરાઇ તો ન જ કરો.

જો પોતાની જાતે પૂર્વપ્રયાસ કરવા છતાં પણ સુખ ભોગ અને આકર્ષણ છોડવામાં પોતે અસમર્થ જણાય તો સરળ વિશ્વાસપૂર્વક દુઃખી હૃદયથી સર્વ સમર્થ પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. આથી દુઃખ અવશ્ય મટી જશે.

## ૮૬. મૂક સત્સંગ એટલે શું?

મૂક સત્સંગ એટલે જાગૃત સુષુપ્તિ મૂક થઈને ચિંતન અચિંતનથી અસહયોગ કરવાનો છે. અસહયોગ કરવો એટલે દ્વેષ કરવો એવું નથી; પરંતુ તેની સત્તાનો અસ્વીકાર કરવાનો છે. આ શરીર ધર્મ નહીં પરંતુ સ્વધર્મ છે. અસહયોગ કરવાથી ચિંતન અચિંતન સર્વથા મટી જશે અને પછી અનિચ્છા, અસંગતા અને પ્રભુથી સંબંધ જોડવાની સમર્થતા આવી જશે. કરવાની, મેળવવાની અને જીવવાની આશાનો ત્યાગ કરી શાંત હોવું એ જ મૂક સત્સંગ છે.

## ૮૭. માનવનો પુરૂષાર્થ શું છે?

સત્‌ના સંગને સુરક્ષિત રાખવો. દરેક કાર્યના આદિ અને અંતમાં સ્વભાવગત જ સત્યનો સંગ હોય છે. આ સંગને આપણે પસંદ કરીએ અને સુરક્ષિત રાખીએ. આજ માનવનો પુરુષાર્થ છે, જેને કરવામાં માનવ માત્ર સ્વાધીન છે.

## ૮૮. માનવનો સૌથી ખરાબમાં ખરાબ સમય કયો છે?

(૧) તે જીવવા ઈચ્છે પણ મરવું પડે

(૨) તે ખાવા ઈચ્છે, પણ ખાવાની શક્તિ ન રહે

(૩) તે બોલવા ઈચ્છે, પણ બોલી ન શકે

(૪) તે સાંભળવા ઈચ્છે, પણ સાંભળી ન શકે

(૫) તે સત્સંગથી વિમુખ રહે

## ૮૯. સર્વ શાસ્ત્ર અને ઉપદેશોનો સાર સમજાવવાની કૃપા કરો.

સર્વ શાસ્ત્ર અને ઉપદેશોનો સાર છે-ભગવાનનું ભજન, અને ભજન થાય છે જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ આવવાથી જો મનુષ્યના જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ આવી જાય તો સમજી લો કે તેણે બધા શાસ્ત્રોનો સાર સમજી લીધો. અગર મુનષ્યના જીવનમાં સેવા, ત્યાગ અને પ્રેમ ન હોય તો તેણે બધું જાણીને પણ કંઈ જાણ્યું નથી. કારણ કે, સેવા, ત્યાગ અને પ્રેમ આવે તે સારું ભજન છે.

જુઓ, જપ, તપ, કથા, કિર્તન વગેરે જે મુક્તિ પ્રાપ્તિના સાધન બતાવેલ છે. ભોગી મનુષ્યો માટે આ બધા આજીવિકાના જ સાધન બની જાય છે. કોઈ મનુષ્ય ખૂબ જપ તપ કરીને આકાશમાં ઊડવાની

શક્તિ પ્રાપ્ત કરી લે, પાણી પર ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી લે. મરેલાને જીવિત અને જીવતાને શાપ આપીને ભસ્મ કરવાની શક્તિ પ્રાપ્ત કરી લે. પરંતુ નિર્દોષ, નિષ્પક્ષ, અસંગ અને શરણાગત થયા વગર મનુષ્યનું કલ્યાણ થઈ શકતું નથી. આની પ્રગતિમાં કોઈ બાહ્ય સામગ્રીની આવશ્યકતા નથી.

## ૯૦. ધ્યાન કેવી રીતે થઇ શકે?

ધ્યેયના જ્ઞાન વગર કોઈપણ પ્રકારનું ધ્યાન થઇ શકે નહીં. કારણકે જેનું જ્ઞાન ન હોય તેનું ધ્યાન ન થઇ શકે. જ્ઞાનથી સંસારના બંધન ત તૂટી જાય છે અને ધ્યાનથી આનંદની અનુભૂતિ થાય છે. આ પ્રકારે જ્ઞાન હોવાથી ધ્યાન આપમેળે થઇ જાય છે.

## ૯૧. ત્યાગ અને કર્મ શું છે?

ત્યાગ સંસારના ઉદ્‌ગમ તરફ લઈ જાય છે અને કર્મ સંસારના વહેણ સાથે નીચે તરફ લઈ જાય છે. જેવી રીતે નદીના ઉદ્‌ગમ તરફ ચાલવાવાળો નદીના મૂળને જાણી લે છે, એવી રીતે ત્યાગ કરવાવાળો સંસારના કારણને જાણી લે છે. જેવી રીતે નદીના વહેણો તરફ જવાવાળો મહાસાગરમાં ડૂબીને વારંવાર તે પાણીમાં ચક્કર લગાવે છે તે પ્રકારે કર્મ કરવાવાળો ઘોર સંસારમાં ચક્કર લગાવે છે; પરંતુ સંસારના કારણને જાણી શકતો નથી.

## ૯૨. રાગ મટવાથી વૈરાગ્ય કેવી રીતે મટી શકે છે?

વૈરાગ્ય અગ્નિ સમાન છે. બળતણનો અભાવ થવાથી જેમ અગ્નિ શાંત થઇ જાય છે. તે જ પ્રકારે રાગનો અભાવ થવાથી વૈરાગ્ય અનુરાગમાં બદલાઇ જાય છે.

## ૯૩. રાગ શા માટે થાય છે?

સુખથી રાગનો જન્મ થાય છે. જો વિષયોમાં સુખ ન જણાય તો રાગ ન થઈ શકે. પોતાને શરીર સમજવાથી ઈન્દ્રિય-જ્ઞાન સત્ય લાગે છે, અને ઈન્દ્રિય-જ્ઞાન સત્ય લાગવાથી અવિચાર જન્મે છે અને અવિચારથી વિષયોમાં સુખ-ભાવ થતો જણાય છે. વિષયોમાં સુખ-ભાવ માલુમ પડવાથી રાગ જન્મે છે.

## ૯૪. રાગ-દ્વેષ શું છે?

દોષ જણાય છતાં પણ ત્યાગ ન કરવો એ રાગ છે. ગુણ જણાય છતાં પણ ગ્રહણ ન કરવા એ દ્વેષ છે. રાગ ત્યાગ નથી થવા દેતો અને દ્વેષ પ્રેમ નથી થવા દેતો. ત્યાગ અને પ્રેમથી રાગ-દ્વેષથી થાય છે અને બધી સારપ ત્યાગ અને પ્રેમથી થાય છે.

## ૯૫. શ્રમ અને વિશ્રામ શું છે?

શ્રમ અને વિશ્રામ જીવનના બે પાસાં છે. શ્રમ છે સંસાર માટે, અને વિશ્રામ છે પોતાના માટે. બીજાના હિત માટે શ્રમ કરો અને પોતાના માટે વિશ્રામ કરો. વિશ્રામમાં અમર જીવન છે, સરસ જીવન છે. સ્વાધીન જીવન છે. ભોગ યોનિઓમાં શ્રમ ઉપરાંત વિશ્રામ છે જ નહીં; પરંતુ મનુષ્ય યોનિમાં સેવા તેમજ યોગ છે. વિશ્રામનો અર્થ છે કામ રહિત હોવું વિશ્રામ સહજ અને સ્વાભાવિક છે સાચું કામ કરવાથી મનુષ્ય કામરહિત થાય છે.

## ૯૬. સંકલ્પ વિકલ્પ શું છે?

સંકલ્પ તો ભોગવેલી ઈચ્છાઓનો પ્રભાવ છે. પહેલાં જે ભોગવી લીધેલ છે તેના પ્રભાવથી સંકલ્પ ઊઠે છે. એક સંકલ્પ પૂરો થયો અને

તેના સુખનો ભોગ કર્યો તો તેના પ્રભાવથી બીજો સંકલ્પ ઊઠશે. સંકલ્પ-પૂર્તિનું સુખ નવા સંકલ્પને જન્મ આપે છે.

સંકલ્પ-અપૂર્તિથી જ્યારે દુઃખ થાય છે તો વિકલ્પ ઊઠે છે, પણ જો સંકલ્પ-પૂર્તિનું સુખ ન ભોગવો, અપૂર્તિથી દુઃખી ન બનો તો સંકલ્પ વિકલ્પ બંધ થઈ જશે. સંકલ્પ વિકલ્પ તો આપણાં કર્યાનું ફળ છે.

ભોજન બાદ કંઈ પણ કર્યા વગર આપમેળે પાચન થાય છે તે પ્રાકૃતિક શક્તિથી થાય છે. એક તો એવું છે જે આપમેળે થાય છે અને બીજું જે આપણાં કરવાથી થાય છે. તે આપણાં અભિમાન દ્વારા થાય છે. જે આપમેળે થાય છે તે કર્મ નથી.

સંસારથી સંબંધ છે સેવા કરવા માટે અને પરમાત્માથી સંબંધ છે. પ્રેમ કરવા માટે. ન તો સંસારથી કંઈ ઈચ્છવું, ન તો પરમાત્મા પાસેથી કંઈ ઈચ્છવું. સંબંધને અનુરૂપ સંસારની સેવા કરો અને પરમાત્માના પ્રેમી બનો. સંસાર પાસેથી કંઈપણ ન ચાહો એટલું જ નહીં પરમાત્મા પાસેથી પણ કંઈ ન માંગો ત્યારે સંકલ્પ ઊઠતાં બંધ થશે.

## ૯૭. ભજન શું છે?

સેવા-ત્યાગ અને પ્રેમ ત્રણેય એકઠાં થાય તો ભજન બની જાય. ભજનમાં સેવા પણ છે ત્યાગ પણ છે, અને પ્રેમ પણ છે. કર્મ કરો સેવા માટે, અનિચ્છિત થઈને ત્યાગ કરો, ભગવાનને પોતાના માનીને પ્રેમી બનો.

જ્યાંસુધી ભગવાનને પોતાના નહીં માનો ત્યાંસુધી ભગવાન પ્યારા લાગશે નહીં. અને જ્યાંસુધી ભગવાન પ્યારા નહીં લાગે, ત્યાંસુધી તેની યાદ આવશે નહીં અને યાદ આવ્યા વગર ભજન થશે નહીં.

પ્રભુનો મહિમા સ્વીકાર કરો તો સ્તુતિ થશે, પ્રભુ સાથે સંબંધ સ્વીકારશો તો ઉપાસના થશે અને પ્રભુ પ્રેમની આવશ્યકતા અનુભવો તો પ્રાર્થના થશે.

## ૯૮. ભજનનું સ્વરૂપ અને વિધિ શું છે? ભજન કેવી રીતે થાય?

ભજનનું વાસ્તવિક સ્વરૂપ છે સેવા-ત્યાગ અને પ્રેમ, ભજન કરવાની વિધિ અને ઉપાય છે-પ્રભુમાં આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ અને આત્મીયતાનું હોવું. આ ચારે બાબત જીવનમાં આવવાથી ભજન આપમેળે થાય છે. એટલે કે પ્રભુ છે, સર્વશ્રેષ્ઠ છે, સુખ અને સૌદર્યના ભંડાર છે અને મારા છે, આ ચારેય વાતો માનવાથી વાસ્તવિક ભજન થાય છે.

પોતાનામાં પ્રીતિ સ્વયં હોય છે અને જેની સાથે પ્રીતિ હોય છે તેની સ્મૃતિ પણ આપમેળે આવે છે. આથી અનાયાસ થતી સ્મૃતિનું હોવું એજ સાચું ભજન છે. જ્યાં સુધી મમતા, કામના, અને આસક્તિનો ત્યાગ કરશો નહીં, ત્યાં સુધી ભજન થશે નહીં. કામના, મમતા અને આસક્તિનો ત્યાગ કર્યા વગર પ્રભુમાં આસ્થા થતી નથી. આ બધાનો ત્યાગ કરવાથી સેવા-ત્યાગ અને પ્રેમની પ્રાપ્તિ થાય છે.

સેવાનો અર્થ છે-પોતાને જે કંઈ મળ્યું છે તે બધું પ્રભુને નાતે બીજાની સેવામાં લગાડી દો અને બધાની સાથે ભલાઈ કરો. સારો વ્યવહાર કરો. એ સેવા જ પ્રભુની પૂજા છે. એટલા માટે સેવાનું નામ ભજન છે. સંસારમાં જે કંઈ છે તે મારું નથી, મારા માટે નથી અને મારે કંઈ જોઈતું નથી-આ ત્યાગ છે. માનવના જીવનમાં ત્યાગ

આવવાથી અસંગતતા આવે છે. એટલાં જ માટે ત્યાગનું નામ ભજન છે.

સેવાથી જગત પ્રસન્ન થાય છે. ત્યાગથી પોતાનામાં પ્રસન્નતા આવે છે. પ્રેમથી પ્રભુ પ્રસન્ન થાય છે. દુરાચારી અને ભોગી મનુષ્ય કઠણ હૃદયના હોય છે, નિર્દયી અને હિંસક હોય છે આથી તે સેવા-ત્યાગ અને પ્રેમના અધિકારી નથી હોતા. એટલા માટે સદાચારી અને સંયમી બનશો ત્યારે સેવા-ત્યાગ અને પ્રેમના અધિકારી થશો અને સાચા માનવ બનશો. આટલું થયે ભજન આપો-આપ થવા લાગશે. સેવા અને ત્યાગ વગર પ્રેમનો પ્રાર્દુભાવ થતો નથી અને પ્રેમ વગર પ્રભુ મળતા નથી.

એટલા માટે સેવા-ત્યાગ અને પ્રેમ પ્રાપ્ત કરો એ જ સાચું ભજન છે.

**૯૯. સ્વામીજી! કોઇ કહે છે ગીતા વાંચો. કોઈ કહે છે રામાયણ વાંચો. કોઈ કહે છે-મંદિર જાવ, જપ કરો, તપ કરો, દાન આપો, યજ્ઞ કરો, સમજમાં આવતું નથી કે શું કરવું? કૃપા કરીને આપ બતાવશો કે શું કરું?**

જે જાણતા હો તે બૂરાઈને છોડી દો અને જે કરતા હો તે બૂરાઈ ફરીથી ન કરો.

**૧૦૦. બૂરાઈ છોડ્યા પછી શું કરું?**

બધા પ્રત્યે સદ્‌ભાવ રાખો અને યથાશક્તિ ક્રિયાત્મક સહયોગ આપો.

**૧૦૧. મહારાજજી! એના પછી શું કરું ?**

સદ્‌ભાવ અને સહયોગના બદલામાં કોઈપણ પાસેથી કાંઈપણ ન ઈચ્છો, ન તો અત્યારે ન તો ક્યારેય.

## ૧૦૨. એના પછી શું કરું ?

પહેલાં આ ત્રણેય કરી લો. ચોથી વાત આપ મેળે માલુમ થશે.

## ૧૦૩. આપ મેળે થશે ?

હા, આપ મેળે જ, અરે! તમે એ શા માટે ઈચ્છો છો કે હું અહીંથી તમારા ઘર સુધી વીજળીના થાંભલા લગાડી દઉં. એટલી મહેનત ન કરાવો યારઃ અને ભાઈ! અમે તમોને ટોર્ચ આપેલ છે એની રોશની જ્યાં સુધી જાય છે ત્યાં સુધી જાઓ. આગળ આપ-મેળે માર્ગ મળી જશે. જો તમે ફક્ત પહેલી વાત કરી લો, અર્થાત્ જાણેલી બૂરાઈને છોડી દો', તો તમને સઘળું મળી જશે. શાંતિ, મુક્તિ, ભક્તિ આનાથી જીવન બૂરાઈ-રહિત થશે તો આપ મેળે સર્વ કામ થશે.

## ૧૦૪. અસત્‌ના સંગથી પણ સુખની પ્રાપ્તિ થઈ શકે ?

હા, ક્ષણિક સુખ પ્રાપ્ત થાય છે, જેમ કે કોઈએ ખોટું બોલ્યું અને ધન મળી ગયું. એ રીતે અસત્ દ્વારા સુખ મળ્યું અને એના પ્રલોભનોમાં ફસાઈ ગયા, તો પછી અસત્‌નો ત્યાગ ક્યારેય થઈ શકતો નથી. અસત્‌નું પરિણામ તો દુઃખ આપનારું જ હોય છે.

જો આપણે તેના ભયંકર પરિણામો પર દૃષ્ટિ રાખીએ તો અસત્‌નો ત્યાગ સુગમતા પૂર્વક કરી શકીશું. જેમ કે આપણે ઝેરનું પરિણામ જાણીએ છીએ, તો ઝેર ભેળવેલી મીઠાઈ ગમે તેટલી સ્વાદિષ્ટ હોય પણ એને આપણે લેતા નથી. એવી રીતે અસત્‌નું પરિણામ જાણી લીધા પછી અસત્‌નો ત્યાગ કરી શકીશું.

## ૧૦૫. લોભ કેવી રીતે દૂર થાય ?

લોભ એકલો જ આવતો નથી. એ મોહ અને ક્રોધની સાથે જ આવે છે. કોઈ દોષ માત્ર એકલો જ આવતો નથી. બધા દોષોનું મૂળ છે -

ભૂલ. પરિણામ છે - જડતા અને પરાધીનતા. આપણા જ્ઞાનનો અનાદર કરવો એ જ મૂળ ભૂલ છે.

## ૧૦૬. મોહ–નિવૃત્તિનો ઉપાય બતાવો.

મોહ–નિવૃત્તિ ઘણાં પ્રકારે થાય છે :

૧) આસ્થાના આધાર પર–કેવળ પ્રભુ મારા પોતાના છે

૨) જ્ઞાનના આધાર પર–આસક્તિ છોડવાથી

૩) સેવાના આધાર પર–એ સેવા કરવી, ચાહ ન કરવી

## ૧૦૭. શારીરિક દુઃખ એ પાપનું પરિણામ છે ? સાંભળેલ છે કે ભગવાનનું નામ લેવાથી પાપનો નાશ થાય છે ?

શારીરિક કષ્ટ પાપોનું ફળ નથી. એ એટલા માટે કે જો પાપનું ફળ હોત તો કોઈ પુણ્યત્મા એવા હોત કે જેને શારીરિક કષ્ટ ન હોત. નામનો મહિમા તો ભક્તિમાં પ્રગાઢતા લાવવા માટે છે, નામ પ્યારું લાગવું જોઈએ.

## ૧૦૮. જીવનમાં ભય શા માટે હોય છે ?

જીવનમાં ત્રણ પ્રકારના ભય હોય છે.

(૧) **વિયોગનો ભય :** આ ભયનું કારણ વ્યક્તિનો મોહ છે. જે વાસ્તવમાં પોતાનું અનુભવે તેને વિયોગનો ભય ન થાય.

(૨) **હાનિનો ભય :** આ ભયનું કારણ વસ્તુની મમતા છે. જે આપણી નથી તેને આપણી માની લીધી છે.

(૩) **અપમાનનો ભય :** આ ભયનું કારણ દેહ અભિમાન છે. આપણે શરીરને ટકાવી રાખવાનું પસંદ કરીએ છીયે, જે સદાય રહેવાનું નથી માટે આપણને દેહથી મોહ થઈ ગયો છે.

## ૧૦૯. વ્યર્થ ચિંતન અને સાર્થક ચિંતન શું છે ?

અનિત્યનું ચિંતન એ વ્યર્થ ચિંતન અને નિત્યનું ચિંતન એ સાર્થક ચિંતન છે. વસ્તુ વ્યક્તિનું ચિંતન વ્યર્થ ચિંતન અને આત્મા-પરમાત્માનું ચિતંન સાર્થક ચિંતન કહેવાય.

## ૧૧૦. સન્માનના સુખથી નુકશાન શું છે ?

સન્માનનું સુખ એટલું ભયંકર વિષ છે કે વિષ પ્યાલાથી તો મનુષ્ય એક જ વાર મૃત્યુ પામે છે, પરંતુ સન્માનનું સુખ ભોગવવાથી કેટલાય જન્મ જીવવું-મરવું પડે છે.

## ૧૧૧. બૂરાઈ શું છે ?

આપણને સ્વાધીન હોવામાં જે બાધારૂપ બને, આપણને ઉદાર બનવામાં જે બાધારૂપ બને અને આપણને પ્રેમી બનવામાં જે બાધારૂપ બને તે બૂરાઈ છે.

## ૧૧૨, બંધન શું છે અને તે કેવી રીતે તૂટે ?

લેવું એ બંધન છે. તો લેવાનું બંધ કરીને, દેવાનું આપી દઈએ તો બંધન જેવી ચીજ રહી જ ન શકે.

## ૧૧૩. લેવામાં શું બૂરાઈ છે ?

લેવાની રુચિ જ નવા રાગની જનની છે, જે પૂરી ન થવાથી ક્રોધિત કરે છે, ક્રોધિત થવાથી કર્તવ્યની, નિજ સ્વરૂપની અને પ્રભુની વિસ્મૃતિ થઈ જાય છે.

## ૧૧૪. પ્રભુની વિસ્મૃતિ શા માટે થઈ જાય છે અને તે કેવી રીતે દૂર થાય ?

પ્રભુની વિસ્મૃતિ મટાવવી હોયતો આસક્તિઓ મટાડવી જોઈએ.

## ૧૧૫. પ્રેમની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

બધી જ મમતાઓનો ત્યાગ કરીને કેવળ પ્રભુને પોતાના માનો આનાથી પ્રેમની પ્રાપ્તિ થશે. એકમાત્ર પ્રભુને પોતાના માનવા અને કંઈ પણ ચાહવું નહીં એ આ પ્રેમપ્રાપ્તિ કરવાનું ઉત્તમ સાધન છે. ખુબ તપ તથા યજ્ઞ કરવાથી પ્રેમની પ્રાપ્તિ થતી નથી. તપ તો હિરણ્યકશ્યપુએ અને રાવણે પણ ખૂબ જ કર્યુ હતું; પરંતુ તેમને પ્રેમની પ્રાપ્તિ થઈ ન હતી. એક હજાર યજ્ઞ કરીને ઈન્દ્ર સ્વર્ગ પર રાજ કરે છે; પરંતુ તેને પણ પ્રેમની પ્રાપ્તિ થતી નથી. ધ્યાન અને ચિંતનથી પણ પ્રેમની પ્રાપ્તિ થતી નથી એનાથી ચિત્તની શુધ્ધિ થાય છે.

પ્રેમ-પ્રાપ્તિનું મુખ્ય સાધન પ્રભુને પોતાના આત્મીય ગણવા એ જ છે બીજી બધી મમતાઓના ત્યાગથી આત્મીયતા જન્મે છે. ધન પણ મારું અને પ્રભુ પણ મારા એ બંને વાત એક સાથે સંભવી ન શકે. પોતાના માનીએ તેના પ્રત્યે પ્રીતિ થવી અનિવાર્ય છે. બધા આ વાતને જાણે છે. પોતાનું શરીર રોગી હોય તો પણ પ્યારૂં લાગે છે. પોતાનો પુત્ર કાણો હોય તો પણ પ્યારો લાગે છે. જુનું પુરાણું મકાન પણ પ્યારું લાગે છે. તો પછી પ્રભુતો સર્વગુણ સંપન્ન, સુખના ભંડાર અને સૌંદર્ય નિધિ છે. આપણે ભગવાનને પોતાના માનીએ અને પ્રીતિ જાગૃત ન થાય તો આ વાત કેવી રીતે બને ?

## ૧૧૬. પ્રભુનું દરેક વિધાન મંગલમય છે આ વાત કેવી રીતે સમજમાં આવે ?

આ શ્રદ્ધાનો વિષય છે. સાધકને આસ્થા અને પૂર્ણ વિશ્વાસ થઈ જવાથી એક મોટો લાભ એ થાય છે કે તેને પ્રભુનું બળ મળે છે. પ્રભુ પરમ દયાળુ છે એ ક્રુર નથી, પરમ શાંત છે, એ ક્રોધી નથી, પ્રભુ સદા

સજાગ છે, ત્યાં ભૂલ થતી જ નથી, આપણી ભલાઈનું જેટલું જ્ઞાન આપણને છે તેનાથી અધિક જ્ઞાન તેમને છે. જે કામ નથી કરવાનું તેને પણ આપણે કરીએ છીએ અને એવું ઈચ્છીએ છીએ કે ઈશ્વર તરફથી દરેક પ્રકારની સુવિધા મળે, જેવી કે સૂર્યનો પ્રકાશ, શ્વાસ લેવા માટે વાયુ, પીવા માટે પાણી અને ધરતીમાતાનો આશ્રય આપણને નિરંતર મળી રહે છે. જે પ્રભુ આટલા ઉદાર અને કૃપાળુ હોય તેનું વિધાન કઠોર કેવી રીતે હોય ?

ઉપરોક્ત ચિંતન કરતા રહેવાથી તેમના મંગલમય વિધાનમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ જાય છે. વિધાનમાં ત્રણ વાત હોય છે એ જાણવું, મળવું અને હોવું. જો આપણે જાણેલનો આદર, જે કંઈ મળ્યું છે તેનો સદુપયોગ કરીએ તો જે થવાનું છે તે મંગલમય જ થશે 'કરવામાં' સાવધ અને થાયે-તેમાં પ્રસન્ન રહેવાથી યોગ્યતા આવે છે.

## ૧૧૭. અમારી માંગ શું છે ? અને તે કેવી રીતે પૂરી થાય ?

માનવની માંગ છે- દુઃખોની નિવૃત્તિ અને પરમાત્માની પ્રાપ્તિ. માંગ પૂરી કરવાનો ઉપાય છે-ભગવત્ શરણાગતિ. આના માટે ત્રણેય શરીરોથી સંબંધ તોડવો પડે. સ્થૂળ શરીર સાથે સંબંધ વિચ્છેદ થવાથી અશુભ કર્મોમાં પ્રવૃત્તિ રહેતી નથી. સૂક્ષ્મ શરીરથી સંબંધ તૂટતા અનિષ્ટ ચિંતન મટી જાય છે અને કારણ શરીરથી સંબંધ વિચ્છેદ થવાથી બધાં જ પ્રકારની વાસના અને ગુણોનું અભિમાન મટી જાય છે.

આ પ્રકારે શરણાગતિથી સાધકના દુઃખોની નિવૃત્તિ થઈ જાય છે અને પરમ આનંદની પ્રાપ્તિ થઈ જાય છે.

## ૧૧૮. ભગવાનને મેળવવા માટે શું કરવું જોઇએ ?

ભગવાનને મેળવવા માટે ભગવાનથી આત્મીય સંબંધ જ મુખ્ય છે તેમને પોતાના માની લો. ભગવાન મળી જશે. ભગવત્ સંબંધમાં સંસારનો સંબંધ બાધારૂપ છે. સંસાર બાધક નથી, આથી સંસારનો સંબંધ છોડી દો.

## ૧૧૯. સંસારથી સંબંધ તોડવો અને પ્રભુને પોતાના માનવા, આ કેવી રીતે થાય ?

ઘરના લોકોની સેવા કરો પણ સંબંધ ન માનો. કેવળ પ્રભુ સાથે સંબંધ રાખો.

## ૧૨૦. મન ભટકતું રહે છે. તેનું શું કરવું?

મન ક્યાંય ભટકતું નથી. તમે સંસારને ચાહો છો, એટલે તેની યાદ આવે છે. આ દોષ આપણો છે.

## ૧૨૧. સુખ અને આનંદમાં શું અંતર છે ?

સુખથી દુઃખ દબાઈ જાય છે, અને આનંદથી દુઃખ મટી જાય છે.

## ૧૨૨. વિચાર શું છે ?

'આ'-સંસાર, 'તે'-પરમાત્મા, 'હું'- શરીરનું અભિમાન... આ ત્રણેય ચીજોનું જ્ઞાન થઈ જવું એટલે વિચાર. સૂરજ-'તે', પ્રકાશ-'આ', કિરણ-'હું'ની માફક છે. કોઈપણ એકનું જ્ઞાન થઈ જાય, તો ત્રણેયનું જ્ઞાન થઈ જાય છે.

## ૧૨૩. જડ શું છે ?

જે બીજાની સત્તાથી પ્રકાશિત હોય, જે સ્વાધીન ન હોય પણ પરાધીન હોય તે જડ છે.

## ૧૨૪. ચેતના શું છે ?

ચેતના સૂર્યની સમાન છે, જે સ્વયં પ્રકાશિત છે અને તેનાથી જડ પદાર્થ પ્રકાશિત છે.

## ૧૨૫. આનંદ શું છે ?

જે થઈને ક્યારેય મટે નહીં, જેના મળવાથી બીજું કંઈ મેળવવાની ઈચ્છા ન રહે, તે આનંદ છે.

## ૧૨૬. મન શું છે ?

વાસનાઓના સમૂહનું નામ મન છે. દરેક વાસનાઓનો અંત લાવવાથી મન મટી જાય છે અને પછી કામ, ક્રોધ, લોભ, મોહ, વગેરે વિકાર શેષ રહેતા નથી, વાસનાઓનો અંત યથાર્થ જ્ઞાનથી થાય છે. જ્ઞાન હૃદય શુદ્ધ હોવાથી થાય છે. હૃદય ત્યાગ અને પ્રેમથી શુદ્ધ થાય છે. શરીર આદિ કોઈપણ વસ્તુને પોતાની ન માનવી એ ત્યાગ છે અને પરમાત્માથી કોઈપણ પ્રકારની જુદાઈ ન રહે તે પ્રેમ છે. ત્યાગ હોવાથી પ્રેમ આપો-આપ આવી જાય છે.

## ૧૨૭. સંસાર શું છે ?

ભગવાનને મળવા માટેની ટ્રેનીંગ. સંસારમાં સારી રીતે રહી શકે છે તે ભગવાનને સહેલાઈથી મળી શકે છે. જો તે ભૂલી પણ જાય તો ભગવાન આવીને મળી જાય છે. જો તમો પરિસ્થિતિઓનો ઠીક ઉપયોગ કરી શકો તો તો તમારે ભગવાનને યાદ કરવા નહીં પડે. ભગવાન તમોને યાદ કરશે. સિદ્ધ તમોને પસંદ કરશે અને ધર્મ તમારામાં અવતરશે.

## ૧૨૮. જીવનમાં મૃત્યુનો અનુભવ કરવો અને જીવતા મૃત્યુ પામવું તે વિશે શો અભિપ્રાય છે ?

જીવનમાં મૃત્યુનો અનુભવ કરવાથી અને જીવતા જ મરવાથી અમરજીવનની પ્રાપ્તિ થાય છે. વર્તમાન પરિવર્તનશીલ જીવનને જ જીવન માનવું એ મૃત્યુના મુખમાં જવા બરોબર છે. કારણ એ છે જેનું સતત પરિવર્તન થઈ રહ્યું, તે જીવન નથી. જો નિત્ય એક રસ જળવાય રહી તે જ જીવન છે. આ એક રસ જીવનમાં સ્થિર થવો તે જ જીવતાં રહીને મુક્ત થવું છે.

## ૧૨૯. સ્વાધીન જીવનનું શું તાત્પર્ય છે ?

જે વ્યક્તિને પોતાની પ્રસન્નતા માટે બીજા પર આધાર રાખવો ન પડે, તેનું જીવન સ્વાધીન જીવન છે.

## ૧૩૦. સ્વાધીનતા કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

કંઈ ન ચાહો, પણ કામ આવો. કંઈ પણ ન ચાહવાથી નવીન રાગની ઉત્પત્તિ થતી નથી અને બીજાને કામ આવવાથી મોજુદ રાગની નિવૃત્તિ થઈ જાય છે.

## ૧૩૧. જો અમે કાંઈ ન ઈચ્છીએ તો જીવન-નિર્વાહ કેવી રીતે થાય ?

શરીરને સંસારના હવાલે કરવાથી.

## ૧૩૨. સરસ જીવનનું સ્વરૂપ શું છે ?

અભાવ રહિત તેમજ સદૈવ આનંદમગ્ન જીવન જ સરસ જીવન છે.

## ૧૩૩. તેને પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે ?

પોતાને ભગવાનના હવાલે કરીને.

## ૧૩૪. માનવ-સેવા-સંઘની વાત કહેવામાં તથા સાંભળવામાં ખૂબ સારી લાગે છે; પરંતુ જીવનમાં ઊતરતી નથી, શા માટે ?

કારણ કે આપણે શરીર વગેરે વસ્તુઓથી સુખ લેવા ઈચ્છીએ છીએ તથા ભવિષ્યમાં તેના આકર્ષણને છોડવા માંગતા નથી. જો આ સમજાઈ જાય તો દરેક સુખ ભોગનાં આકર્ષણનો આપ મેળે નાશ થશે. જો આ આકર્ષણ ન રહે તો માનવ સેવા સંઘની દરેક વાત જીવનમાં આપમેળે ઉતરશે.

## ૧૩૫. સાધન શું છે ?

સાધનની અભિવ્યક્તિ સત્સંગ દ્વારા થાય છે.

## ૧૩૬. સાધનમાં વિઘ્ન શું છે ?

પોતાના સુખ દુઃખનું કારણ બીજાને માનવું એ સાધનનું મોટામાં મોટું વિઘ્ન છે. જેને આપણે સુખનું કારણ માની લઈએ છીએ તેનાથી રાગ થઈ જાય છે. અને જેને દુઃખનું કારણ માની લઈએ છીએ તેનાથી દ્વેષ થઈ જાય છે. રાગ-દ્વેષ હોય ત્યાં સુધી સાધનની અભિવ્યક્તિ સંભવ નથી.

## ૧૩૭. ઉપાસના શું છે ?

સાધ્યમાં અગાધ પ્રીતિ હોવી એ જ સાચી ઉપાસના છે.

## ૧૩૮. ઉપાસનાની સિદ્ધિ કેવી રીતે થાય છે ?

પ્રભુ સાથે નિત્ય તેમજ આત્મીય સંબંધનો સ્વીકાર કરવાથી ઉપાસનાની અભિવ્યક્તિ થાય છે.

## ૧૩૯. ઉપાસનામાં વિઘ્ન શું છે ?

સાધનમાં સાધ્ય બુદ્ધિનો સ્વીકાર કરવો એ જ ઉપાસનામાં મોટામાં મોટું વિઘ્ન છે.

## ૧૪૦. ધ્યાન શું છે ?

જે છે તેની પ્રિયતામાં ડૂબી જવું એ જ સાચું ધ્યાન છે.

## ૧૪૧. ધ્યાન સિદ્ધિ કેવી રીતે થાય ?

પોતાને બધા વિષયોમાંથી હટાવી લેવાથી ધ્યાનની સિદ્ધિ થાય છે.

## ૧૪૨. ધ્યાનમાં વિઘ્ન શું છે ?

વ્યર્થ ચિંતન ધ્યાનમાં મોટામાં મોટુ વિઘ્ન છે.

## ૧૪૩. ભજન શું છે ?

પ્રભુની અખંડ સ્મૃતિ એ જ સાચું ભજન છે. અખંડ સ્મૃતિ જેમાં પેદા થાય છે, જેના પ્રત્યે પેદા થાય છે, તે બંને માટે રસ રૂપ છે.

## ૧૪૪. ભૂલ–જનિત સુખનો ભોગ ન કરવામાં આવે તો શું ભૂતકાળમાં કરેલી ભૂલોના આધાર પર ભૂલ–જનિત પ્રવૃત્તિ ફરીથી ન થાય ?

નહીં, ભૂલ માણસનો સ્વભાવ નથી. સંઘના સિધ્ધાંતમાં દરેકનો વર્તમાન નિર્દોષ હોય છે. ભોગવેલા અને ન ભોગવેલાનાં પ્રભાવને કારણે ગત સંસ્કાર સામે આવશે; પરંતુ તેનો વિરોધ, સમર્થન અને તેનાથી તાદાત્મ્ય ન રાખવાથી તે નાશ પામશે અને કરેલી ભૂલો પર પશ્ચાતાપ કરીને ભવિષ્યમાં ન દોહરાવવાથી વર્તમાનની નિર્દોષતા સુરક્ષિત રહેશે.

**૧૪૫. માનવ–સેવા–સંઘના સુત્રમાં કહેવામા આવ્યું છે કે ‘એ સુખનો ત્યાગ કરી દો કે જે કોઈનું દુઃખ હોય,’ હવે પ્રશ્ન એ છે કે શું કોઈ એવું પણ સુખ છે કે જે કોઈનું દુઃખ ન હોય ?**

નહીં, એવું કોઈ સુખ ન હોઈ શકે કે જે બીજાનું દુઃખ ન હોય, આથી સાધકના જીવનમાં સુખ–ભોગને સ્થાન નથી.

**૧૪૬. ગૃહસ્થ જીવનમાં રહીને સાધન સંબંધી વાત ઘણી જ કઠીન જણાય છે. શું કરવામાં આવે ?**

ગૃહસ્થ જીવન વાસ્તવિક જીવનની એક પ્રયોગશાળા છે. જો આપણે બીજાના અધિકારોની રક્ષા કરીને આપણા અધિકારોનો ત્યાગ કરી દઈએ તો આખું ગૃહસ્થ જીવન સાધનયુક્ત બની જાય અને કોઈ પ્રકારની કઠીનતા જણાશે નહીં. પરંતુ ભૂલને કારણે આપણે આપણા અધિકારોને છોડવા માટે તૈયાર હોતા નથી. પરિણામ સ્વરૂપે ગૃહસ્થ જીવનમાં કઠીનતા જણાય છે.

**૧૪૭. માનવ–જીવનની પૂર્ણતાનું તાત્પર્ય શું છે ?**

માનવ–જીવનની ત્રણ બાજુ એટલે કે ભૌતિક, આધ્યાત્મિક અને આસ્તિકને પૂર્ણતાથી વિકસિત કરવી એ જ માનવ–જીવનની પૂર્ણતા છે. ભૌતિક વિકાસનો મતલબ છે, દરેકને કોઈને કોઈ નાતે (વિશ્વના નાતે, આત્માના નાતે, અથવા પરમાત્માના નાતે) પોતાના માનીને સહયોગ આપવો. આધ્યાત્મિક વિકાસનો મતલબ છે કે અકિંચન, ઈચ્છારહિત રહીને પોતાનામાં સંતુષ્ટ રહેવું. આસ્તિક વિકાસનો મતલબ છે કે ભૌતિક વિકાસથી પ્રાપ્ત થતી શાંતિ અને આધ્યાત્મિક વિકાસથી થતી સ્વાધિનતાને પ્રભુની

પ્રસન્નતાને માટે તેના પર ન્યોછાવર કરી દેવી. આ ત્રણેય બાજુના પૂર્ણ વિકાસમાં જ માનવ-જીવનની પૂર્ણતા છે.

**૧૪૮. વિવેકી અને ભક્ત હોવાનું તાત્પર્ય શું છે ?**

દરેક સમયે નિજ સ્વરૂપની યાદ રહે તે વિવેકી અને દરેક સમયે પ્રભુની યાદમાં ડૂબી રહે તે ભક્ત હોવાના અર્થમાં આવે છે.

**૧૪૯. ભજન સિદ્ધ કેવી રીતે થાય છે ?**

પ્રભુને પોતાના માનવાથી ભજન સિદ્ધ થાય છે.

**૧૫૦. ભજનમાં વિઘ્ન શું છે ?**

સંસારની યાદ આવવી એ જ વિઘ્ન છે.

**૧૫૧. પૂજન સિદ્ધિ કેવી રીતે થાય છે ?**

શરીરમાં મમત્વ-બુદ્ધિ તથા પોતાપણાની બુદ્ધિ ન રાખીને વર્તમાનનો સદુપયોગ કરવાથી પૂજનની સિદ્ધિ થાય છે.

**૧૫૨. પૂજનમાં વિઘ્ન શું છે ?**

કર્તાપણાનું અભિમાન અને તેના ફળની ઈચ્છા રાખવી એ પૂજનમાં સૌથી મોટું વિઘ્ન છે.

**૧૫૩. અપ્રયત્ન હોવાનો શો અર્થ છે ? અમારે કઈ કઈ બાબતોમાં અપ્રયત્ન રહેવું જોઈએ ? અને કઈ કઈ બાબતો માટે પ્રયત્ન કરવો જોઈએ ?**

પોતાને દરેક પ્રકારે ભગવાનને હવાલે કરી નિશ્ચિંત તથા નિર્ભય થઈ જવું તે જ અપ્રયત્ન છે. એના પછી કંઈ કરવાનું બાકી રહેતું નથી;

પરંતુ કરવાનું 'હોવા'માં અને હોવાનું 'છે'માં વિલિન થઈ જાય છે. પ્રયત્ન થયા બાદ દરેક ચેષ્ટા પ્રભુની પ્રસન્નતાને માટે થતી રહે છે.

## ૧૫૪. જીવનની પ્રાપ્તિનો સરળ અને અચૂક ઉપાય શો છે ?

દરેક વિશ્વાસોને એક વિશ્વાસમાં, દરેક સંબંધોને એક સંબંધમાં તથા દરેક ઈચ્છાઓને એક આવશ્યકતામાં વિલિન કરી દેવું એ જીવન-પ્રાપ્તિનો સરળ અને અચૂક ઉપાય છે.

## ૧૫૫. પોતાને સાધક સ્વીકાર્યા બાદ પણ ક્યારેક ક્યારેક બીજા પ્રત્યે દ્વેષભાવ આવી જાય છે. આવી દશામાં શું કરી શકાય ?

પોતાને સાધક સ્વીકાર્યા બાદ જો બીજા પ્રત્યે દ્વેષભાવ થતો હોય તો પોતાની સ્વીકૃતિની દઢતામાં કમી છે. આવી દશામાં સાધકે સતર્ક રહીને પોતાની નિષ્ઠા દ્રઢ કરી લેવી જોઈએ. સાધકના જીવનમાં પોતે જાણેલા અસત્‌નો સંગ ન કરવો જોઈએ અને વ્યથિત હૃદયથી પ્રભુને પ્રાર્થના કરવી જોઈએ. સફળતા અનિવાર્ય છે.

## ૧૫૬. શું પ્રભુ છે ? અને જો હોય તો તેના હોવાનું શું પ્રમાણ છે ?

ભક્તવાણી, સંતવાણી અને ગ્રંથોના આધાર પરથી આપણે માનીએ છીએ કે પ્રભુ છે. તેના હોવાનું પ્રમાણ એ કે શાંતિ, સ્વાધિનતા અને પ્રેમની માંગના રૂપે તે માનવામાં વિદ્યમાન છે. પ્રભુ પરમ ઉદાર, પરમ જ્ઞાની, પરમ પ્રેમી અને પરમ સ્વાધીન છે. આ સઘળી વાત માંગના રૂપમાં દરેક માણસમાં મોજુદ છે. આ માંગનું હોવું એ જ પ્રભુના હોવાનું પ્રમાણ છે.

## ૧૫૭. ભગવાન આપણામાં મોજુદ હોવા છતાં પણ અમે તેને કેમ જોઈ શકતા નથી ?

કારણ કે આપણે ભગવાનની આવશ્યકતા આપણા જીવનમાં અનુભવી શકતા નથી.

## ૧૫૮. અમે ભગવાનની આવશ્યકતા કેવી રીતે અનુભવી શકીએ ?

પોતે જાણેલા અસત્‌નો ત્યાગ કરવાથી આપણે જીવનમાં ભગવાનની આવશ્યતાનો અનુભવ કરી શકીએ.

## ૧૫૯. જ્યારે બધી પરિસ્થિતિઓ ભાગ્યથી નિર્મિત છે તો માનવ–જીવનમાં કંઈ કરવાનું મહત્ત્વ શું છે ?

એ સાચું છે કે દરેક પરિસ્થિતિઓનું નિર્માણ ભાગ્યથી થાય છે; પરંતુ તેનો સદુપયોગ અથવા દુરુપયોગ કરવાની સ્વાધીનતા માનવને જ મળી છે. બીજી વાત આપણે કર્યા વગર રહી ન શકીએ. કારણ કે કરવાનો રાગ આપણામાં મોજુદ છે. આ મોજુદ રાગની નિવૃત્તિ માટે આવશ્યક કાર્ય સદ્‌ભાવના-પૂર્વક લક્ષ્ય પર દૃષ્ટિ રાખીને પૂરી શક્તિ લગાવી શુદ્ધ હૃદયભાવથી કરવું જોઈએ. જેના કરવાથી રાગની નિવૃત્તિ થઈ જશે. આથી કરવાના સંબંધમાં બે વાત થઈ વર્તમાન પરિસ્થિતિનો સદ્‌ઉપયોગ કરવાથી સુંદર સમાજનું નિર્માણ થાય છે અને બીજી કરવાના રાગની નિવૃત્તિ થતી હોવાથી પોતાનું કલ્યાણ થાય છે. જે માનવનું લક્ષ છે.

**૧૬૦. માનવ–સેવા–સંઘમાં એ કહેવામાં આવે છે કે કોઈને પોતાના ન માનો અથવા બધાને પોતાના માનો. આનો શો અર્થ છે ?**

કોઈને પણ પોતાના ન માનવાથી રાગની ઉત્પત્તિ થતી નથી અને બધાને પોતાના માનવાથી દ્વેષ ઉત્પન્ન થતો નથી. આવી રીતે બન્ને માન્યતાઓથી રાગ-દ્વેષથી મુક્ત થવાય છે અને જે માનવ-વિકાસમાં સહાયક છે.

**૧૬૧. માનવ–સેવા–સંઘનો ઉદ્દેશ શો છે ?**

માનવ-સેવા-સંઘનો ઉદ્દેશ માનવનું કલ્યાણ અને સુંદર સમાજનું નિર્માણ છે. પોતાના કલ્યાણનો અર્થ છે પોતાની પ્રસન્નતા માટે બીજાની જરૂરિયાત ન રહે. સુંદર સમાજના નિર્માણનો અર્થ છે. એવા સમાજનું નિર્માણ કે જેમાં દરેકનો અધિકાર સુરક્ષિત હોય, કોઈના અધિકારનું શોષણ ન થતું હોય. આ ઉદ્દેશની પૂર્તિ બીજાના અધિકારની રક્ષા અને પોતાના અધિકારના ત્યાગથી થતું હોય છે. બીજાના અધિકારની રક્ષા કરવાથી સુંદર સમાજનું નિર્માણ અને મોજુદ રાગની નિવૃત્તિ થાય છે અને પોતાના અધિકારના ત્યાગથી નવીન રાગની ઉત્પત્તિ થતી નથી.

**૧૬૨. અ–સંગતા કેવી રીતે પ્રાપ્ત થાય ?**

અકિંચન અને ઈચ્છારહિત થવાથી અ-સંગતાની પ્રાપ્તિ થાય છે.

**૧૬૩. ઈચ્છારહિત અને અપ્રયત્ન થયા બાદ કઈ દશા પ્રાપ્ત થાય ?**

આ થયા બાદ દશા રહેતી નથી; પરંતુ જીવનની પ્રાપ્તિ થાય છે.

જીવન એને કહે છે કે જેમાં કોઈ પ્રકારનો અભાવ ન હોય, દુઃખ ન હોય તેમજ સમસ્ત જીવન અગાધ, અનંત, નિત-નવીન-રસથી ભરપુર હોય.

## ૧૬૪. સાધન કરવા માટે ઘર-ગૃહસ્થી વગેરે છોડવા જરૂરી છે ?

સાધનના નિર્માણ માટે સત્સંગ કરવો આવશ્યક છે તેમાં પરિસ્થિતિ વિશેષનો કોઈ અર્થ નથી. સત્સંગ કરવામાં માનવ માત્ર દરેક પરિસ્થિતિમાં સમાન રૂપથી સ્વાધીન છે.

## ૧૬૫. બૂરાઈને છોડવા ઈચ્છતા હોય તો પણ છુટી ન શકે તો શું કરી શકાય ?

વ્યથિત હૃદયથી સરળ વિશ્વાસ પૂર્વક પ્રાર્થના કરી શકાય.

## ૧૬૬. વિવેક અને સત્યમાં શું અંતર છે ?

વિવેક સાધન સામગ્રી છે અને સત્ય સાધ્ય છે.

## ૧૬૭. વ્રત, તપ, પ્રાયશ્ચિત અને પ્રાર્થનાનો શો અર્થ છે ?

લક્ષ્યની પ્રાપ્તિનો સંકલ્પ વ્રત છે, તેમાં આવતા કષ્ટોને હર્ષપૂર્વક સહન કરવા એ તપ છે, કરેલી ભૂલ ન દોહરાવવી એ પ્રાયશ્ચિત છે તથા લક્ષ્યની અપૂર્તિના દુઃખથી દુઃખી થઈને વ્યથિત હૃદયનો પુકાર એ પ્રાર્થના છે.

## ૧૬૮. ક્રોધ અને મોહથી કેવી રીતે છુટકારો મળે ?

પોતાના અધિકારનો ત્યાગ અને બીજાના અધિકારની રક્ષા કરવાથી ક્રોધ અને મોહમાંથી છુટકારો મળી શકે છે.

## ૧૬૯. પરિસ્થિતિનો અર્થ શું છે ?

વ્યક્તિગત વિકાસની સાધન–સામગ્રીનું નામ પરિસ્થિતિ છે.

## ૧૭૦. ભૌતિક વિકાસનો અર્થ શું છે ?

બીજાને સુખી જોઈને પ્રસન્ન થવું અને બીજાને દુઃખી જોઈને દ્રવિત થવું.

## ૧૭૧. આધ્યાત્મિક વિકાસનો અર્થ શું છે ?

પોતાની પ્રસન્નતા માટે બીજાની આવશ્યકતાનો અનુભવ ન કરવો એ આધ્યાત્મિક વિકાસ છે.

## ૧૭૨. આસ્તિક વિકાસનો અર્થ શું છે ?

પ્રભુને પ્રેમ કરવો એ આસ્તિક વિકાસ છે.

## ૧૭૩. રાગ દ્વેષનો અર્થ શું છે ?

ભૂલને ભૂલ છે તેમ જાણવા છતાં કરવી એટલે કે એ જાણવા છતાં કે સંસારમાં આપણું કોઈ નથી છતાં પણ કોઈને પોતાના માનવા એ રાગ છે અને જે વાસ્તવમાં પોતાનું છે તેને પોતાનું ન માનવું એ દ્વેષ છે.

## ૧૭૪. સંકલ્પ કોને કહે છે ?

જે વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને અવસ્થાથી સંબંધ જોડી દે તેને સંકલ્પ કહે છે.

## ૧૭૫. અભાવનો શું અર્થ છે ?

કંઈક કરવા ઈચ્છીએ અને ન કરી શકીયે. મેળવવા ઈચ્છીએ અને ન મેળવી શકીએ તેને અભાવ કહે છે.

**૧૭૬. જ્યારે અમે ગૃહસ્થીના કાર્યોમાં લાગેલા હોઈએ છીએ ત્યારે અમારી ચેતના બનેલી રહેતી નથી. કેવો ઉપાય કરીએ કે ચેતના જાગૃત રહે ?**

દરેક સમયે ચેતના જાગૃત રાખવા સત્સંગ એક માત્ર ઉપાય છે. પોતે જાણેલા અસત્‌નો ત્યાગ કર્યા બાદ નિશ્ચિતતા અને નિર્ભયતા પ્રાપ્ત થવી જોઈએ. જ્યારે કરવાનો જીવનબુધ્ધિ દ્વારા સ્વીકાર કરી લઈએ છીએ ત્યારે તેના પરિણામ સ્વરૂપે કરવાનું ફળ અને તેના અભિમાનથી મુકત થઈ શકતા નથી અને જડતામાં બંધાઈ જઈએ છીએ. સંત્સગથી ''કરવું'', ''હોવા''માં અને હોવું જે ''છે.'' તેમાં બદલાઈ જાય છે. બાદ હંમેશા ચેતના બનેલી રહે છે.

**૧૭૭. મને માનવ–સેવા–સંઘ બહુ પસંદ છે. હું ઈચ્છું છું કે આ વિચારધારાનો ખૂબ મોટા પાયે પ્રચાર કરવો જોઈએ. આ સંબંધમાં હું શું કરી શકું ?**

માનવ–સેવા–સંઘની વિચારધારા અનુસાર પોતાનું જીવન બનાવવું. જે વાત વ્યક્તિના જીવનમાં આવી જાય છે તે સાર્વત્રિક બની જાય છે

**૧૭૮. વ્યર્થ ચિંતન શું છે ?**

જેનો સંબંધ વર્તમાન ક્રિયા સાથે ન હોય તે વ્યર્થ ચિંતન.

**૧૭૯. વ્યર્થ ચિંતનનો ત્યાગ કેવી રીતે કરી શકાય ?**

વ્યર્થ ચિંતનને વ્યર્થ કરીને જાણવું, તો તેનો ત્યાગ થઈ શકે. પોતે ન કરવા છતાં એનું ચિંતન થતું હોય તો તેનાથી ભયભીત ન થવું. પરંતુ એ જાણીને કે જેને આપણે નથી કરતા છતાં પણ થઈ રહ્યું છે, તો તેની જવાબદારી આપણી નથી. તે થઈ રહ્યું છે મટવા માટે. તે

ચિંતનનો ન તો વિરોધ કરવો, કે ન તો તેને સહયોગ આપવો. બસ, તેના કર્તા હોવાનું તહોમત આપણે ન લેવું.

## ૧૮૦. વ્યર્થ ચિંતનના ત્યાગથી વર્તમાનનો સદુપયોગ કેવી રીતે થશે ?

વ્યર્થ ચિંતનના ત્યાગથી સમસ્ત પ્રાપ્ત શક્તિનો સદુપયોગ આપમેળે થવા લાગશે. બન્ને એક બીજા પર અવલંબિત છે. વ્યર્થ ચિંતનના ત્યાગથી વર્તમાનનો સદુપયોગ થવા લાગે છે. તથા વર્તમાનના સદુપયોગથી વ્યર્થ ચિંતનનો ત્યાગ આપમેળે થવા લાગે છે.

## ૧૮૧. વર્તમાનના સદુપયોગથી ભવિષ્ય ઉજ્જવલ કેવી રીતે થાય ?

વર્તમાનના સદુપયોગથી ભવિષ્ય ઉજ્જવલ થશે. વર્તમાનનો સદુપયોગ હકીકતે વ્યક્તિ, વસ્તુ તથા પરિસ્થિતિના રાગથી મુક્ત કરાવવામાં સક્ષમ છે. આ આસક્તિઓથી મુક્ત થવું જ સ્વાધીન થવું છે. સ્વાધીન હોવું એ જ ભવિષ્યનું ઉજ્જવલ હોવું છે. સ્વાધીન જ ભગવત્ પ્રેમી હોય છે. ઉજ્જવલનો અર્થ ઈચ્છીત વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ વગેરેની પ્રાપ્તિ નથી. તે જ બંધનનું મૂળ છે અને તે પતનનું કારણ બને છે વિકાસનું નહીં. ઉજ્જવલથી દિવ્ય, ચિન્મય, નિત્ય જીવનનો ભાવ છે. જેમાં માનવજીવનની કૃતાર્થતા રહેલી છે.

## ૧૮૨. સર્વે દુઃખોની નિવૃત્તિ કેવી રીતે થઇ શકે ?

ઈચ્છાપૂર્તિમાં સુખ અને અપૂર્તિમાં દુઃખનો અનુભવ થાય છે. આથી ઈચ્છા-રહિત હોવાથી દુઃખની નિવૃત્તિ થઈ શકે છે, જે વિવેકનો આદર કરવાથી સાધ્ય બને છે.

## ૧૮૩. માનવ–સેવા–સંઘની શું વિશેષતા છે?

માનવ-સેવા-સંઘ એ વિશ્વાસ આપે છે કે જે જીવન આજ સુધી કોઈ મહામાનવને જ મળ્યું હોય તે જીવન વર્તમાનમાં મોજુદ છે અને દરેક માણસને સ્વાધીનતા-પૂર્વક મળી શકે છે.

## ૧૮૪. આ જીવનને મેળવવામાં અડચણ શું છે?

પોતે જાણેલી બૂરાઈઓ ન છોડવી એ જ આ જીવનને મેળવવામાં અડચણરૂપ છે.

## ૧૮૫. અસમર્થતાનો ઉપાય શું છે?

પોતાની અસમર્થતાનો અનુભવ કરવો અને પોતાને ભગવાનની શરણમાં છોડી દેવું એ આનો અચૂક ઉપાય છે.

## ૧૮૬. અહંના નાશ માટેનો શો ઉપાય છે?

પોતે જાણેલા અસત્‌ના સંગનો ત્યાગ કરવાથી અને પોતાને ભગવાનને સમર્પિત કરવાથી અહંનો નાશ થાય છે.

## ૧૮૭. ભાગ્યનો શો અર્થ છે? જીવનમાં તેનું શું મહત્ત્વ છે?

કરેલા કર્મોનાં ફળ સ્વરૂપે જે પરિસ્થિતિઓ નિર્માણ થાય છે. તેનું નામ ભાગ્ય છે. સુખદ પરિસ્થિતિમાં ઉદારતા અને દુઃખદ પરિસ્થિતિમાં અલગ જીવનમાં પ્રવેશ પામી શકાય.

## ૧૮૮. ક્રોધ ન આવે તેનો શો ઉપાય છે?

પોતાના સુખ દુઃખનુ કારણ બીજાને ન માનીને પોતાના અધિકારનો ત્યાગ કરવાથી ક્રોધનો નાશ થઈ જાય છે.

**૧૮૯. સંસારની પ્રાપ્તિ પણ થતી નથી અને તેનું ચિંતન પણ છુટતું નથી તો, શું ઉપાય કરવો ?**

સંસાર-પ્રાપ્તિની ચેષ્ટાઓને છોડીને તેની સત્તાનો સ્વીકાર કરવાથી તેનું આકર્ષણ અને તેના ચિંતનથી છુટકારો મળી શકશે.

**૧૯૦. સમાજમાં બીજાઓને ભૂલો કરતાં જોઈને ચિત્ત અશાંત રહે છે. તેની નિવૃત્તિ માટે શો ઉપાય ?**

બીજાના દુ:ખથી દુ:ખી હોવાને કારણે કરુણરસની અભિવ્યક્તિ થાય છે, અને નિરસતાનો નાશ થાય છે. ત્યારે ચિત્તની અશાંતિનો પ્રશ્ન ઉઠતો નથી. એનો અર્થ એ છે કે કોઈ ભૂલ આપણામાં છે અને પોતાનો સિમિત અહં જ હોઈ શકે.

**૧૯૧. સાધન સાચી રીતે ચાલી રહ્યુ છે કે નહીં તેનું ચિહ્ન શું છે ?**

સાધન સાચી રીતે ચાલી રહ્યું છે તેના ચિહ્ન જાણવાની જરુર હોતી નથી કારણ કે ભોજન બાદ ભૂખ મટી કે નહીં એ બીજાને પુછવું પડતું નથી. સાધન જો ઠીક ચાલી રહ્યું હોય તો જડતા, પરાધીનતા તથા આસક્તિનો નાશ થવો જ જોઈએ.

**૧૯૨. મરવાનો ડર કેમ લાગે છે ?**

વાસનાઓ રહી ગયેલ હોય અને પ્રાણશક્તિનો નાશ થાય તેનું નામ જ મૃત્યુ. જો પ્રાણશક્તિ રહેતાં વાસનાઓ નાશ પામે તો મરવાનો ડર લાગે નહીં.

## ૧૯૩. રાગદ્વેષ મટતા નથી, માત્ર સ્થાન બદલે છે. શું મારી આ માન્યતા સાચી છે?

તમારી આ માન્યતા સાચી નથી. પોતાના સુખ દુઃખનું કારણ બીજાને ન માનતાં પોતાના અધિકારોનો ત્યાગ કરીને બીજાના અધિકારોની રક્ષા કરવાથી રાગદ્વેષ હંમેશાને માટે મટી જાય છે.

## ૧૯૪. પ્રારબ્ધથી આવેલા સુખદુઃખોથી કેવી રીતે છુટકારો મળી શકે છે?

પ્રારબ્ધથી આવેલ સુખમાં ઉદારતા અને દુઃખમાં ત્યાગ અપનાવવાથી સુખ દુઃખથી અલગ જીવનમાં પ્રવેશ થઇ જાય છે અને સુખદુઃખથી હંમેશાને માટે છુટ્ટી મળી જાય છે.

## ૧૯૫. પ્રેમની પ્રાપ્તિ કેવી રીતે થાય?

જો ભગવાનની પાસે કામના લઈને જશો તો ભગવાન સંસાર બની જશે અને જો સંસારની પાસે નિષ્કામ થઈને જશો તો સંસાર પણ ભગવાન બની જશે.

આથી, ભગવાનની પાસે તેને પ્રેમ કરવા માટે જવું અને સંસારની પાસે સેવા કરવા માટે અને બદલામાં ભગવાન અને સંસાર બન્ને પાસેથી કંઈપણ ન ચાહો તો બન્ને પાસેથી પ્રેમ મળશે. પ્રેમ સિવાય આ જગતમાં બીજી કોઈ સારરૂપ વસ્તુ છે જ નહીં.

## ૧૯૬. ભક્ત હોવાનો અધિકારી કોણ છે?

જે સાધકને શાંતિ અને મુક્તિ પણ ખારી લાગે તે સાધક ભક્ત હોવાનો અધિકારી છે.

**૧૯૭. જે સાધક ઈશ્વરને નથી માનતો તેને માટે શું સાધન છે?**

તે સાધકે બૂરાઇ–રહિત થઈને ઈચ્છારહિત થવું જોઈએ. બૂરાઇ–રહિત થવાથી વ્યક્તિ ભલો થઈ જાય છે અને જ્યારે તે ભલાઈના ફળ અને અભિમાન છોડી દે છે ત્યારે મુક્ત થઈ જાય છે.

**૧૯૮. માનવ–સેવા–સંઘના દર્શનમાં દર્શાવવામાં આવે છે કે સંસારને સાથે નાપસંદ કરવાથી મુક્તિ અને ભક્તિ મળી જાય છે. તેને જીવનમાં કેવી રીતે ઉતારી શકાય?**

સંસારને નાપસંદ કરવાનો અર્થ છે, તેને પોતાની રુચિપૂર્તિનું સાધન બનાવવું નહીં. પણ તેની સેવા કરવી. પરમાત્માને પસંદ કરવાનો અર્થ તેને પોતાના માનવા અને તેના બદલામાં કંઈ પણ ન ચાહવું. જો ભોજન કરો તો ખવડાવવાવાળાની પ્રસન્નતા માટે, સાંભળો તો બોલવાવાળાની ખુશી માટે, બોલો તો સાંભળવાવાળાની ખુશી માટે અને કરો તો બીજાને રાહત પહોંચાડવા માટે આવી રીતે કરવાથી મુક્તિ અને ભક્તિ મળી શકે છે. એમાં કોઇ પ્રકારનો સંદેહ નથી. જે હાર માનતા નથી તે અવશ્ય વિજયી થાય છે.

**૧૯૯. સાધકની મૂળ સમસ્યા શું છે?**

તે શાંત બનવા ઈચ્છે છે; પરંતુ વ્યર્થ ચિંતન થતું રહે છે.

**૨૦૦. યોગ શું છે?**

ચિત્ત–શુધ્ધિ અને શાંત હોવું એ જ યોગ છે. બીજાને સહયોગ આપવાથી અને તેના પ્રતિ સદ્‌ભાવના રાખવાથી ચિત્ત શુધ્ધ થાય છે.

અને બદલામાં કશું જ ન ઈચ્છવાથી શાંત થઈ જાય છે. પરિશ્રમ અને પરાશ્રયને છોડીને વિશ્રામ અને હરિ-આશ્રયને અપનાવવો એ યોગવાન થવાનો અચૂક ઉપાય છે. હવે જો કોઈ કહે કે હું તો હરિનો આશ્રય ન લઈ શકું તો તે સ્વનો આશ્રય લઈ લે અને નિર્મમ તથા નિષ્કામ થઈને રાગ-રહિત થઈ જાય. જો કોઈ કહે કે મને પોતાપણાનો બોધ નથી તો તે કર્તવ્યમાં તો વિશ્વાસ કરી શકે છે. પોતાના અધિકારનો ત્યાગ અને બીજાના અધિકારની રક્ષાથી પણ રાગની નિવૃત્તિ થાય છે. રાગની નિવૃત્તિ થતાં જ યોગની પ્રાપ્તિ આપો-આપ થાય છે.

## ૨૦૧. યોગમાં બાધા શું છે?

ભોગમાં રુચિ હોવી એજ યોગમાં મોટા મોટી બાધા છે.

## ૨૦૨. કર્તવ્ય-વિજ્ઞાન, અદયાત્મ-વિજ્ઞાન અને આસ્તિક-વિજ્ઞાનનો શો અર્થ છે?

વસ્તુ, યોગ્યતા, સામર્થ્ય દ્વારા સંસારની સેવા કરવી કર્તવ્ય વિજ્ઞાન છે. સેવાનું ફળ અને અહંને છોડવું એ અધ્યાત્મ-વિજ્ઞાન છે અને પ્રભુની પ્રસન્નતા માટે કોઈપણ શરત વગર બધી જ રીતે તેના થઈને તેને પ્યાર કરવો તે આસ્તિક-વિજ્ઞાન છે. બોલચાલની ભાષામાં જગત આપણી આવશ્યકતા અનુભવ કરે, આ કર્તવ્ય-વિજ્ઞાન છે. અમારે જગતની આવશ્યકતા ન રહે, આ અધ્યાત્મ-વિજ્ઞાન અને અમને પરમાત્મા સારા લાગે આ આસ્તિક-વિજ્ઞાન છે.

## ૨૦૩. જીવનમાં ભગવાન અને વિશ્રામની જરુરત શું છે?

કારણ કે ભગવાન સિવાય કોઈ એવો નથી કે જે સદૈવ આપણી સાથે

રહી શકે, એટલા માટે ભગવાનની જરુરત છે. પરિશ્રમથી જે થાક લાગે છે તે વિશ્રામ કરવાથી દૂર થાય છે. એટલા માટે વિશ્રામની જરુરત છે.

## ૨૦૪. પ્રાપ્તની પ્રાપ્તિમાં શું વિઘ્ન આવે છે?

સંસારનું આકર્ષણ જ પ્રાપ્ત ભગવાનની પ્રાપ્તિમાં રુકાવટ છે.

## ૨૦૫. સિમિત સાધન વડે અમે બધાની સેવા કેવી રીતે કરી શકીએ?

મન, વચન અને કર્મથી બૂરાઇ–રહિત થવું તે વિશ્વની સેવા, બૂરાઇ રહિત ભલાઈ કરવાથી સમાજની સેવા, ભલાઇનું ફળ અને અભિમાન છોડવાથી પોતાની સેવા અને પ્રેમથી પ્રભુની સેવા થાય છે. આ બધી બાબતો કરવામાં માનવ માત્ર સ્વાધીન છે.

## ૨૦૬. વ્યર્થ ચિંતનનો નાશ કેવી રીતે થાય ?

વ્યર્થ ચિંતનનો નાશ નિરસતાના નાશ થવાથી થાય છે અને નિરસતાનો નાશ ઉદારતા, સ્વાધીનતા અને પ્રિયતાથી થાય છે. ઉદારતાનો અર્થ છે દરેકને પોતાના માનવા. જેવી રીતે એક શરીરની સેવા કરીએ છીએ તેવી રીતે અનેક શરીરની સેવા કરવી. સ્વાધીનતાનો અર્થ છે, પોતાની પ્રસન્નતા માટે બીજાની આવશ્યકતાનો અનુભવ ન કરવો અથવા બીજા શરીરોની માફક પોતાના શરીરથી પણ અસંગ રહેવું. પ્રિયતાનો અર્થ છે, પ્રભુ સાથે કોઈપણ શરત વગર આત્મીય અને નિત્ય સંબંધનો સ્વીકાર કરવો.

**૨૦૭. જો ઈશ્વર તરફથી આકર્ષણ થતું હોય તો તે માનવીને પોતાની તરફ ખેંચી કેમ નથી લેતાં અથવા માનવ સ્વયં ખેંચાઈ કેમ નથી જતો ?**

ઈશ્વર માનવની સ્વાધીનતા છીનવવા નથી માગતા. આથી માનવ જ્યાં સુધી પોતાના તરફથી ઈશ્વરની સન્મુખ નથી થતો, ત્યાં સુધી ઈશ્વર તેની પીઠ પાછળ જ રહે છે. વસ્તુઓમાં તે શક્તિ હોતી નથી કે માનવને પોતાની તરફ ખેંચી શકે. માનવ પોતાની ભૂલથી જ વસ્તુઓની પાછળ દોડે છે. વસ્તુઓમાં પ્રતિકારની પણ શક્તિ નથી. આથી આમાં આપણી જ ભૂલ છે. જેનાથી ઈશ્વરની તરફ આપણું ખેચાણ થતું નથી...

**૨૦૮. નિર્વિકલ્પ કરવા માટે પ્રયત્ન કરવા છતાં પણ મન એક મિનિટ માટે પણ સ્થિર રહી નથી શકતું, જપ કરતી વખતે અન્ય ચિંતન થાય છે, આનો નાશ કેવી રીતે થાય ?**

જે દેખાઈ રહ્યા છે તે લોભામણા અને સોહામણા સંસારના આકર્ષણોને નાપસંદ કરીને વગર જોયે, વગર જાણ્યે, ભગવાનને કોઈપણ શરત વગર પસંદ કરે છે, તેને નિર્વિકલ્પતા સાધ્ય છે.

**૨૦૯. અહંનું સ્ફૂરણ શરીરના કયા અંગમાં થાય છે ?**

અહંનું સ્ફૂરણ શરીરના કોઈપણ અંગમાં થતું નથી. મૂળભૂત રીતે 'હું' શરીરમાં નથી.

**૨૧૦. સ્વામીજી ! વિચારપથ અને શ્રદ્ધાપથમાં કયો પથ સુગમ અને શ્રેષ્ઠ છે ?**

જુઓ ! આ બન્ને સુગમ અને શ્રેષ્ઠ છે. પરંતુ અધિકારી હોવાનો ભેદ

છે. જે સાધક સમર્થ છે, તેને માટે વિચારપથ તથા જે અસમર્થ છે તેને માટે શ્રદ્ધાપથ સુગમ અને શ્રેષ્ઠ છે. આમ તો સામર્થ્ય, યોગ્યતા, વિવેક વગેરે બધું પ્રભુએ જ આપેલ છે. પરંતુ જે પ્રભુએ આપેલ છે તેનો આદર કરે છે, તે વિચારક છે અને જે બધાનો આશ્રય છોડીને એક માત્ર પ્રભુ શરણ સ્વીકારે છે, તે શ્રદ્ધાળુ છે.

## ૨૧૧. પ્યાર કેવી રીતે કરી શકાય?

જુઓ તો પ્યારથી, બોલો તો પ્યારથી, સાંભળો પણ પ્યારથી દરેક કાર્ય પ્યારનું જાણીને પ્યારથી કરો. આ જ પ્યાર કરવાનો સુગમ ઉપાય છે.

## ૨૧૨. વસ્તુઓની પ્રાપ્તિનો શો ઉપાય છે?

પ્રાપ્ત પરિસ્થિતિના સદુપયોગથી વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. કામી અને સંગ્રહાખોરથી વસ્તુઓ ખૂબજ દુઃખી થાય છે, અને જે તેનો સદુપયોગ કરે છે તેની પાસે જવા માટે તે લલચાય છે.

## ૨૧૩. માનવની કઇ વિશેષતા છે?

તે જોયેલા સુંદર, સોહામણા જગતને નાપસંદ કરીને સાંભળેલા પ્રભુ પર કોઈ શરત વગર પોતાને ન્યૌછાવર કરી શકે છે.

## ૨૧૪. સૌથી મોટી બૂરાઇ શું છે?

પરાધીનતાને પસંદ કરવી સૌથી મોટી બૂરાઈ છે. પરાધીન બન્યા વગર કોઈ સુખ ભોગવી શકે નહીં. આથી પરાધીનતા-જનિત સુખનો ભોગ સૌથી મોટી બૂરાઈ છે, જેનો જન્મ, જે પોતાનું નથી તેને પોતાનું માનીને અને જે પોતાનું છે તેને પોતાનું ન માનવાથી થાય છે.

## ૨૧૫. બૂરાઇ–રહિત થવાનો શો ઉપાય છે ?

ઈશ્વરના નાતે દરેકને પોતાના માનવા બૂરાઈ–રહિત થવાનો સુગમ ઉપાય છે, કારણ કે પોતાના સાથે કોઈ બૂરાઈ કરતું નથી.

## ૨૧૬. ભય અને દરિદ્રતાનો નાશ કેવી રીતે થાય ?

મમતા છોડવાથી ભયનો અને કામના છોડવાથી દરિદ્રતાનો નાશ થાય છે.

## ૨૧૭. અમર જીવનની પ્રાપ્તિનો સરળ ઉપાય શું છે ?

મરવાથી ડરો નહીં, અને કંઇ ઇચ્છો નહીં, તો મૃત્યુ પહેલાં અમર જીવન મળશે–એમાં કોઈ સંદેહ નથી. આ સંતવાણી પર જો વિશ્વાસ કરી શકો, તો કરો.

જુઓ, જ્યારે આપણે અસમર્થ હતા ત્યારે પણ કોઈએ શરીરની રક્ષા કરી હતી. જ્યારે કંઈક સામર્થ્યવાન થયા ત્યારે સામર્થ્યના બદલામાં શરીરની રક્ષા થઈ અને વૃધ્ધાવસ્થામાં અસમર્થ હોઈશું, ત્યારે પણ આ શરીરની કોઈક રક્ષા કરશે.

થોડી વાર માટે માની લઈએ કે જો કોઈ આ શરીરની રક્ષા ન કરે અને તેનો નાશ થઈ જાય, તો શું ખાતાં ખાતાં આ શરીરનો નાશ નહીં થાય? જો ખાધા વિના નાશ થાય તો શું આપત્તિ? માટે મરવાથી ડરો નહીં અને કંઇ ઇચ્છો નહીં.

## ૨૧૮. સાધના માટે શું કરીએ ?

ઈમાનદારીની વાત છે–કંઇ ન કરવું આ પહેલી વાત છે. બીજી વાત છે–બૂરાઇ ન કરવી. ત્રીજી–ભલાઇનું અભિમાન ન રાખવુ. ચોથી–

પોતાનો હકક ન માંગવો. પાંચમી-સ્વાધીન બની જવું. છઠ્ઠી- ઉદાર અને પ્રેમી બની જવું.

સાચી વાત તો એ છે કે જો તમો કંઈપણ કર્યા વગર રહી શકો તો, તમો દુનિયાના ખૂબ મોટા માણસ છો. કારણ કે કરવાનો આરંભ દેહાભિમાનથી થાય છે. દેહાભિમાન ભૂલથી થાય છે. જો કર્યા વગર રહી ન શકતું હોય, તો કમસે-કમ બૂરાઈ તો ન કરો તથા જે ન કરી શકતા હો તે ન કરો. બાકી શું રહેશે? જે કરવું જોઈએ અને જે કરી શકો છો તેને પૂરું કરો.

જ્યાં સુધી આપણી સમસ્ત પ્રવૃત્તિઓ સાધનરૂપ ન બને, ત્યાં સુધી પ્રવૃત્તિના અંતમાં સહજ રીતે આવતી નિવૃત્તિ પ્રાપ્ત થતી નથી. સહજ નિવૃત્તિની ગેરહાજરીમાં આધ્યાત્મિક જીવન, ભગવત્ પ્રાપ્તિ, શાંતિ અને મુક્તિની વાત અર્થહીન છે. આ વાતો ઈચ્છવાવાળા સાધકને સર્વપ્રથમ સહજ નિવૃત્તિ આવવી જોઈએ અને તે સાચી પ્રવૃત્તિથી આવે છે, પ્રવૃત્તિના ત્યાગથી નહીં.

જો પ્રવૃત્તિ છોડવાથી નિવૃત્તિ આવે, તો સુષુપ્તિ અને સમાધિમાં કોઈ ભેદ રહે જ નહીં. તેમાં ખુદ ભેદ છે. સુષુપ્તિમાં કર્મનું બીજ રહેલું હોય છે, સમાધિમાં હોતું નથી. અહીં સહજ સમાધિથી તાત્પર્ય છે, અભ્યાસથી પ્રાપ્ત સમાધિથી નહીં.

સહજ સમાધિ તો કાર્યના અંતમાં આપમેળે પ્રાપ્ત થાય છે. તેમાં કર્મનું બીજ જ નથી રહેતું. જ્યારે કર્મનું બીજ જ રહેતું ન હોય તો તેમાં અલગતા રહી શકે નહીં, જ્યારે અલગતા રહેતી નથી, તો ભેદ અને ભિન્નતા કેવી રીતે રહે?

આ દૃષ્ટિથી વિચાર કરીએ તો આપણું સમગ્ર જીવન, આપણી દરેક પ્રવૃતિ સાધનરૂપ હોવી જોઈએ તે કયારે બને ? કે જ્યારે આપણે જાણીને એ ન કરવું જોઈએ કે જે ન કરવાનું હોય. જ્ઞાનનો પ્રકાશ મનુષ્યમાત્રમાં સમાનરૂપથી ઉપસ્થિત છે.

એટલા માટે મહાનુભાવ! તમો ખરેખર તમારા જ્ઞાન પર ભરોસો કરો. જો તમે સાધના કરવા ઈચ્છતા હો, નિર્ણય કરો કે હું જ્ઞાનનો અનાદર ક્યારેય નહીં કરું શ્રદ્ધાનો વિકલ્પ ક્યારેય નહીં શોધું, બળનો દુરુપયોગ ક્યારેય નહીં કરું. આ નિર્ણય કરવાની વાત છે અને આ ત્રણેય વાતો માટે ભગવાને તમોને શક્તિ આપી છે અને આનાથી જ તમારી ઓળખ ''સાધક'' તરીકે થાય છે. સાધનાની વાત સાધકની સામે આવે છે, પ્રાણીની સામે નથી આવતી.

## ૨૧૯. કામના પૂરી થતી નથી ત્યારે દુઃખ થાય છે અને કામના ઉત્પન્ન થાય છે ત્યારે પણ દુઃખ થાય છે. તો શું કરવું ?

કામના પૂરી થાય ત્યારે જે થોડું સુખ જણાય છે તે બીજી કામનાને જન્માવે છે અને દશા તેવી જ રહે છે.

એક સત્ય ઘટના છે. ઘણા દિવસો પહેલાં હું ભિક્ષા માંગવા ગયો હતો. જે ઘરમાં ગયો હતો, ત્યાં બધાં લોકો ઘણાં ખુશ હતાં. કુતૂહલ એ થયું કે આજે આ લોકો આટલા ખુશ કેમ છે? જ્યારે પૂછયું ત્યારે તે કોઈ બોલ્યા જ નહીં પણ હસતાં જ રહ્યા. એક છોકરીએ કહ્યું વાહ! સ્વામીજી, તમોને ખબર નથી? અમારા કૃષ્ણાભાઈ બી.એ. પાસ થયા છે. હમણાં જ તાર આવ્યો છે. એટલા માટે બધા લોકો ખુશ છે. હવે મેં દરેકને પૂછવાનું શરૂ કર્યુ કે આ સમયે તમો જે ખુશી

અનુભવી રહ્યા છો, તે કાલ સુધી રહેશે? જો આ બી.એ. પાસ થવાની ખુશી છે, તો કાલે બી.એ. નાપાસ થોડા થઈ જશે? હવે તે લોકો ચૂપ થઈ ગયા. બોલે કેવી રીતે ? મેં તેના પછી તરત પૂછયું; વર્ગ સારો છે કે નહીં? એમ.એ.માં પ્રવેશ મળી શકશે કે નહીં? નોકરી મળી શકશે કે નહી? હરિફાઈ માટે તૈયારી કરે, શું કરે? બધા લોકો ચૂપ થઈ ગયા. મેં કહ્યું જુઓ, અનેક ઈચ્છાઓમાંથી જ્યારે એક પૂરી થાય છે તેની ખુશીનું તમે વર્ણન કરી શકતા નથી તો પછી જેની કોઈ પણ ઈચ્છા નથી તેના આનંદની કોઈ સીમા છે? આનાથી એ બધુ સમજમાં આવે છે કે નિષ્કામ હોવું આવશ્યક છે.

## ૨૨૦. સ્વામીજી! ગૃહસ્થાશ્રમમાં રહીને પણ મનુષ્ય ઈચ્છા રહિત થઈ શકે છે ખરો?

હા, થઈ શકે છે, સેવા અને કર્તવ્ય વડે. કર્તવ્ય પાલન કરો. દુઃખીજનોની યથાશક્તિ સેવા કરતા રહો. જુઓ, ઈચ્છા-રહિત થવાને માટે કાર્ય છોડવાનું નથી. કાર્યને પરિવાર, સમાજ, સંસાર અને પરમાત્માનું માનીને કરો અને કાર્ય સમાપ્ત થયા બાદ શાંત થઈ જાવ.

કામ પોતાને માટે ન કરો, પરિવાર માટે સમાજની સેવા કરો, અને શરીર માટે પરિવારની સેવા કરો. સમાજને હાનિ પહોંચાડીને પરિવારનું પાલન ન કરો. પરિવારને દુઃખ આપીને શરીરને સુખ ન આપો. ગૃહસ્થમાં જ કર્તવ્યનો પ્રશ્ન છે, વિરકતમાં નહીં.

કર્તવ્ય ઈચ્છારહિત થવામાં સહાયક છે, બાધક નહીં. ઈચ્છારહિત થવું કર્તવ્યમાં સહાયક છે બાધક નહીં. ભાવ બદલાવી દો, ઈરાદો બદલાવી દો. પોતાના સુખ માટે ન કરતાં, બીજાના હિતને માટે કરો.

જો બીજાના સુખ માટે મુશ્કેલી પણ આવી, તો પણ આનંદ જ મળશે. આ જીવનનું વિજ્ઞાન છે. એટલા માટે વિવેકી એવું સુખ પસંદ નહીં કરે, કે જેમાં બીજાને દુઃખ થતું હોય. એ દુઃખને પસંદ કરે છે જેમાં બીજાને સુખ મળે.

## ૨૨૧. સ્વામીજી ! જ્યારે ગૃહસ્થાશ્રમમાં બધું જ છે, તો પછી માણસ એ છોડીને જંગલમાં શા માટે જાય છે?

જાય છે કમજોરી મટાવવા માટે. શું જંગલમાં જઈને જંગલમાં જ રહી જાય છે? શું સમાજમાં નથી આવતા? આ તો જીવન-વિભાજન માટે છે.

## ૨૨૨. સહજ સમાધિનો શું અર્થ છે?

સહજ શું? સમાધિ તો સહજ જ હોય છે, અસહજ હોતી જ નથી. ઈન્દ્રિયો વિષયથી વિમુખ બને તો મન નિર્વિકલ્પ થાય. મનના નિર્વિકલ્પ થવાથી સહજ સમાધિ ઉપલબ્ધ છે. આ તો યોગની ચર્ચા છે.

## ૨૨૩. જીવનમાં શાંતિ કેવી રીતે આવે?

તમારે શાંતિ લાવવી હોય તો પોતાના પર ભરોસો કરો, સત્યનો સ્વીકાર કરો, શાંતિ આવી જશે.

દૃઢતાપૂર્વક સત્યનો સ્વીકાર કરો. પોતાનામાં, પ્રભુમાં તથા કર્તવ્યમાં વિશ્વાસ કરો. કઠિનાઈથી ડરો નહીં, તેનું સ્વાગત કરો. સુખ-ભોગથી ઉપર ઊઠો.

## ૨૨૪. મૃત્યુનો શું અર્થ છે?

જીવનનાં દર્શનથી મુનષ્ય-શરીરના ત્રણ ભાગ હોવાનું સિદ્ધ થયેલું

છે. એ છે-સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ. શરીર ઈચ્છાઓનો સમૂહ છે. જ્યારે પ્રાણશક્તિ ખર્ચાઈ જાય છે અને ઈચ્છાશક્તિ શેષ રહી જાય છે ત્યારની સ્થિતિનું નામ મૃત્યુ છે. પ્રાણશક્તિ ક્ષીણ થવાને મૃત્યુ કહે છે. પ્રાણશક્તિનું મૂળ વિરાટ છે -સૂર્ય.

## ૨૨૫. સેવા શું છે?

'સેવા' ત્યાગ અને પ્રેમની ભૂમિ છે. સેવાનો મૂળમંત્ર શું છે, જે દરેકને માટે અનિવાર્ય છે? એક હોય છે પુણ્ય-કર્મ, એક હોય છે-સેવા. સેવાના ચાર રૂપ છે

(૧) વિશ્વસેવા

(૨) શરીર, પરિવાર, સમાજ સેવા

(૩) પોતાની સેવા અને

(૪) પ્રભુની સેવા.

વિશ્વસેવા કોઈને ખરાબ નહીં સમજું, કોઈનું બૂરું નહીં ઈચ્છું, કોઈની બૂરાઈ નહીં કરું.

આ સેવા દરેક ભાઈબહેન કરી શકે છે. મન, વાણી, કર્મથી બૂરાઈ-રહિત હોવાથી સંસાર આપણને પસંદ કરશે. આપણે બૂરાઈ-રહિત હોવાથી ભલા થઈ જશું, તો ભલાઈ થવા લાગશે. જ્યારે તે ભલાઈ થવા લાગે તો તેનું ફળ ના માગવું. ત્યારે આપ ઈચ્છારહિત થઈ જશો, પોતાનામાં સંતુષ્ટ થઈ જશો. તેનો ભોગ ન કરવાથી પ્રભુ પ્રત્યે પ્રેમ, જગત પ્રત્યે ઉદારતા અને પોતાને માટે સ્વાધીનતા પ્રાપ્ત થશે. આ ત્રણેય તત્ત્વો અવિનાશી છે.

જ્ઞાન-વિરોધી અને સામર્થ્ય-વિરોધી કામ ન કરો. આ ખૂબ મોટી સેવા થશે. અકર્તવ્યની ઉત્પત્તિ ન થાય, ભૂલની ઉત્પત્તિ ન થાય. સ્કૂલ, દવાખાના ખોલવા સેવા નથી. એ તો સંગ્રહનું પ્રાયશ્ચિત છે.

## ૨૨૬. ધ્યાન કેવી રીતે કરવામાં આવે ? ધ્યાન માટે બેસીએ છીએ, પણ મન કેમ લાગતું નથી ?

હું નિવેદન કરું છું કે જ્યાં સુધી ધ્યાન કરશો ત્યાં સુધી ધ્યાન ક્યારેય થશે જ નહીં. થોડા દિવસો પૂર્વે એક અમેરિકન પાદરી મારી પાસે આશ્રમમાં આવ્યા હતા. તેણે કહ્યું કે મને ધ્યાનના સંબંધમાં કાંઈક બતાવશો ? મેં કહ્યું , 'નહીં', કારણ કે એ તમારાથી થશે નહીં.

વિચાર કરો, તરસ લાગી છે, તો પાણીના ધ્યાનનું મૂળ કારણ થયું 'તરસ'. તમને તમારા પરિવારનું ધ્યાન આવે છે, તેનું મૂળ કારણ છે પોતાપણું. તો જરુરિયાત અને પોતાપણું ધ્યાનનું મૂળ છે. આંખ બંધ કરીને બેસવું ધ્યાનનું મૂળ નથી. આ તો બેસવાથી નહીં, અનુભવ કરવાની વાત છે.

## ૨૨૭. સ્વામીજી ! શરીરથી વાસ્તવિક સેવા કેવી રીતે થાય ?

શરીરથી આપણો કાલ્પનિક સંબંધ છે. કોઈને પણ પ્રેરણા કે આદેશ આપીને પણ શરીર પાસેથી કામ લઈ શકાય છે. ઘણા કામ શરીરથી થાય છે અને આપણે સમજીએ છીએ કે 'હું' કરી રહ્યો છું.

કોઈને બુરા ન સમજવા એ બુદ્ધિનું કામ છે. કોઈને બુરા ન સમજવા, કોઈનું બૂરું ન ચાહવું આ કોના દ્વારા થશે ? પોતાના દ્વારા.

જ્યારે આપણે કોઈનું બૂરું ઈચ્છીયે નહીં, કોઈને બુરા સમજીએ નહીં, તો શરીર દ્વારા જે ન કરવાનું હોય તે નહીં થાય. શરીર દ્વારા જે

ન કરવાનું હોય તે એટલા માટે કરી બેસીએ છીએ કે આપણે બીજાને બુરા સમજીએ છીએ, બુરા ઈચ્છીએ છીએ, બૂરાઈ કરીએ છીએ. હું એવું માનું છું કે બૂરાઈ-રહિત હોવું એ સૌથી મોટી સેવા છે. બૂરાઈ-રહિત હોવું અને શરીરનો ઉપયોગ ભલાઈ માટે કરવો એ મારો ધર્મ છે. જે પરિવાર અને સમાજમાં શરીર જન્મ ધારણ કરે છે, તેનું પાલન પોષણ જ્યાં થાય છે તે પરિવાર સમાજ અને સંસારના અહિતમાં શરીરનો ઉપયોગ કરવો નહીં.

વાણીથી કટુ ન બોલો, સેવા થઈ ગઇ. અહિતકર નહીં બોલો, તો હિતકર બોલી શકશો. બિનજરૂરી નહીં બોલો, તો જરૂરી બોલી શકશો. બોલવું, કહેવું, સમજવું, બધું શરીર દ્વારા જ થશે; પરંતુ આ રીતે શરીરનો ઉપયોગ બીજાના અહિતમાં થશે નહીં.

પોતાના સુખ માટે શરીર પાસેથી કામ લેવામાં આવે ત્યારે તેનો ઉપયોગ અહિતમાં થશે. અર્થ એ છે કે શરીરનો ઉપયોગ પોતાના સુખભોગમાં કરવાનો નથી. શરીરની સેવા શું છે? આહાર અવિહારનો સંયમ, સદાચાર અને મર્યાદા પૂર્વક વર્તવું

કોઈ ચીજ 'હું' હોય છે કોઈ ચીજ 'મારી' હોય છે. શરીર 'મારું' નથી, 'હું' નથી-જ્ઞાનથી આ સિદ્ધ થયું. પરંતુ શરીરનો ઉપયોગ તમે કરો છો કે નહીં? તમે શરીરથી અકર્તા બની જાવ, અભોક્તા બની જાવ, અસંગ હોવું એ પણ સેવા જ છે. અસંગ હોવાથી શું થશે? જે ચીજો પર તમે પોતાનો અધિકાર માનતા હતા, તેનાથી અધિકાર હટાવી લીધો, તો તે ચીજો સમાજની થઈ ગઇ અને તમને નિર્વિકારતા પ્રાપ્ત થઈ.

બૂરાઈ-રહિત હોવું, ભલાઈનું ફળ અને અભિમાન છોડવું એ

કર્તવ્યક્ષેત્રની વાત છે. તમારે રાગ-દ્વેષ રહિત થવું જોઇએ. જેટલા ઝઘડા થાય છે તે રાગ-દ્વેષને કારણે થાય છે. જ્યાં સુધી બીજાને અધિકાર આપતા નથી અને પોતાનો છોડતા નથી ત્યાં સુધી રાગદ્વેષ રહે છે. શરીર કર્તા નથી, શરીર કર્મ સામગ્રી છે.

આત્મા શબ્દ સાંભળ્યો છે, પરમાત્મા શબ્દ સાંભળ્યો છે. શરીરને જોયું છે. આત્મામાં કોઇ પ્રશ્ન નથી. અનાત્મામાં પણ કોઇ સમસ્યા નથી. તમો સ્વયં ન આત્મા છો કે ન અનાત્મા.

## ૨૨૮. ઇચ્છાઓની નિવૃત્તિ કેવી રીતે થાય?

ઇચ્છાઓની નિવૃત્તિ કરવી હોય તો પહેલાં પોતાની ઇચ્છાઓનું નિરીક્ષણ કરવું જોઇએ. ઉત્પન્ન થયેલી ઇચ્છાઓ પૈકી એવી ઇચ્છાઓ કે જેનો સંબંધ

(૧) વર્તમાન સાથે હોય

(૨) જેને કર્યા વગર આપણે કોઇપણ પ્રકારે રહી શકીએ નહીં

(૩) જેની પૂર્તિના સાધન પ્રાપ્ત હોય અને

(૪) જેનાથી કોઇનું અહિત ન હોય

એ ઇચ્છાઓની પૂર્તિ કરી લેવી જોઇએ પરંતુ ધ્યાન રાખવું કે તેની પૂર્તિનું સુખ આપણું ઇચ્છીત હોવું જોઇએ નહીં. સુખ લેતા રહેશો તો પુનઃ ઇચ્છાઓ ઉત્પન્ન થશે અને આ ચક્ર ચાલતું જ રહેશે. જે ઇચ્છાઓ ઉપરોકત બાબત સાથે સુસંગત ન હોય, તેનો વિચારપૂર્વક ત્યાગ કરવો.

## ૨૨૯. સાધુ એટલે શું?

સાધુ સંસારની બહાર તો ચાલ્યા જતા નથી; પરંતુ સંસારથી સંબંધ અવશ્ય તોડી નાખે છે. શરીરને ગંગામાં ફેંકી દેતા નથી; પરંતુ

શરીરથી સંબંધ અવશ્ય તોડી નાખે છે પછી તે ઘરમાં રહીને કે વનમાં રહીને. સાધુ એ-જે કોઈને હાનિ ન પહોંચાડે, જે પ્રભુને પસંદ કરે. માનવ-સેવા-સંઘે પ્રકાશ દીધો છે, હે માનવ! કોઈને પણ હાનિ પહોંચાડો નહીં, કોઈને પણ ખરાબ ન સમજો અને યથાશક્તિ જે પરિવારમાં, જે સમાજમાં રહો છો, તેને ઉપયોગી બનો.

તો સાધુ એટલે સાધક, કારણ કે

(૧) આપણે સંસારની સેવા કરવી છે

(૨) આપણે પ્રભુના પ્રેમી થવું છે

(૩) આપણે ઈચ્છારહિત થવું છે

## ૨૩૦. સ્વામીજી ! સંયમી કોણ છે ?

જે સાંભળવાવાળાની ખુશી માટે બોલે છે, જે મળવાવાળાની ખુશી માટે મળે છે, જે ખવડાવવાવાળાની ખુશી માટે ખાય છે, જેની આંખો રૂપની સાર્થકતાને માટે જુએ છે, જેના કાન શબ્દની સાર્થકતા માટે સાંભળે છે અને જેનું નાક ગંધની સાર્થકતા માટે સૂંઘે છે. દરેક ક્રિયાઓ આ પ્રકારે થાય તો કર્તા પર ક્રિયાઓનો કંઈ પણ પ્રભાવ પડતો નથી. ધારણા, ધ્યાન, સમાધિ આપમેળે થઈ જાય છે. આ જ સંયમ છે.

## ૨૩૧. જીવન કોને કહે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય શું છે ?

જીવન તેને કહે છે જેમાં અભાવ ન હોય, પરાધીનતા ન હોય અને નિરસતા ન હોય, જેમાં ચેતના હોય અને જે પ્રેમથી ભરપૂર હોય. આવું જીવન વિશ્રામ દ્વારા વર્તમાનમાં જ મળી શકે છે.

## ૨૩૨. મનને વશમાં કરવાનો શો ઉપાય છે ?

(૧) મન પરથી પોતાની મમતાનો ભાર દૂર કરવો

(૨) પોતાની પસંદગી બદલાવી નાખો. જ્યાં મન લગાડવા ઈચ્છતા હો, તેને પસંદ કરી લો અને જ્યાંથી મન હટાવવા ઈચ્છતા હો, તેને નાપસંદ કરો

(૩) જરૂરી કામને પૂરું કરો અને બિનજરુરી કામ છોડી દો

(૪) જે ન કરવું જોઈએ અને જે ન કરી શકો તેવા કામ ન કરો અને જેને કરવું જોઈએ અને જે કરી શકો, તે કામ કરી નાખવું જોઈએ

(૫) માત્ર પ્રભુને જ પોતાના માનો

(૬) પોતાની સૌથી મોટી આવશ્યકતાનો અનુભવ કરો

મન, શાંત તથા શુદ્ધ થઈ જશે અને તમારા વશમાં થઈ જશે

## ૨૩૩. અસંગતા કોને કહે છે અને તેની પ્રાપ્તિ માટે શું ઉપાય છે ?

અસંગતાનો અર્થ છે-જગતથી પોતાને અલગ અનુભવવો. જે જગતનો દ્રષ્ટા છે, તે જગત ન હોઈ શકે. સેવા વડે સ્થૂળ શરીરથી, ઈચ્છા-રહિત થતાં સૂક્ષ્મ શરીરથી અને અપ્રયત્ન થતાં કારણ શરીરથી અસંગતા પ્રાપ્ત થાય છે. ત્રણેય શરીરોથી અસંગતા પ્રાપ્ત થતાં જ યોગ સિદ્ધ થાય છે, જે બોધ અને પ્રેમથી ઓત-પ્રોત છે.

## ૨૩૪. 'કામ'નો શું અર્થ છે ? અને તેના નાશનો ઉપાય શો છે ?

વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ અને અવસ્થા પ્રત્યેના આકર્ષણને કામ કહે છે, એટલે કે જે 'નથી' તેના આકર્ષણનું નામ જ કામ છે.

'નથી'ના અસ્તિત્વનો અસ્વીકાર કરવાથી અને 'છે' એટલે કે પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર કરવાથી 'કામ'નો નાશ થઈ જાય છે અને રામ મળી જાય છે.

## ૨૩૫. સાધન કોને કહે છે?

જે સાધ્યથી દૂરત્વ, ભેદ અને ભિન્નતા મીટાવી દે, તેને સાધન કહે છે. ઉદારતા, અસંગતા, પ્રિયતા સાધનના અર્થમાં આવે છે. હર સમયે પ્યારા પ્રભુની યાદ બની રહે, એ જ ભક્તિપથની સાધના છે. હર સમયે પોતાના સ્વરૂપની યાદ બની રહે, તે મુક્તિપથની સાધના છે. હર સમયે પોતાના કર્તવ્યની યાદ બની રહે, તે કર્તવ્યપથની સાધના છે.

## ૨૩૬. સત્સંગ શું છે?

જીવનના સત્યનો સ્વીકાર કરવો એ સત્સંગ છે. બૂરાઇ-રહિત હોવું, ઇચ્છારહિત હોવું અને પ્રેમી હોવું સત્સંગ છે. બૂરાઇ-રહિત થવાનો ઉપાય છે-કોઈને કોઇ નાતે બધાને પોતાના માનવા. ઇચ્છારહિત હોવાનો અર્થ છે-પોતાનો કોઇ સંકલ્પ ન રહે અને પ્રેમી હોવાનો અર્થ છે-કેવળ પ્રભુથી જ નિત્ય અને આત્મીય સંબંધનો સ્વીકાર કરવો. આ ત્રણેય બાબત કરવામાં માનવમાત્ર સ્વાધીન છે અને તે વર્તમાનમાં કરી શકે છે.

બધાને પોતાના માનવાથી નિર્વિકારતા, કોઈને પણ પોતાના ન માનવાથી નિઃસંદેહતા અને સર્વ સમર્થ પ્રભુને પોતાના માનવાથી નિર્ભયતાની અભિવ્યક્તિ થાય છે. નિર્વિકારતાથી જીવન માટે, નિઃસંદેહતાથી પોતાના માટે અને નિર્ભયતાથી જીવન પ્રભુને માટે ઉપયોગી થાય છે. જીવનની આ પૂર્ણતા છે.

## ૨૩૭. 'રસ' કોને કહે છે અને તે કેટલા પ્રકારનો હોય છે?

સારું લાગવું રસનું સૂચક છે. રસના ચાર પ્રકાર હોય છે.

(૧) **ભોગનો રસ :** આ રસ માનવને પરાધીનતા અને જડતામાં આબદ્ધ કરે છે અને રસમાં ઉત્તરોતર ઘટાડો થતો જાય છે

(૨) **શાંતિનો રસ :** આ રસ સામર્થ્યનું પ્રતિક છે

(૩) **સ્વાધીનતાનો રસ :** આ રસ અખંડ હોય છે અને એક સરખો રહે છે. આ રસ વધતો નથી

(૪) **પ્રેમનો રસ :** આ રસ અખંડ અને અનંત હોય છે અને તે ઉત્તરોતર વધતો જ રહે છે અને તે નિત્ય નવો થતો રહે છે

## ૨૩૮. 'હું'નું સ્વરૂપ શું છે?

ઉદારતા, સ્વાધીનતા અને પ્રેમ જ 'હું'નું સ્વરૂપ છે. ઉદારતાથી માનવ જગત માટે અને પ્રેમથી પ્રભુ માટે ઉપયોગી થાય છે. તે પોતાના માટે જગતથી કંઈ ઈચ્છતો નથી કે પ્રભુ પાસેથી પણ ઈચ્છતો નથી. આમ, ઈચ્છા-રહિત થઈને માનવ પોતાના માટે ઉપયોગી બને છે.

## ૨૩૯. ભૌતિકવાદીને વિશ્વપ્રેમ શા માટે મળ્યો નહીં?

કારણકે તેમણે બધાને પોતાના માન્યા નહીં.

## ૨૪૦. ઈશ્વરવાદીને ઈશ્વરપ્રેમ શા માટે મળ્યો નહીં?

કારણ કે તેમણે ઈશ્વરને જ પોતાના માન્યા નહીં.

## ૨૪૧. અધ્યાત્મવાદીને પોતાનો પ્રેમ કેમ મળ્યો નહીં?

કારણ કે તેમણે મમતા અને કામના છોડી નહીં.

## ૨૪૨. સાચી ભૌતિકતા શું છે?

આપણે સંસાર માટે એટલા ઉપયોગી બની જઈએ કે સંસાર

આપણી આવશ્યકતા અનુભવવા લાગે અને આપણને સંસારની જરૂરત ન રહે. સાચી ભૌતિકતા આવવાથી અધ્યાત્મિક જીવનની સામર્થ્યતા આપો-આપ આવી જાય છે અને અધ્યાત્મિક જીવનની પૂર્ણતામાં આસ્તિક જીવનની સામર્થ્યતા આવી જાય છે અને પછી જીવન પ્રેમથી પરિપૂર્ણ બની જાય છે, જે માનવ જીવનનું વાસ્તવિક લક્ષ્ય છે.

## ૨૪૩. ધ્યાનમાં સ્વાભાવિકતા કેમ નથી આવતી?

આપણે ધ્યાન કરીએ છીએ એટલા માટે ધ્યાનમાં સ્વાભાવિકતા આવતી નથી. જો સત્સંગ કરવામાં આવે તો ધ્યાન સ્વાભાવિક થશે.

ભગવાનને આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસના આધારે પોતાના માનો. પોતાને પોતાના અવશ્ય પ્યારા લાગશે તેની યાદ ભૂલાવવાથી પણ ન ભૂલી શકાય. જ્ઞાનપૂર્વક અનુભવ કરો કે આપણી પાસે આપણું કહેવાય તેવું કંઈ જ નથી. ત્યારે પોતાનામાં પોતાની પ્રિયતાની અભિવ્યક્તિ થશે અને ધ્યાન આપો-આપ થવા લાગશે.

## ૨૪૪. ભૌતિક ઉન્નતિ અને અધ્યાત્મિક ઉન્નતિનો શું અર્થ છે?

સંસાર આપણી આવશ્યકતા અનુભવે, આ ભૌતિક ઉન્નતિ છે, અને આપણને સંસારની આવશ્યકતા ન રહે તે અધ્યાત્મિક ઉન્નતિ છે.

## ૨૪૫. આસ્તિક ઉન્નતિનો શું અર્થ છે?

આપણે ઈશ્વરના કામમાં પોતાના માટે ઈશ્વર પાસેથી કંઈપણ ન ઈચ્છીએ.

## ૨૪૬. પૂર્ણ વિકાસનો શો અર્થ છે?

આપણે સંસાર અને પરમાત્માના કામમાં આવીએ અને બદલામાં બન્ને પાસેથી કંઇ ન ઇચ્છીએ.

## ૨૪૭. અવિનાશી જીવનની લાલસા કેવી રીતે જાગે?

વિનાશી જીવનની વાસ્તવિકતાનો બોધ થવાથી અવિનાશી જીવનની લાલસા આપમેળે જાગશે.

## ૨૪૮. નિરસતાનો નાશ કેવી રીતે થાય?

આવશ્યક કાર્ય તમામ સામર્થ્ય, યોગ્યતા અને ઈમાનદારીથી પૂરા કરવા અને અનાવશ્યક કાર્યોનો ત્યાગ કરવો. દરેક કાર્યના આદિ અને અંતમાં આપો-આપ આવવાવાળી શાંતિને સુરક્ષિત રાખો. શાંતિથી નિરસતાનો નાશ થાય છે. આવું કરવાથી ઉદારતા, શાંતિ, સ્વાધીનતા અને પ્રિયતાની અભિવ્યક્તિ થાય છે, જે સ્વભાવથી રસરૂપ છે.

## ૨૪૯. સુખ અને રસમાં શું અંતર છે?

સુખ હંમેશા ઓછું થતું જાય છે અને રસ ઉત્તરોતર વધતો જાય છે.

## ૨૫૦. લોભ અને મોહનો નાશ કેવી રીતે થાય?

જે મળેલું છે તેને પોતાનું નથી, અને પોતાના માટે નથી, એવું માનવાથી લોભ અને મોહનો નાશ થાય છે. મોહનો નાશ થવાથી ભયનો નાશ થાય છે. અને લોભનો નાશ થવાથી દરિદ્રતાનો નાશ થાય છે.

## ૨૫૧. મળેલું છે તે પોતાનું ન માનવું તેનો અર્થ શું છે?

મળેલું છે તેના દ્વારા સુખ ભોગવવાની આશા ન રાખવી પરંતુ તેના દ્વારા બીજાની સેવા કરવી.

## ૨૫૨. અસંગતાનું વાસ્તવિક સ્વરૂપ શું છે?

કર્તવ્ય-પાલનના ફળ અને અભિમાનને છોડવું અને બુદ્ધિની સમતાની શાંતિમાં જ રહ્યા ન કરવું એ અસંગતાનું વાસ્તવિક સ્વરૂપ છે.

## ૨૫૩. સ્તુતિ, ઉપાસના અને પ્રાર્થના નો શો અર્થ છે?

પ્રભુના અસ્તિત્વ અને મહત્ત્વનો સ્વીકાર કરવો એ સ્તુતિ છે. પ્રભુ સાથે પોતાપણાનો સ્વીકાર કરવો એ ઉપાસના છે. પ્રભુ પ્રેમની આવશ્યકતાનો અનુભવ કરવો એ પ્રાર્થના છે.

## ૨૫૪. ભગવત્ પ્રાપ્તિનો સુગમ ઉપાય શું છે?

ભગવાનને પસંદ કરવા એ જ ભગવત્ પ્રાપ્તિનો સુગમ ઉપાય છે. સર્વ સંબંધોને એક સંબંધમાં સર્વ વિશ્વાસમાં અને સર્વ ઈચ્છાઓને એક 'આવશ્યકતા'માં વિલિન કરી દેવી એ જ ભગવાનને પસંદ કરવાનો અર્થ છે.

## ૨૫૫. હું જેના પ્રત્યે ઉદારતા દેખાડું છું તે સ્વભાવથી જ બીજા પ્રત્યે ઉદાર નથી હોતા, તો મારી અંદર ઉદારતા ઘટવા લાગે છે. શો ઉપાય કરવાથી મારી ઉદારતામાં ઘટાડો ન આવે?

ઉદારતા દેખાડી ન શકાય, એ તો માનવનો સ્વભાવ છે જેની

અભિવ્યક્તિ સત્સંગ દ્વારા થાય છે. જો કોઈને કોઈ નાતે સર્વેને પોતાના માની લઈએ, તો ઉદારતામાં ઘટાડો થશે નહીં.

## ૨૫૬. માનવ–સેવા–સંઘ અનુસાર સાધન, ભજનનો અર્થ બતાવવાની કૃપા કરશો ?

માનવ–સેવા–સંઘ અનુસાર સાધન, ભજન સત્સંગનું ફળ છે. માનવનો પુરૂષાર્થ કેવળ સત્સંગ કરવામાં છે. સત્સંગનો અર્થ છે, પોતે જાણેલાં સત્યનો સ્વીકાર કરવો, જ્ઞાનના આધાર પર અકિંચન અને ઈચ્છારહિત થઈને અપ્રયત્ન બનવું એ સત્સંગ છે. આસ્થાના આધાર પર સાંભળેલા પ્રભુના અસ્તિત્વ, મહત્ત્વ અને પોતાપણું સ્વીકારવું અને નિર્ભય થઈ જવું તે સંત્સગ છે. જ્ઞાનના આધાર પર કરેલા સત્સંગનું ફળ સાધન છે અને આસ્થાના આધાર પર કરેલા સત્સંગનું ફળ ભજન છે.

## ૨૫૭. દેહ સાથેનું તાદાત્મ્ય કેવી રીતે તૂટે ?

(૧) 'હું' શરીર નથી અથવા શરીર મારું નથી. જ્ઞાન–પૂર્વક એ અનુભવ કરવાથી દેહ સાથેના તાદાત્મ્યનો નાશ થશે.

(૨) સેવા કરવાથી સ્થૂળ શરીરથી, ઈચ્છારહિત હોવાથી સૂક્ષ્મ શરીરથી અને અપ્રયત્ન હોવાથી કારણ શરીરથી અસંગતા પ્રાપ્ત થાય છે. ત્રણેય શરીરોથી અસંગતા પ્રાપ્ત થતાં જ દેહ સાથે તાદાત્મ્યનો નાશ થશે.

## ૨૫૮. મનની ચંચળતાને કેવી રીતે રોકી શકાય ?

માનવ–સેવા–સંઘના દર્શન અનુસાર મનની કોઈ સ્વતંત્ર સત્તા નથી. પોતાની પસંદના પ્રભાવનો સમૂહ એટલે જ મન છે જે ચીજને

આપણે પસંદ કરીએ છીએ, તેમાં મન લાગી જાય છે અને જેને નાપસંદ કરીએ છીએ, ત્યાંથી મન હટી જાય છે.

(૧) આથી મનને જ્યાં લગાડવા ઈચ્છો છો તેને પસંદ કરી લો અને જ્યાંથી હટાવવા ઈચ્છો છો તેને નાપસંદ કરી લો. મનની ચંચળતાનો ભાસ ત્યારે થાય છે જ્યારે આપણે સંસારને પસંદ કરીને મનને ભગવાનમાં લગાડવા માગીએ છીએ.

(૨) બીજો ઉપાય એ છે કે મન પરથી પોતાની મમતાનો ભાર હટાવીને તેને ભગવાનને હવાલે કરી દો. ભગવાન તેને શુદ્ધ, સ્વસ્થ અને શાંત કરી દેશે. ફળ-સ્વરૂપે મનની ચંચળતા સમાપ્ત થઈ જશે.
(૩) મન તો એક દર્પણ છે જે વસ્તુસ્થિતિનો બોધ કરાવે છે. મનને બૂરું સમજવું, ન તો તેની નિંદા કરવી, પરંતુ વિવેકના પ્રકાશમાં પોતાની વસ્તુસ્થિતિનું અધ્યયન કરવું અને પોતાનામાં જે ખામીઓ જણાય, તેને સત્સંગના પ્રકાશમાં દૂર કરવાનો ઉપાય કરવો આનાથી પણ મનની ચંચળતા દૂર થશે.

(૪) જે ન કરી શકતા હો અને ન કરવું જોઈએ તેને ન કરવાથી તથા જે કરવું જોઈએ અને કરી શકતા હો તેને કરી નાખવાથી મન શાંત થઈ જાય છે.

## ૨૫૯. નજીકના જનસમાજની યથાશક્તિ ક્રિયાત્મક સેવા કરવાનો અર્થ શું છે?

સેવા બે પ્રકારે થાય છે-એક ક્રિયાત્મક અને બીજી ભાવાત્મક. ભાવાત્મક સેવા અસીમ હોય છે અને પોતાની શક્તિને અનુસાર જે વ્યક્તિઓ સાથે પોતાનો માની લીધેલો સંબંધ છે, તેની ક્રિયાત્મક

સેવા કરી શકાય છે. આથી જે સમાજ આપણી નજીક છે, યથાશક્તિ તેની ક્રિયાત્મક સેવા કરવાની વાત કહેવામાં આવી છે. સૌથી વધારે નિકટ આપણું શરીર છે, તેના પછી પરિવારના સભ્યો, અન્ય સંબંધી, પાડોશી વગેરે આવે છે.

## ૨૬૦. સાધક અને સાધન વચ્ચે શું સંબંધ છે?

સાધક પોતાના લક્ષ્ય સુધી પહોચવા માટે જે ઉપાય અપનાવે છે તેનું નામ સાધન છે, જ્યાં સુધી લક્ષ્ય પુરું થતું નથી, ત્યાં સુધી સાધનની જરુરત રહે છે. લક્ષ્ય પૂર્તિ થયા બાદ સાધક અને સાધનમાં એકતા થઈ જાય છે.

## ૨૬૧. સંકલ્પ–વિકલ્પથી છૂટકારો કેવી રીતે મળે?

જ્ઞાનપૂર્વક એ વાસ્તવિકતાનો અનુભવ કરો કે કોઈના પણ દરેક સંકલ્પ પૂરા થતા નથી અને કોઈ સંકલ્પ દરેકના પૂરા થાય છે. સંકલ્પ-પૂર્તિ થયાં બાદ સંકલ્પ અપૂર્તિ જ શેષ રહે છે. આથી સંકલ્પ-પૂર્તિ જીવન નથી. સંકલ્પ-પૂર્તિના સુખનો ભોગ ન કરવાથી નવીન સંકલ્પની ઉત્પત્તિ થતી નથી અને આવશ્યક સંકલ્પ આપો-આપ પૂરા થઈને મટી જાય છે.

## ૨૬૨. અમે ઈશ્વરના હોવાપણાના આનંદનો અનુભવ કેમ નથી કરી શકતા?

કારણ કે આપણે ઈશ્વરને સાધ્ય ન માનતાં સાધન માનેલ છે. આપણે ઈચ્છીએ છીએ કે ઈશ્વર આપણી સુખ, સુવિધા, સન્માનને સુરક્ષિત રાખે આથી ઈશ્વરીય આનંદનો અનુભવ કરવા માટે ઈશ્વરને સાધન ન માનતાં સાધ્ય માનવું અને તેની આવશ્યકતાનો અનુભવ કરવો.

## ૨૬૩. વર્તમાનનો સૌથી સારો સદુપયોગ કયોછે?

(૧) સત્સંગને સુરક્ષિત રાખવો એ વર્તમાનનો સૌથી સારો સદુપયોગ છે. દરેક કાર્યના આદિ અને અંતમાં સ્વભાવથી જ સત્‌નો સંગ થાય છે. તેને પસંદ કરવો, તેની આવશ્યકતાનો અનુભવ કરવો અને તેને સુરક્ષિત રાખવો

(૨) ઉદારતા, સ્વાધિનતા, શાંતિ અને પ્રિયતા સત્સંગનું ફળ છે. ઉદારતાથી માનવ સંસાર માટે, શાંતિ અને સ્વાધિનતાથી પોતાના માટે અને પ્રેમથી પ્રભુને માટે ઉપયોગી સિદ્ધ થાય છે. આ પ્રકારે માનવ-જીવન દરેક માટે ઉપયોગી સિદ્ધ બની જાય, એ વર્તમાનનો સૌથી સારો સદુપયોગી છે.

## ૨૬૪. હું દરરોજ બે કલાક પરંપરાગત રીતે પૂજા કરું છું. ઘરના લોકો તેનો વિરોધ કરે છે તથા તેમાં અવરોધ ઊભા કરે છે તો શું કરવું?

પૂજાનો વાસ્તવિક અર્થ છે-ભગવાનને નાતે અને તેની પ્રસન્નતા માટે સંસારની સેવા કરવી. જે સમયે ઘરના લોકો તમારી પાસેથી કોઈ કામની અપેક્ષા રાખતા હોય અને તે સમયે તમે પૂજામાં બેસી જતા હો, તો તેનો વિરોધ કરવો યોગ્ય જ છે. આથી પૂજાનો વાસ્તવિક અર્થ સમજીને ઘરવાળાની નિષ્કામ ભાવથી સેવા કરવી. જો વિધિવત્ પૂજા કરવાનો રાગ હોય જ તો તેનો સમય જરૂરી કાર્ય પહેલાં અથવા પછી રાખી શકો.

## ૨૬૫. મમતા શું છે? તેનાથી છૂટકારો કેવી રીતે મળી શકે?

મમતા સુખ લેવાનો માત્ર એક ઉપાય છે. જેનાથી જેટલું વધારે સુખ

ભોગવશો, તેનાથી મમતા તોડવી એટલી જ કઠિન થશે. પોતાનું માનવું એ જ મમતા છે. પોતાનું ન માનવાનો નિર્ણય કરી લીધા પછી કંઇ કરવાનું બાકી રહેતું નથી.

એક ખૂબ રોચક વાત કરું. શરીરને આપણે પોતાનું માનીએ છીએ અને તેને બહુ જ મહત્ત્વ આપીએ છીએ. એટલા માટે સંસાર તેને મહત્ત્વ નથી આપતો. એક મિલકતના બે માલિક ન હોઇ શકે. જે વસ્તુ પ્રભુની થઇ જાય છે તેની વ્યવસ્થા આપો-આપ થાય છે.

એ નિર્ણય કરો કે કોઇપણ વસ્તુ આપણી છે જ નહીં. અથવા પ્રભુ આપણા છે. બસ કામ થયા કરશે બંનેમાંથી એક અવશ્ય કરવું એ જ પુરૂષાર્થ છે. સત્સંગ પુરૂષાર્થ છે. સત્સંગ પુરૂષાર્થની પરાવધિ છે.

પ્રાપ્ત છે તેમાં મમતા નહીં. પ્રાપ્તિનો દુરઉપયોગ નહીં અને અપ્રાપ્તની કામના નહીં. બસ, કર્તવ્ય પરાયણતા, અસંગતા અને સ્થિરતા આવી જશે. વિચારની દષ્ટિએ વસ્તુ મારી નથી. કર્મની દષ્ટિએ વસ્તુનો દુરઉપયોગ ન કરવો અને ભાવની દષ્ટિએ સઘળું પ્રભુનું છે.

### ૨૬૬. સ્વામીજી! પુસ્તકોની નીચે આપ તમારું નામ કેમ નથી લખાવતા?

સર્વ શક્તિઓ દ્વારા જે સત્યની ખોજ થઇ છે તેને છોડીને મારું નામ લખાવું ?

### ૨૬૭. મહારાજજી! સત્યની પ્રાપ્તિમાં કેટલો સમય લાગે છે?

જેની જેટલી તીવ્ર આવશ્યકતા હોય છે તેનો તેટલો જ ઓછો સમય લાગે છે. જ્યારે તમે ભગવાન વગર સુખેથી રહી ન શકો, તે સમયે ભગવાન મળી જશે.

## ૨૬૮. સ્વામીજી! પ્રણવના ઉચ્ચારણથી શું લાભ થાય છે?

ઈન્દ્રિઓ મનમાં વિલિન થાય છે, મનની શક્તિ, બુદ્ધિમાં, બુદ્ધિ અહમ્‌માં અને અહમ્ અનંતમાં વિલિન થાય છે.

## ૨૬૯. સ્વામીજી ! મનમાં ખૂબ જ વિકાર પેદા થતા રહે છે, શું કરું ?

વિકાર પેદા થતા નથી; પરંતુ વિકારોની સ્મૃતિ ઉત્પન્ન થતી હોય છે. તેનું સમર્થન ન કરો.

## ૨૭૦. મારી પરિસ્થિતિ તમારાથી છૂપી નથી, મારા હિતની વાત બતાવશો?

વિવેકપૂર્વક પરિસ્થિતિના સદુપયોગમાં જ માનવનું હિત સમાયેલું છે. જે કોઈ જેવી પરિસ્થિતિમાં છે, તે તેના સદુપયોગથી માનવતા પ્રાપ્ત કરી શકે છે.

## ૨૭૧. સદુપયોગ કેવી રીતે કરવો જોઈએ?

પોતાને અધિકારની લાલસાથી રહિત થઈને બીજાના અધિકારોની રક્ષા કરવી જોઈએ.

## ૨૭૨. અધિકારના ત્યાગનું ફળ શું હોઈ શકે?

અધિકારના ત્યાગથી નવીન બંધન થતાં નથી અને બીજાને અધિકાર આપી દેવાથી હયાત બંધન કપાઈ જાય છે.

## ૨૭૩. બંધન શું છે અને કેવી રીતે છૂટે ?

લેવું અને દેવું એ જ બંધન છે. લેવાનું બંધ કરીને દેવાનું આપીએ તો બંધન જેવી કોઇ ચીજ રહેતી જ નથી.

## ૨૭૪. લેવામાં શું બૂરાઇ છે ?

લેવાની રુચિ જ નવીન રાગ જન્માવે, જે પૂરી ન થવાથી ક્ષોભિત અને ક્રોધિત થવાથી કર્તવ્યની પોતાના સ્વરૂપની અને પ્રભુની વિસ્મૃતિ થઇ જાય છે.

## ૨૭૫. પ્રભુની વિસ્મૃતિ શા માટે થાય છે અને કેવી રીતે મિટાવી શકાય ?

પ્રભુની વિસ્મૃતિ મિટાવવી હોય તો આસક્તિઓ મિટાવવી પડે. આસક્તિ બધા જ દોષો અને વિકારોનું મૂળ છે.

## ૨૭૬. કયુ કાર્ય ન કરવું જોઈએ ?

જે કાર્ય વિવેક વિરોધી હોય અને જેને પૂરું કરવાનું સામર્થ્ય ન હોય, તેવું કાર્ય ન કરવું જોઈએ.

## ૨૭૭. જો કોઇ વિવેક વિરોધી કાર્ય કરવા માટે દબાણ કરે તો શું કરવું જોઈએ ?

ન્યાયપૂર્વક ઈન્કાર કરીને વિનમ્રતાપૂર્વક ક્ષમા માંગી લેવી જોઈએ. ક્ષમા માંગવી એટલે પોતાની વિવશતા પ્રગટ કરવાની છે, જેમાં સામેવાળાનું અપમાન પણ ન થાય અને કરવાની વાત પણ ન કહેવી પડે.

## ૨૭૮. તમોએ અસત્‌ના સંગનો ત્યાગ કરવાથી સત્સંગની પ્રાપ્તિ બતાવી અને કર્તવ્ય–પાલનની વાત કરો છો, પરંતુ અમારો કયો દોષ છે કે જેનાથી અમે એવું કરી શકતા નથી ?

પોતાના દોષોને જાણવા માટે જ્યારે તમો રાત્રે વિશ્રામ કરવા જાવ, ત્યારે વિચારવું કે આજે એવું કામ તો નથી કર્યુ, કે જેમાં વિવેકનો વિરોધ થયો હોય, અથવા કોઈનો અનાદર થયો હોય? આમાં પોતાની ભૂલની ખબર પડશે. પછી જે ભૂલ થઈ હોય, તેને ફરીથી ન કરવાનું વ્રત લેવું જોઈએ તથા એ પણ નિર્ણય કરવો જોઈએ કે મારી પ્રત્યેક કોશિશ લોકહિત માટે હશે અર્થાત્ હું ન તો કોઈને બુરો સમજીશ, ન તો કોઈનું બૂરું વિચારીશ અને ન તો કોઈની સાથે બૂરાઈ કરીશ.

## ૨૭૯. પોતાને સર્વહિતકારી માનવાથી શું અમને અભિમાન નહીં થાય ?

દરેક રીતે સર્વહિતકારી સિધ્ધ થવાથી સર્વાંગી રીતે નિર્દોષતા આવી જાય છે, જેમાં અભિમાનની ગંધ પણ હોતી નથી.

## ૨૮૦. નિર્દોષતા આવી ગઇ, કેવી રીતે ખબર પડે ?

જો નિર્દોષતા, ઈચ્છતા હો તો નિર્વિકલ્પ બની જાવ. જેવી રીતે બીજ વાવીને ખેડૂત વારંવાર ખોદીને જોતો નથી, તેવી રીતે આપણે નિશ્ચિંત રહેવું જોઈએ કે બૂરાઇ છોડવાથી અમે અવશ્ય નિર્દોષ થઇ જશું.

**૨૮૧. કોઈનું બૂરું  ન ઈચ્છવાથી શું લાભ થાય છે ?**

જે કોઈનું ખરાબ નથી ઈચ્છતો, તેના ખરાબ સંકલ્પ હંમેશાને માટે મટી જાય છે, જેના મટવાથી નિર્વિકલ્પતા આવી જાય છે. નિર્વિકલ્પતા શાંતિ, સામર્થ્ય તથા સ્વાધીનતા જન્માવે છે.

**૨૮૨. મહારાજજી ! અમારે જીવનમાં શું કરવું જોઈએ ?**

સાધન

**૨૮૩. કૃપા કરી બતાવશો, અમે સાધન કેવી રીતે કરીએ ?**

સાધનનું જ્ઞાન આપણામાં છે. પોતાના કર્તવ્યનું જ્ઞાન તથા સામર્થ્ય પણ આપણામાં છે. બીજાના અધિકારોની રક્ષા અને પોતાના અધિકારોનો ત્યાગ કરો; પરંતુ તેના માટે પહેલાં સત્સંગી બનવાનું છે.

**૨૮૪. સત્સંગી કેવી રીતે બનીએ ?**

અસત્‌નો ત્યાગ કરવાથી સત્સંગી બનાય છે.

**૨૮૫. અસત્ કોને કહે છે ?**

અસત્ એ છે કે જેને તમે તમારા પ્રત્યે ન ઈચ્છતા હો. દરેક ઈમાનદાર અને વ્યવહાર કુશળ સાથી ઈચ્છે છે. આથી આપણે પણ દરેક માટે ઈમાનદાર અને વ્યવહાર કુશળ બનવું જોઈએ.

**૨૮૬. ઈમાનદાર હોવા છતાં જો કોઈ ખરાબ સમજે તો શું કરીએ ?**

કોઈ આપણને ઈમાનદાર માને છે કે નહીં, તેની ચિંતા ન કરો. જો પોતાનામાં કોઈ બૂરાઈ પ્રતીત થતી હોય, તો તેને દૂર કરવાનો પ્રયત્ન કરો. જો બૂરાઈ ન હોય તો બીજાની ચિંતા ન કરો.

## ૨૮૭. ભગવાનનો મહિમા શું છે અને તેને કેવી રીતે સમજી શકાય ?

ભગવાને મનુષ્યને સારા ઉપયોગ માટે કર્મ કરવા ક્રિયાશક્તિ અને વિવેકશક્તિ આપી છે; પરંતુ મનુષ્ય તેનો સદુપયોગ ન કરીને, દુરઉપયોગ કરવા લાગે છે. ભગવાન તો એટલા ઉદાર અને દયાળુ છે કે તે શક્તિઓ ખલાસ થઈ જાય છે, ત્યારે બધું જાણતાં હોવા છતાં તે આપણા અપરાધ તરફ ધ્યાન ન આપીને વારંવાર શક્તિ પ્રદાન કરતા રહે છે. પ્રભુના આ મહિમાને સમજીને સાધક જો વ્યથિત હ્રદયે પ્રાર્થના કરે તો સાધકને બળનો સદુપયોગ તથા વિવેકનો આદર કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થઈ જાય છે.

## ૨૮૮. ભગવાનની અહેતુક કૃપા દરેક પર સદૈવ છે, તેનો અનુભવ કેવી રીતે થાય ?

જે સાધકને પોતાના બળ અને પુરૂષાર્થ પર ભરોસો છે અને તે એ સમજે છે કે પોતાના કર્મોના ફળ-સ્વરૂપે પ્રાપ્ત શક્તિના બળ પર પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરીશ, તો ભગવાનની કૃપાનો અનુભવ થતો નથી.

ભગવત્ કૃપાનો અનુભવ એ સાધકને થાય છે. જેને તેની કૃપા પર પૂર્ણ વિશ્વાસ હોય છે જે હર વખત દરેક પરિસ્થિતિમાં તેની કૃપાની જ વાટ જોતો હોય છે અને એવું માનતો હોય છે કે મને જે વિવેક મળ્યો છે, તે ભગવાનનો પ્રસાદ છે. મન, બુદ્ધિ, ઈન્દ્રિયો, શરીર તથા અન્ય સમસ્ત સાધન સામગ્રી તેમની છે અને તેમની કૃપાથી જ સદુપયોગ કરવા માટે મને આપેલ છે. આ પ્રકારે જે

સાધક પોતાને ભગવાનની કૃપાને પાત્ર માને છે, તેને ભગવત્ કૃપાનો અનુભવ અવશ્ય થાય છે.

## ૨૮૯. મનની એકાગ્રતા કેવી રીતે થાય ?

મનની એકાગ્રતાનાં ઉપાય સાધકોની રુચિ, યોગ્યતા અને વિશ્વાસ પ્રમાણે અનેક છે. તેમાંથી મુખ્ય સાધન વૈરાગ્ય અર્થાત્ રાગનો અભાવ છે. અભ્યાસ દ્વારા મેળવવામાં આવેલી એકાગ્રતા ટકતી નથી, ચંચળતામાં બદલાઈ જાય છે.

બીજો ઉપાય છે, સર્વ ઈચ્છાઓનો અભાવ જ્યારે બધી ઈચ્છાઓની નિવૃત્તિ થઈ જાય છે, ત્યારે મનથી સ્વાભાવિક એકાગ્રતા પ્રાપ્ત થાય છે તે સદાય ટકી રહે છે.

ત્રીજો ઉપાય છે, મનની ચંચળતાની વ્યથાથી વ્યથિત હોવું. જ્યારે મનની એકાગ્રતા વગર ચેન પડતું નથી. ત્યારે મન અવશ્ય એકાગ્ર થઈ જાય છે.

જે મનની એકાગ્રતાને વર્તમાન જીવનનો મૌલિક પ્રશ્ન બનાવી લે છે અને તેને હલ કર્યા વગર પ્રસન્નતાપૂર્વક રહે નહીં, તેનુ મન પણ એકાગ્ર બને છે.

## ૨૯૦. જ્યારે સાધકનું દેહાભિમાન સંપૂર્ણ ઓગળી જાય છે. અને તેનું હૃદય વિશુદ્ધ પ્રેમથી ભરેલું રહે છે, ત્યારે તે સાધકના રોજીંદા વ્યવહારમાં શું ફરક પડે છે?

તે સાધકની પ્રવૃત્તિ બીજાઓની પ્રસન્નતાને માટે થવા લાગે છે. લોક-વ્યવહારમાં શત્રુ-મિત્ર દરેક સાથે સમાન પ્રેમ રાખે છે, સારો વર્તાવ કરે છે. કર્મનો ભેદ હોવા છતાં પણ તેના પ્રેમમાં વિષમતા હોતી નથી

આથી તે દરેકને પ્રિય થઇ જાય છે. તેની દરેક પ્રવૃતિમાં સહજતાથી બીજાઓનું હિત સમાયેલું રહે છે, એટલા માટે દરેક તેને પ્રેમ કરે છે. તેનું બહારનું આચરણ સર્વેને પ્રિય થઈ જાય છે.

## ૨૯૧. જીવતા રહીને મૃત્યુ પામવું કોને કહે છે?

પ્રાણ ના રહેતા જ શરીર અને સંસારથી સંપૂર્ણ રીતે સંબંધરહિત થઈ જવું તે જીવતા રહીને મૃત્યુ પામવું છે.

## ૨૯૨. ભગવત્ પ્રેમ ઈચ્છવા છતાં પણ નથી મળી શકતો, આ માટે શું કરીએ?

સાધકે ભગવત્ પ્રેમ માટે ક્યારેય નિરાશ થવું જોઈએ નહીં. જેને પ્રેમની સાચી લગન હોય છે તેને પ્રેમ અવશ્ય મળે છે. પ્રેમની ભૂમિકા અનેક પ્રકારની હોય છે. પ્રેમની ક્યારેય પૂર્ણતા નથી થતી, આ જ કારણે પ્રેમીને દરેક અવસ્થામાં પ્રેમની અધૂરપનો બોધ થતો રહે છે. જો સાધક આ ભાવથી પોતાનામાં પ્રેમની અધૂરપનો અનુભવ કરે છે ત્યારે એવું નથી કે તેને સદૈવ નિત્ય-નવો લાગવાવાળો પ્રભુ પ્રેમ પ્રાપ્ત થયો નથી. પ્રેમ અનંત છે, પ્રેમાસ્પદ પણ અનંત છે અને પ્રેમની લાલસા પણ અનંત છે. જ્યાં ત્રણેય અનંત હોય, ત્યાં પૂર્ણતા કેવી રીતે હોય?

જો પ્રેમની લાલસા રહેતી હોય અને ખરેખર પ્રેમ પ્રાપ્ત થયો ન હોય, તો તેના માટે ઊંડી વેદના હોવી જોઈએ. તે વેદના અવશ્ય પ્રેમની પ્રાપ્તિ કરાવી દેશે.

જો પ્રેમની ઈચ્છા હોય અને તીવ્ર વેદના ન હોય, તો સમજવું જોઈએ કે સદ્‌ગુણ સદાચારનો રસ જીવનમાં છે. જ્યાં સુધી ભોગોમાં રસ

પ્રતીત થાય છે, ત્યાં સુધી તો પ્રેમની સાચી ઈચ્છા જ નથી હોતી ભગવત્-પ્રેમનું મૂલ્ય સદ્‌ગુણ કે સદાચાર નથી.

પાપીમાં પાપી પણ ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરી શકે છે કારણ કે પતિત પાવન પ્રભુ અધમના ઉદ્ધારક અને દીનબંધુ પણ છે. તે દીન, હીન અને પતિતને પણ પ્યાર કરે છે.

જ્યારે નાનામાં નાની ઈચ્છા પૂરી ન થવાને કારણે મનુષ્ય દુઃખી થાય છે, તો પછી જેને ભગવત્ પ્રેમની ઈચ્છા હોય અને પ્રેમ મળતો ન હોય, તો તે શાંતિપૂર્વક કેવી રીતે રહી શકે? તેની વેદનાને કોઈ ભોગ સદ્‌ગુણ, સદાચાર અને સદ્‌ગતિનું સુખ કેવી રીતે શાંત કરી શકે?

જે સાધક કેવળ પ્રભુને જ પ્રેમ કરે છે, પ્રભુ પ્રેમના ભુખ્યા છે. જેમને કોઈપણ પ્રકારના ભોગ, ગુણ, ગતિથી રસ મળતા નથી અને જેમણે બધા રસોનો ત્યાગ કરેલ છે. તેમને ભગવાન અવશ્ય પોતાનો પ્રેમ પ્રદાન કરે છે. એમાં શંકાને સ્થાન જ નથી. પ્રેમી પોતાના પ્રેમાસ્પદ તરફથી કોઈ પ્રકારનું સુખ ઈચ્છતો નથી.

## ૨૯૩. સ્વામીજી ! મનુષ્ય સ્વાધીન છે કે પરાધીન ?

ઈશ્વર દ્વારા આપવામાં આવેલ વિવેક પ્રમાણે પ્રાપ્ત બળનો સદુપયોગ કરવામાં પ્રાણી સર્વ રીતે સ્વાધીન છે. આ સ્વાધીનતા ઈશ્વરે આપેલી છે. તેના વગર મનુષ્ય સર્વ રીતે પરાધીન છે.

વાસ્તવમાં સ્વાધીન તેને કહી શકાય કે જે પોતાને પ્રાપ્ત થયેલ વિવેકનો આદર કરીને સર્વ પ્રકારની ઈચ્છાથી રહીત થઈ ગયેલ છે. કારણ કે કોઈપણ પ્રકારની ઈચ્છા રહેલ હોય તો કોઈ પણ મનુષ્ય પોતાને સ્વાધીન કહી શકે નહીં.

જ્યાં સુધી મનુષ્ય પોતાની પ્રસન્નતાનું કારણ બીજી કોઈ વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ, અવસ્થા વગેરેને માનતો રહે, ત્યાં સુધી તે પોતાના જીવનમાં દીન, હીન અને પરાધીન જ રહે છે.

પ્રાપ્ત વિવેકનો આદર કરીને પોતાના દોષોનું નિવારણ કરીને અંતઃકરણને શુદ્ધ કરવામાં મનુષ્ય હંમેશા સ્વાધીન છે.

## ૨૯૪. મનુષ્ય મરવાથી શા માટે ડરે છે?

શરીરને 'હું' માની લેવાને કારણે તથા મૃત્યુનો મહિમા ન જાણવાને કારણે જ મનુષ્ય મરવાથી ડરે છે.

## ૨૯૫. મૃત્યુનો મહિમા શું છે?

ઉત્પત્તિ, સ્થિતિ અને મૃત્યુ એટલે કે લય માપવું આ ત્રણેય અલગ-અલગ દેખાય છે. પરંતુ વિચાર કરવાથી જણાય છે કે તેમાં કોઈ ભેદ નથી. બાલ્યાવસ્થાનો અંત અને કિશોર-અવસ્થાની ઉત્પત્તિની માફક જ યુવાની અને વૃધ્ધાવસ્થા વગેરે બધી અવસ્થાઓનું પરિવર્તન દરેક સમયે થતું રહે છે. એક મૃત્યુ જ બીજા નવીન જીવનનું કારણ બને છે. જો સંસારમાં કોઈ મરે જ નહીં, તો જનસંખ્યા એટલી વધી જાય કે રહેવા માટે પૃથ્વી પર કોઈ જગ્યા જ ન મળે અને એટલું દુઃખ વધી જાય કે કોઈ જીવનને પસંદ જ ન કરે.

આમ, મૃત્યુની પણ આવશ્યકતા છે અને તે ખૂબ મહત્ત્વની ચીજ છે. એક શરીરનો નાશ થઈને બીજું નવું શરીર મળે છે. મૃત્યુ જ નવીન જીવન પ્રદાન કરે છે.

## ૨૯૬. કુંતી દેવીને સતી માનવામાં આવે છે; પરંતુ સૂર્ય વગેરે દેવતાઓ દ્વારા પુત્ર ઉત્પન્ન કરવા છતાં પણ તેનું સતીત્વ અખંડ કેમ રહ્યું?

તે સમયે આજ-કાલ જેવી પરિસ્થિતિ હતી નહીં. તે લોકોને ધર્મનું જ્ઞાન હતું અને ધર્મમાં નિષ્ઠા હતી. સ્ત્રીઓના મુખ્ય બે ધર્મ માનવામાં આવ્યા છે. એક સતી-ધર્મ અને બીજો સાધ્વી-ધર્મ. સતી-ધર્મ તો એ છે કે, જેમાં પતિને જ પરમેશ્વર માનીને સર્વસ્વ તેને સમર્પણ કરવામાં આવે છે. સાધ્વી-ધર્મ એ છે, કે જેમાં પરમેશ્વરને પતિ માનીને તેને સર્વસ્વ સમર્પણ કરવામાં આવે છે. મીરા, ગોપીઓ વગેરેએ સાધ્વી-ધર્મનું પાલન કર્યુ હતું.

કુંતી દેવી સતી-ધર્મનું પાલન કરવાવાળી હતી. સતી સ્ત્રીને એક પતિ સિવાય બીજુ કંઈપણ પોતાનું રહેતું નથી તે શરીર, ઘર વગેરે કંઈપણ ઉપર પોતાનો અધિકાર માનતી નથી. તે બધું જ પતિનું માને છે. તે જે કંઈ કરે છે, તે પતિને માટે જ કરે છે પતિની પ્રસન્નતા અને હિત જ તેનું એક માત્ર લક્ષ્ય હોય છે.

કુંતીની સામે પરિસ્થિતિ એવી હતી કે શાપના ભયથી પાંડુરાજા સ્ત્રી સહવાસ કરી શકતા ન હતા અને જો કરે, તો તેનું મૃત્યુ થઈ જાય. પાંડુના મનમાં પુત્રની પ્રબળ ઈચ્છા હતી. આથી તેણે એ ઈચ્છાથી પ્રેરિત થઈને જ્યારે કુંતીને પોતાના મનની વાત કહી ત્યારે કુંતીએ પહેલા તો પતિને વિનયપૂર્વક ધર્મનું તત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો તેમ છતાં તેની ઈચ્છા શાંત થઈ નહીં, ત્યારે કુંતીએ કહ્યું કે 'મને

દુર્વાસા એ મંત્ર આપેલ છે તેના પ્રભાવથી હું દેવતાઓને બોલાવીને પુત્ર ઉત્પન્ન કરી શકું છું ' આથી પાંડુએ આજ્ઞા આપી કે તું દેવતાઓ વડે પુત્ર ઉત્પન્ન કરે. આ પરિસ્થિતિમાં ભોગ-વાસના વગર એક માત્ર પતિની પ્રસન્નતા ખાતર કુંતીએ તેની આજ્ઞાનું પાલન કર્યુ તેમાં તેનું સતીત્વ ક્ષીણ શા માટે થાય? તેણે તો જે કંઈ કર્યુ તે સતી-ધર્મના પાલન માટે કર્યુ. તે શરીરને પણ પોતાનું માનતી ન હતી. શરીર પર તો તે પોતાના પતિનો પૂરો અધિકાર માનતી હતી.

## ૨૯૭. સ્વામીજી! ભગવાનને અવતાર શા માટે લેવો પડે છે?

ભગવાનને અવતાર લેવો પડે, એવી વાત નથી, કારણ કે ભગવાન સર્વથા પૂર્ણ, સર્વશક્તિમાન અને સ્વતંત્ર છે. તે પોતાની મોજથી અવતાર લે છે. શાસ્ત્રોમાં ભગવાનના અવતાર માટે ત્રણ હેતુ બતાવેલ છે.

(૧) સાધુ-પુરૂષના રક્ષણ માટે

(૨) દુષ્ટોના વિનાશ માટે અને

(૩) ધર્મની સ્થાપના માટે

આમાંથી દુષ્ટોનો વિનાશ અને ધર્મની સ્થાપના તો ભગવાન અવતાર લીધા વગર પણ કરી શકે છે. જો આ બંને અવતાર લેવા માટેના ખાસ કારણો હોય તો, આ સમયે પણ ભગવાનનો અવતાર થવો જોઈએ. ધર્મનો હ્રાસ આ સમયે ઓછો નથી અને દુષ્ટોની પણ ખોટ નથી. જો તેની લીલા પર વિચાર કરીએ, તો માલૂમ થાય છે કે ભગવાનનો

અવતાર પોતાની રસમયી લીલા દ્વારા ભક્તોને રસ પ્રદાન કરવાને માટે અને સ્વયં તેઓના પ્રેમનો રસ લેવાને માટે હોય છે. ધર્મની સ્થાપના અને દુષ્ટોનો વિનાશ તો તેનું આનંષગિક કાર્ય છે. તેમાં પણ ઘણા પ્રકારે સાધુઓનું હિત ભરેલુ હોય છે.

સાધુ એ છે, જે ભગવાનને પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય, પોતાના જીવનને ભગવત્-પરાયણ બનાવવાની સાધનામાં રત રહે છે. ફક્ત વેશ પહેરવાનું નામ સાધુ નથી. ભગવાન જ્યારે અવતાર લે છે, ત્યારે સાધુપુરૂષોના ઘરમાં જ અવતરે છે. ભગવાન શ્રી કૃષ્ણના અવતાર પર જ વિચાર કરીએ તો, તેમનું પ્રાગટ્ય વસુદેવજીના ઘરમાં અને માતા દેવકીના ઉદરમાં થયો હતો. કે જે સ્વયં પ્રકાશ અને સર્વત્ર વસે છે તેને 'વસુદેવ' કહે છે, અને પ્રકાશમયી બ્રહ્મવિદ્યાનું નામ 'દેવકી' છે. તેનાથી એ માલુમ થાય છે કે ભગવાન એ સાધુ-પુરૂષોના ઘરે જન્મ લે છે જે સંપૂર્ણ વિશુદ્ધ અને તત્ત્વજ્ઞાની છે. પરંતુ તેમને પોતાની લીલાનો, પોતાના પ્રેમનો રસ પ્રદાન કરતાં નથી.

પોતાની પ્રેમ-લીલાનો રસ પ્રદાન કરવાને માટે તે માતા યશોદાની ગોદમાં પધારે છે. જે યશ એટલે કે પ્રેમ-રસ પ્રદાન કરે તેને 'યશોદા' કહે છે અને આનંદનું જ બીજું નામ 'નંદ' છે.

આનાથી એ જણાય છે કે ભગવાન પોતાના પ્રેમમયી લીલાનો રસ પ્રદાન કરીને અને તેના પ્રેમ રસનો સ્વયં આસ્વાદ માણીને તે ભક્તોને આનંદિત કરે છે. આ કામ અવતાર લીધા વગર પૂરું થતું નથી.

ભગવાનની એક એક લીલામાં અનેક રહસ્ય સમાયેલા હોય છે. તે એક જ લીલામાં ઘણાની લાલસા પૂરી કરતા હોય છે. તેની પ્રેમમયી

લીલાનું રહસ્ય મોટા-મોટા બુદ્ધિમાન સમજી શકતા નથી. બીજાનું તો શું, સાક્ષાત્ બ્રહ્માજીને પણ સંદેહ થયો હતો.

અઘાસુરને મારીને શ્રીકૃષ્ણ ભગવાન પોતાના બાલસખાઓની વચ્ચે બેસીને ભોજન કરવા લાગ્યા, તો આ લીલા જોઈને બ્રહ્માજી ચકિત થઈ ગયા. તે વિચારવા લાગ્યા, 'સાક્ષાત્ પરમેશ્વરના આ ગમાર ગોપ બાળકોનું એઠું ખાઈ શકે છે ? આ શું છે ? આ બાળક પોતાની ખાવાની વસ્તુ બીજાને આપી દે છે અને બીજા બાળકે લાવેલી ખાવાની વસ્તુને પોતે ગ્રહણ કરી લે છે.

આ મોહમાં પડીને બ્રહ્માજી, ભગવાનની પરીક્ષા કરવા માટે વાછરડાંને ઊઠાવીને લઈ ગયા. આ બાજુ બાળકોનું મન ભગવાનથી હટીને વાછરડા તરફ ગયું તે બોલ્યા, 'વાછરડા દેખાતા નથી ક્યાંક દૂર જતા રહ્યા છે.' ભગવાન આ કેવી રીતે સહન કરી શકે કે તેનો પ્રેમી કોઈ બીજાને જુએ, ભગવાનને છોડીને તેનું મન બીજાને જુએ ? આથી તેમણે સખાઓને કહ્યું, 'મિત્રો! તમે લોકો અહીં રહો, હું હમણાં વાછરડાને લઈને આવું છું.'

શ્યામસુંદર આ બાજુ ગયા અને બ્રહ્માજી તે બાળકોને બેહોશ કરીને ત્યાંથી ઉઠાવીને પર્વતની ગુફામાં રાખી દીધા. ભગવાનથી મન હટતાં જ ગોપ બાળકોને એક વર્ષ તેનાથી અલગ રહેવું પડ્યું.

આ બાજુ ગાયો તથા ગોપીઓના મનમાં એ લાલસા વધી રહી હતી કે ક્યારેક એવો દિવસ આવશે કે જ્યારે શ્યામસુંદર યશોદા મૈયાની જેમ અમારા સ્તનોથી પણ દૂધપાન કરશે અને એવી રીતે અમારા ખોળામાં રમીને પોતાની પ્રેમમયી બાળ-લીલાનો રસ પ્રદાન કરશે ! તેની એ લાલસાને પૂર્ણ કરવા માટે ભગવાન સ્વયં બાળક અને

વાછરડા બન્યા. તેમણે ગાયોને પ્રેમરસ પ્રદાન કર્યો અને તેમના પ્રેમરસનું દૂધના રૂપમાં પાન કર્યુ. ગોપ-ગોપીઓની ગોદમાં રમીને તેમને પુત્રસ્નેહ રસ પ્રદાન કર્યો એક વર્ષ સુધી તે આ મધુર પ્રેમરસનું આસ્વાદન કરતા રહ્યા.

જ્યારે બ્રહ્માજીએ જોયું કે વ્રજનું કામ તો પહેલાની માફક ચાલુ જ છે, શ્યામસુંદર પહેલાની માફક એ જ ગોપબાળકો સાથે ભોજન કરી રહ્યા છે, અને રમી રહ્યા છે તથા જેને હું ચોરી લાવ્યો હતો, તે બધા ગુફામાં સૂતેલા છે, ત્યારે ભગવાનની મહિમાના દર્શન થયા અને તેમનું સમસ્ત અભિમાન ઓગળી ગયું. ભગવાનના ચરણોમાં મસ્તક રાખીને તેમણે ક્ષમા માંગી અને ભગવાનની તેમણે સ્તુતિ કરી.

એક જ લીલામાં ભગવાને પોતાના ઐશ્વર્ય અને માધુર્યનું પ્રદર્શન કર્યુ. આ કામ અવતાર વગર કેવી રીતે થઈ શક્યુ હતું ? એક બાજુ બ્રહ્માના અભિમાનનો નાશ, તેની સાથે સાથે ગોપ બાળકોને ચેતવણી અને ગાયો તથા ગોપ-ગોપીઓની પ્રેમ લાલસાની પૂર્તિ. આ કામ તો અવતાર લઈને જ કરી શકાય તેવું હતું.

જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ છ દિવસના થયા હતા, તે સમયે તેમણે એક સાથે ઐશ્વર્ય અને માધુર્ય તથા ન્યાય અને દયાનો ભાવ દેખાડ્યો હતો. પૂતના, જે ઘોર-પાપણી અને બાળકોનો નાશ કરવાવાળી હતી, જ્યારે તે સુંદર ધાયના કપટ વેષ બનાવીને ભગવાન પાસે ગઈ અને મનમાં દૂષિત ભાવ રાખીને અને ઉપરથી પ્રેમભાવ દર્શાવીને તેમને ગોદમાં ઉઠાવી લીધા અને પોતાનું વિષ ભરેલું સ્તન શ્યામસુંદરના મુખારવિન્દમાં આપી દીધું, ત્યારે ભગવાને તેના

માતૃસ્નેહની રક્ષા કરવા માટે તો દૂધ પીધું, સાથે પ્રાણ પણ પી લીધા કારણ કે તે ભગવાનનો પ્રાણ લેવા આવી હતી ભગવાનના સ્પર્શથી તેનું કપટ નાશ પામી ગયું અને તે પોતાના અસલી રૂપમાં આવી ગઈ તેના આખા શરીરમાં સુગંધ ફેલાઈ ગઈ ભગવાન તેના શરીર પર રમવા લાગ્યા અને તેને માતાની ગતિ પ્રદાન કરી.

આ પ્રકારની લીલા ભગવાન અવતાર લીધા વગર કેવી રીતે કરી શકતા હતા ? તેમની દરેક લીલામાં અનંત રસ અને અનંત રહસ્ય સમાયેલું હોય છે. તેના પ્રેમભક્તો જ તેનો રસ લઈ શકે છે.

ભગવાનનો અવતાર નિત્ય છે. તેની લીલા, ધામ, તેના માતા-પિતા, તેના સખા અને સખીઓ બધા ચિન્મય પ્રેમથી જ બનેલા છે. તેમાં કોઈપણ ભૌતિક વસ્તુ નથી. ભગવાનના પ્રેમી ભક્તોમાં ભૌતિક ભાવ રહેતો નથી. ભગવાનના પ્રેમી ભક્તોનો આજ પણ તેની દિવ્ય લીલામાં પ્રવેશ થઈ શકે છે. અને તે ભગવાનના પ્રેમરસનું આસ્વાદન કરતા રહે છે ! એટલે જો ભગવાનનો અવતાર ન હોત તો, તેની પૂર્તિ થઈ શકત નહીં.

## ૨૯૮. સ્વામી ! ગોપી-પ્રેમ શું છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

ગોપી-પ્રેમની વાત તો તે જ કહી શકે છે કે જેને ગોપી-ભાવ પ્રાપ્ત થઈ ગયો હોય અને સાંભળવાનો અધિકારી પણ તે જ છે કે જેને ગોપી-ભાવ પ્રાપ્ત થયો હોય જ્યાં સુધી સ્થૂળ, સૂક્ષ્મ તેમજ કારણ શરીરમાંથી કોઈપણ શરીરમાં અહંભાવ હોય, ત્યાં સુધી મનુષ્યને ગોપી-ભાવ પ્રાપ્ત થતો નથી.

ઉદ્ધવ જેવા જ્ઞાની અને યોગી, જે ભગવાન શ્રી કૃષ્ણના સખા હતા, જ્યારે વ્રજમાં ગયા, ત્યારે ગોપીઓના પ્રેમને જોઈને જ્ઞાન અને યોગને ભૂલી ગયા. ઉલટું પોતાના સ્વામી અને સખા શ્રી કૃષ્ણને હૃદયહીન અને કઠોર માનવા લાગ્યા અને તે ગોપીઓના પ્રેમની પ્રશંસા કરવા લાગ્યો ત્યાં સુધી કે વ્રજના ઝાડ-પાન બનવામાં પણ પોતાનું સૌભાગ્ય માનીને ગોપીઓના ચરણરજની કામના કરવા લાગ્યા. તે ગોપીઓના પ્રેમને ભલા કોઈ સાધારણ મનુષ્ય કેવી રીતે સમજી શકે?

જ્યાં સુધી મનુષ્યના શરીરમાં અભિમાન રહે છે, ત્યાં સુધી તેમને કોઈને કોઈ પ્રકારે સંયોગથી જન્મેલા સુખની લાલચ રહે છે. ગોપીભાવ પ્રાપ્ત કરવા માટે વસ્તુનો સંયોગ અને ક્રિયાથી ઉત્પન્ન થતાં સુખનું તો શું કહેવું, ચિંતન અને સમાધિ સુધીના સુખનો ત્યાગ કરવો પડે છે. જ્યાં સુધી એ ભાવ રહે છે કે અમુક વસ્તું અમુક વ્યક્તિ, અમુક પરિસ્થિતિથી સુખ મળશે, ત્યાં સુધી મનુષ્ય તેનો દાસ બની રહે છે. તેના મનમાં બીજાને સુખ આપવાનો ભાવ ઉત્પન્ન થતો નથી; પોતાના સુખ-ભોગની રુચિ જ રહે છે, આજ સ્વાર્થ-ભાવ છે. સ્વાર્થ-ભાવ હોય ત્યાં સુધી ગોપી-ભાવની વાત પણ સમજમાં આવી શકતી નથી.

માનવજીવનમાં સત્-અસત્ બંનેનો સંગ રહે છે. શરીર, સંસાર અને લોકોનો સંગ જ અસત્નો સંગ છે અને અનંત જીવન તથા નિત્ય આનંદની લાલસા એ જ સત્નો સંગ છે. જેમાં ફક્ત અસત્નો સંગ છે તે પણ મનુષ્ય નથી, કારણ કે અસત્નો સંગ તો પશુ પક્ષી વગેરે તિર્યંકયોનિઓમાં પણ થાય છે જેમાં ફક્ત સત્નો સંગ છે તેને પણ મનુષ્ય કહેવાય નહીં કારણ કે તે તો મનુષ્ય ભાવથી પર છે.

આથી ગોપી-ભાવ પ્રાપ્ત કરવાને માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરનો તથા તેનાથી સંબંધ રાખવાવાળા સમસ્ત ભોગોનો સંગ વિવેકપૂર્વક છોડવો પડે છે. જે સત્સંગથી જ શક્ય છે.

પોતાને પ્રાપ્ત વિવેકનો જે આદર કરે છે તેવા સાધકોને સાંસારિક સુખભોગમાં ક્યા ક્યા દુઃખ છે, તેના સાચા સ્વરૂપનું જ્ઞાન થાય છે વિવેકનો આદર કરવો એજ સત્સંગ છે. આ સત્સંગથી સુખભોગની રુચિ મટી જાય છે અને ભગવાનના નિત્ય નવીન પ્રેમની લાલસા જાગૃત થાય છે. ત્યારે કોઈક અધિકારી મનુષ્યને ગોપી-ભાવની પ્રાપ્તિ થાય છે. આથી જે સાધકને ગોપી-ભાવ પ્રાપ્ત કરવો હોય અને તેની લીલામાં પ્રવેશ કરીને ગોપી-પ્રેમની વાત સમજવી હોય, તેણે દેહ-ભાવથી ઉત્પન્ન થતી બધા જ ભોગોની વાસનાનો ત્યાગ કરી દેવો પડે. જ્યારે ભગવાનના પ્રેમની લાલસા બધી જ ભોગવાસનાઓને ખાઈ જઈને સબળ બને છે, ત્યારે સાધકનો પ્રવેશ એવા વ્રજધામમાં થાય છે, કે જેનું નિર્માણ દિવ્યપ્રેમ વડે થયું છે. ત્યાંની ભૂમિ ગોપ બાળકો, ગોપીઓ, ગાયો અને ઝાડ-પાન સઘળા ચિન્મય છે. ત્યાં જડતા અને ભૌતિક-ભાવ લેશમાત્ર પણ નથી. તે વ્રજધામમાં પ્રવેશ થયા બાદ પણ ગોપી-ભાવની પ્રાપ્તિ ખૂબ દૂર છે.

દાસી-ભાવ, સખા-ભાવ અને વાત્સલ્ય-ભાવની ઉપર ગોપીભાવની ઉપલબ્ધિ થાય છે. આથી સાધકે ગોપી-ભાવની પ્રાપ્તિ કરવા માટે મુક્તિ વડે આનંદ સુધીની તમામ લાલચનો ત્યાગ કરી, દિવ્ય વ્રજમાં પ્રવેશ કરવો પડે. તેના બાદ ભગવત્-કૃપા પર નિર્ભર થતાં ગોપી-ભાવની પ્રાપ્તિ થાય.

## ૨૯૯. સત્યનું સ્વરૂપ કેવું છે ?

સત્યનું વાસ્તવિક સ્વરૂપ અનુભવવા માટે અસત્યનું સ્વરૂપ જાણી લેવું જરૂરી છે, કારણ કે જેને રાત્રીનું જ્ઞાન ન હોય, તેને ભલા દિવસનું જ્ઞાન કેવી રીતે હોઈ શકે ? આથી અસત્યનું યથાર્થ જ્ઞાન જાણવાથી સત્ય માટેનો અભિલાષી સત્યને જાણી શકશે, જે અસત્યને જાણી શકશે, જે અસત્યને જાણી શકતો નથી, તે સત્યને પણ જાણી શકતો નથી.

સંસારનો સભ્ય-સમાજ ગુણોને સત્ય અને દોષોને અસત્ય કહે છે, કારણ કે દોષો ઉપર ગુણ શાસન કરે છે, જેવી રીતે સ્થિરતા-ચંચળતા પર, સદાચાર-દુરાચાર પર, યોગ-ભોગ પર, પ્રેમ-દ્વેષ પર, ચૈતન્ય-જડ પર અને અહિંસા-હિંસા પર.

જો એ વિચાર કરવામાં આવે કે ગુણ દોષો પર શા માટે શાસન કરે છે? તો એનો ઉત્તર એ છે કે ગુણ દોષ કરતાં વધારે સ્વાભાવિક છે. જેવી રીતે આંખનું જોવું સ્વાભાવિક જ રહે, એટલે કે ક્રિયામાં કર્તા કોઈ પ્રકારનો ભાવ ન રાખે, તો પછી જોવાને ક્યારેય દોષ કહેવામાં આવશે નહીં. તે દોષ ત્યારે બને છે, કે જ્યારે જોયેલ રૂપ વડે સુખ પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થાય. જો કે સુખ મળી શકે નહીં, પરંતુ અવિચારને કારણે બિચારી આંખ રૂપમાં સુખની શોધ કરે છે, આથી અંતમાં દુઃખી થાય છે, અને જેનાથી દુઃખ થાય તે દોષ છે.

ઈન્દ્રિયોમાં સ્થિરતા આવવાથી ચંચળતા મટી જાય છે. પછી તે વ્યક્તિને સંસાર આદર આપે છે અને જે ઈન્દ્રિયોનો સંયમ નથી કરી શકતો તેનો સંસાર આદર કરતો નથી. આ નિયમ પ્રમાણે પ્રત્યેક ગુણ બધા દોષ પર વિજય પ્રાપ્ત કરે છે. સંસારને ગુણયુક્ત જીવનની

હંમેશા આવશ્યકતા રહે છે જો સંસારમાં ગુણયુક્ત જીવન વ્યતીત કરવું હોય તો ગુણોનો વિકાસ કરવો ખૂબ જરૂરી છે.

સત્યનું વાસ્તવિક સ્વરૂપ ગુણ અને દોષ બંનેથી પર છે, કારણ કે ગુણો આવવાથી પણ કંઈક કમી રહે છે. આથી જે દરેક રીતે પૂર્ણ છે, અર્થાત જેમાં કોઈ પ્રકારનો દોષ નથી, તે સત્યનું સ્વરૂપ છે. સત્યના સ્વરૂપનું વર્ણન કરી શકાતું નથી, પરંતુ તેનો સ્વયં અનુભવ કરવો પડે છે, કારણ કે વર્ણન કરવાવાળા બધા સાધન અપૂર્ણ છે. અપૂર્ણ ક્યારેય પૂર્ણનું વર્ણન ન કરી શકે. સત્યનું સ્વરૂપ વ્યક્તિત્વથી પર છે. સત્ય પોતે જ પોતાને પ્રકાશિત કરે છે.

## ૩૦૦. સત્ય શા માટે જરૂરી છે ?

એ જ વસ્તુની આવશ્યકતા હોય છે કે જેના વગર કોઈ પણ રીતે ન રહી શકીએ. દરેક મહાનુભાવ સ્થાયી પ્રસન્નતા ઈચ્છે છે. જ્યારે સંસારની કોઈ અવસ્થા સ્થાપી પ્રસન્નતા આપી શકતી નથી, તો સ્થાયી પ્રસન્નતાનો અભિલાષી સંસારનો ત્યાગ કરવા માટે મજબુર બની જાય છે.

જો વિચારશીલ પુરુષ પોતાની અભિલાષાઓને તપાસે તો તેને એ સારી રીતે જાણી શકશે કે અભિલાષાઓ ફક્ત બે પ્રકારની હોય છે, એક શારીરિક આવશ્યકતાની પૂર્તિ માટે અને બીજી સર્વ રીતે પૂર્ણ થવાને માટે. શારીરિક આવશ્યકતાની પૂર્તિને માટે કર્મ તથા સંસારની આવશ્યકતા છે.

સંસાર તથા કર્મની સહાયતાથી પૂર્ણતા કોઈપણ પ્રકારે મળી શકતી નથી, કારણ કે સંસારની કોઈપણ અવસ્થા પૂર્ણ નથી. જેવી રીતે

ગોળ ચક્કરમાં ફરવાવાળો યાત્રી ક્યારેય માર્ગનો અંત પામી શકતો નથી, એજ પ્રકારે સંસારની તરફ જવાવાળો ક્યારેય શાંતિ તથા પૂર્ણતા પામી શકતો નથી. આથી સ્થાયી પ્રસન્નતા તથા પૂર્ણતાને માટે સત્યની આવશ્યકતા છે.

## ૩૦૧. સત્યની પ્રાપ્તિ માટેનું સાધન શું છે ?

સદ્ભાવના-પૂર્વક સત્યની અભિલાષા એ જ સત્યનો માર્ગ છે. જે પ્રકારે મોટી માછલી બધી નાની માછલીઓને ખાઈને પોતે પણ મરી જાય છે; તે પ્રકારે સત્યની અભિલાષા બધી અભિલાષાઓને મિટાવીને અંતમા પોતે આપો-આપ મટી જાય છે. બસ, તે જ સમયે સત્યનો અનુભવ થઈ જાય છે. સત્યની પ્રાપ્તિ માટે કોઈ સંગઠનની જરુરિયાત નથી પણ બધા સંગઠન મિટાવવા પડે.

તમોએ પોતાને જે કલ્પનામાં બાંધી લીધા હોય, તે અનુસાર કર્મ કરો અને અનાવશ્યક કાર્યોનો ત્યાગ કરો. જે આવશ્યક કાર્ય પૂરું ન કરે અને અનાવશ્યક કાર્યોને હૃદયમાં એકઠા કરી રાખે છે, તે આગળ પાછળનું વ્યર્થ ચિંતન કરતા રહે છે.

આવશ્યક કાર્ય શું છે ? જે કાર્ય કર્યા વગર ન રહી શકો, જેને કરવાનું સાધન પ્રાપ્ત હોય તથા જેને કરવામાં કોઈ પ્રકારનો ભય ન હોય, તે આવશ્યક કાર્ય છે કર્તા પોતાના કર્તવ્યનું પાલન કરીને ખુદ ઉન્નતિ પામે છે.

જીવનની પરિસ્થિતિ ભલે ગમે તેવી હોય, સત્યના અનુભવ માટે દરેક મનુષ્ય સમર્થ છે. સત્ય સંસારની સહાયતાથી મળી શકે નહીં. જો કોઈ ગુણોનો અભિમાની પોતાના ગુણાભિમાનને દૂર ન કરી શકે, તો તે સત્યને પામી શકતો નથી. જો મહા-પતિત પોતાના પતિત

સ્વભાવને મિટાવી દે છે, તો તે સત્યને પામે છે. જેને સંસાર કોઈપણ પ્રકારે પ્રસન્નતા આપી શકતો નથી, તે પણ સત્યને પામીને અપાર આનંદ પામે છે.

વ્યક્તિત્વની ગુલામીનો ત્યાગ એ જ સત્ય માટેનું સાધન છે. તમે પોતાનામાં જે વ્યક્તિત્વનો અનુભવ કરો છો, તેને તમે ક્યારેય જોયું છે ? તો તમો એ કહેવા મજબુર થઈ જશો કે અમે અમારા વ્યક્તિત્વને સાંભળીને સ્વીકાર કર્યો છે, જોયેલ નથી.

જો એમ કહો કે શરીરનું વ્યક્તિત્વ તો દેખાય તેવું છે, તો તેનો ઉત્તર એ છે કે શરીર તો સંસારથી જોડાયેલું છે, તેમાં તમારું શું ? જે શરીરને તમો પોતાનું સમજો છો, તે વાસ્તવમાં સમગ્ર સંસારની સાથે જોડાયેલ છે શરીર તથા સંસાર અંગ અને અંગી સમાન છે. જેવી રીતે ભારત દેશના અનેક રાજ્યો ભારત દેશ સાથે જોડાયેલા છે, તે પ્રકારે શરીર સંસાર સાથે જોડાયેલું છે.

આથી સાંભળીને માનેલા વ્યક્તિત્વને વિચારરૂપી અગ્નિમાં જલાવી દો. વ્યક્તિત્વ ના મટતાં જ ગુલામીનો અંત આવી જશે અને સત્યનો માર્ગ દેખાઈ જશે. સત્યનો માર્ગ એટલો સાંકડો છે કે સત્યનો અભિલાષી સ્વયં એકલો જ જઈ શકે છે. અરે ત્યાં સુધી કે મન, બુદ્ધિ વગેરેનો પણ સાથ છોડવો પડશે, કારણ કે સંગઠનનું મટવું જ સત્ય માટેનું સાધન છે.

## ૩૦૨. સત્ય માટેનો અધિકારી કોણ હોઈ શકે ?

જેને પ્રસન્ન કરવા માટે સંસાર અસમર્થ છે, એટલે કે જેને ભોગમાં રોગ, હર્ષમાં શોક, સંયોગમાં વિયોગ, સુખમાં દુઃખ, ઘરમાં વન અને જીવનમાં મૃત્યુનો અનુભવ થાય, તે સત્યનો અધિકારી છે.

ભોગ કરવાથી શક્તિઓનો ઘટાડો થાય છે. શક્તિઓમાં ઘટાડો થવાથી રોગ વગર બોલાવે આવી જાય છે. ત્યારે ભોગકર્તા કરવા માટે અસમર્થ થઈ જાય છે. આવી અવસ્થામાં ભોગથી જે હર્ષ થયો હતો, તેનાથી પણ અધિક શોક આવે છે. આવી દૃષ્ટિથી વિચારશીલ માનવ હર્ષમાં શોકનો અનુભવ કરે છે. ભલે ગમે તેટલો સુંદર ભોગ હોય તથા સમાજના નિયમ પ્રમાણે હોય અને ભોગવવાની શક્તિ પણ હોય છતાં પણ શક્તિહીનતા થવી અનિવાર્ય છે.

યોગથી શક્તિઓનો વિકાસ થાય છે. અને ભોગથી તેનો વિનાશ થાય છે. યોગ અને ભોગમાં કેવળ એટલું અંતર છે કે ભોગને માટે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયોથી સંબંધ હોય છે અને યોગને માટે વિષયોનો ત્યાગ કરી વિષયથી અતીત એવા અનંત સત્યથી સંબંધ હોય છે.

યોગ અને જ્ઞાનમાં કેવળ એટલો જ ભેદ રહે કે યોગી યોગના અભિમાનને કારણે પરમ-તત્ત્વથી અભિન્ન થઈ શકતો નથી, એટલા માટે યોગીમાં અનેક પ્રકારની અદ્‌ભુત-શક્તિઓ ઉદ્‌ભવે છે. ભોગનો અભાવ થવાથી યોગ આપો-આપ આવી જાય છે. યોગ સ્વતંત્ર તથા ભોગ પરતંત્ર છે કારણ કે યોગને માટે સંસારની તરફ જોવું પડતું નથી.

જેવી રીતે ફળોનો પાક ખરીદવા માટે ફક્ત ફળોનું જ મૂલ્ય આપવામાં આવે છે અને છાંયડો વગર મૂલ્ય ચૂકવ્યે મળી જાય છે. તેવી રીતે જ્ઞાન થવાથી યોગ આપો-આપ થાય છે. જો કે જ્ઞાન-નિષ્ઠ પુરૂષને યોગની કોઈ આવશ્યકતા રહેતી નથી. તદુપરાંત અસંગતાને કારણે યોગ આપો-આપ થાય છે. આથી જેને યોગ અને ભોગ શાંતિ આપી શકતા નથી, તે જ સત્યનો અધિકારી છે.

## ૩૦૩. શરણનો મહિમા શું છે?

'શરણ' સફળતાની ચાવી છે, નિર્બળનું બળ છે. સાધકનું જીવન છે, પ્રેમીનો અંતિમ પ્રયોગ છે, ભક્તનો મહામંત્ર છે, આસ્તિકનું અચૂક અસ્ત્ર છે, દુઃખીની દવા છે, પતિતની પુકાર છે, તે નિર્બળને બળ, સાધકને સિદ્ધિ, પ્રેમીને પ્રેમપાત્ર, ભક્તને ભગવાન, આસ્તિકને અસ્તિ, દુઃખીને આનંદ બંધાયેલાને મુક્તિ, નિરસને સ-રસતા અને મૃત્યુને અમરતા પ્રદાન કરે છે.

## ૩૦૪. શરણાગત થવાનો શું લાભ છે?

પ્રત્યેક વ્યક્તિ કોઈકનો તો શરણાગત રહે છે. અંતર કેવળ એટલું છે કે આસ્તિક એકના જ શરણે અને નાસ્તિક અનેકના શરણે રહેલ છે. આસ્તિક આવશ્યકતાની અને નાસ્તિક ઈચ્છાઓની પૂર્તિ કરે છે. આવશ્યકતા એક અને ઈચ્છાઓ અનેક હોય છે. આવશ્યકતાની પૂર્તિ થવાથી પુનઃ તેની ઉત્પત્તિ થતી નથી, ઈચ્છાઓની પૂર્તિ થયે પણ તે ફરી પાછી ઉત્પન્ન થાય છે. ઈચ્છા કરવાવાળો તો બિચારો પ્રવૃત્તિ દ્વારા કેવળ શક્તિહીનતા જ પ્રાપ્ત કરે છે. આથી 'શરણાગત' શરણદાતાને શરણે જઈને ઈચ્છાઓની નિવૃત્તિ અને આવશ્યકતાની પૂર્તિ કરીને ધન્ય થઈ જાય છે.

જેની સત્તા હોય તેની આવશ્યકતા થાય છે અને ઈચ્છાનો જન્મ પ્રમાદવશ આસક્તિથી થાય છે, આ જ કારણે તેની પૂર્તિ ન થતાં નિવૃત્તિ થાય છે. સાધારણ વ્યક્તિ ઈચ્છા અને આવશ્યકતા વચ્ચેનો ભેદ પારખી શકતો નથી; પરંતુ વિચારશીલ વ્યક્તિ જ્યારે પોતાના જીવનનું અધ્યયન કરે છે, ત્યારે તેને ઈચ્છા અને આવશ્યકતા

વચ્ચેનો ભેદ સ્પષ્ટ અને પ્રત્યક્ષ થાય છે. જો આવશ્યકતા અને ઈચ્છામાં ભેદ ન હોય તો આસ્તિકતા ઉત્પન્ન થાત નહીં, કારણ કે ઈચ્છા-યુક્ત પ્રાણી વિષયસત્તાથી અલગ કાંઈ પણ જાણતો નથી.

## ૩૦૫. શરણાગતિ ભાવ છે કે કર્મ છે?

શરણાગત થવાથી સૌ પહેલાં અહંતા રૂપાંતરિત થઈ જાય છે. 'શરણાગતિ' ભાવ છે, કર્મ નથી ભાવ અને કર્મમાં એ ભેદ છે કે ભાવ વર્તમાનમાં જ ફળ આપે છે જ્યારે કર્મ ભવિષ્યમાં ભાવકર્તા ભાવ સ્વતંત્રતા-પૂર્વક કરી શકે છે; પરંતુ કર્મ સંયોગથી થાય છે.

સંયોગ અનેક પ્રકારથી થાય છે. કારણ કે અનેક નિર્બળતાઓનો સમૂહ વાસ્તવમાં 'સંયોગ' છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં, પોતાથી ભિન્નની સહાયતા માટેની ખોજ કરવી એ 'સંયોગ' છે.

## ૩૦૬. શરણાગતિ કેટલા પ્રકારની હોય છે?

શરણાગતિ બે પ્રકારની હોય છે. ભેદભાવની તથા ભેદભાવની શરણાગતિ શરણદાયી અર્થાત પ્રેમપાત્રની સ્વીકૃતિથી જ માત્ર થઈ શકે છે. પરંતુ ભેદભાવની શરણાગતિ શરણદાયીના યથાર્થ જ્ઞાનના જાણવાથી થાય છે. અભેદ ભાવવાળો શરણાગત, શરણાગત થયા પહેલાં જ નિર્વિષયી બને છે. ફક્ત લેશમાત્ર અહંકાર શેષ રહે છે, જે શરણદાયીની કૃપાથી નિવૃત્ત થઈ જાય છે. ભેદભાવનો શરણાગત, શરણાગત થતાંની સાથે અહંકારનું પરિવર્તન કરી દે છે. એટલે કે જે અનેકનો હતો તે એકનો થઈને રહે છે.

શરણાગતના હૃદયમાં હું તેનો છું, એવો ભાવ નિરંતર સદ્‌ભાવપૂર્વક રહે છે. એવો નિયમ છે કે, શરણદાતાનું સર્વ કંઈ તે જેના શરણે

હોય છે. તેનું હોય છે અને તે નિરંતર ભગવાનના પ્રેમની પ્રતિક્ષા કરતો હોય છે. પ્રેમપાત્ર માટેના પ્રેમની અગ્નિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ શરણાગતની અહંતા એવી રીતે એકાકાર થાય છે કે જેવી રીતે લાકડી અગ્નિમાં અભિન્ન બની જાય છે. અહંકાર સમૂળગો નષ્ટ થવાથી ભેદભાવનો શરણાગત પણ ભેદભાવનો શરણાગત થઈ જાય છે.

ભેદભાવનો શરણાગત પણ શરણદાયીથી કોઈપણ સમયે વિભક્ત થતો નથી, જેવી રીતે પતિવ્રતા સ્ત્રી પિતાની ઘરે પણ પતિથી વિભક્ત થતી નથી. ભેદ તથા અભેદ ભાવના શરણાગતમાં અંતર ફક્ત એટલું જ રહે છે કે ભેદભાવનો શરણાગત વિરહ અને મિલન બન્ને પ્રકારના રસોનું આસ્વાદ કરે છે. જ્યારે અભેદભાવનો શરણાગત પોતાનામાં જ શરણદાયીનો અનુભવ કરી નિત્ય એક રસનો અનુભવ કરે છે. અનુભવનો અર્થ ઉપયોગ નથી. ઉપભોગ તો સંયોગમાં થાય છે. ઉપભોગ વખતે કર્તામાં ભોક્તાભાવ રહેલો હોય છે. પરંતુ મિલનનો રસ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ ભોક્તાની સત્તા મટતી જાય છે. આ જ કારણ ઉપભોગ કર્તા ક્યારેય વાસના-રહિત નથી. પરંતુ શરણાગત નિર્વાસિનાને પ્રાપ્ત થાય છે. વાસના-યુક્ત પ્રાણી શરણાગત થઈ શકતો નથી. અથવા એમ કહો કે શરણાગતમાં વાસના શેષ રહેતી નથી.

જો કોઈ કહે કે શરણદાયી માટેની વાસના પણ વાસના છે તો વિચાર દૃષ્ટિએથી જોઈએ તો જણાય છે કે શરણદાયી એ શરણાગતની આવશ્યકતા છે, વાસના નહીં કારણ કે વાસનાનો જન્મ ભોગની આસક્તિ અને પ્રમાદથી થાય છે. અને જ્યારે આવશ્યકતા તો

ભોગની આસક્તિ મટવાથી જાગૃત થાય છે. જેવી રીતે સૂર્યનો ઉદય અને અંધકારનો નાશ જોડાયેલા છે તેવી રીતે ભોગ આસક્તિની નિવૃત્તિ અને આવશ્યકતાની જાગૃતિ એ બન્ને જોડાયેલા છે. આથી એ નિર્વિવાદ સિધ્ધ થાય છે કે શરણદાયીની આવશ્યકતા એ વાસના નથી. જો કે આવશ્યકતાનો પ્રભાવ કંઇ નથી; પરંતુ પ્રેમાસ્પદને ન જાણવાથી જે જુદાઇ છે તેને કારણે પ્રેમપાત્ર જ આવશ્યકતાના રૂપમાં પ્રતિત થાય છે જે પ્રકારે ધનની જરુરિયાત જ નિર્ધનતા છે, આ જ કારણે વિરહી શરણાગત ભક્ત વિરહના રસમાં મુગ્ધ રહે છે.

શરણાપન્નની સાર્થકતા ત્યારે સમજવી જોઇએ કે જ્યારે શરણદાયી શરણાગત બની જાય કારણ કે પ્રેમીની પૂર્ણતા ત્યારે સિધ્ધ થાય છે કે જ્યારે પ્રેમપાત્ર પ્રેમી બની જાય. પ્રેમપાત્રના પ્રેમી બનવાથી પ્રેમી પ્રેમપાત્રના માધુર્યથી છક્ક થઇ જાય છે. શરણદાયીના માધુર્યનો રસ એટલો મધુર છે કે શરણાગત, શરણાગત ભાવનો ત્યાગ ન કરવા વિવશ બને છે. બસ, આ જ ભેદભાવની શરણાગતિ છે. જ્યારે ભેદભાવની શરણાગતિ સિધ્ધ થઇ જાય છે. ત્યારે શરણદાયી ખુદ શરણાગતની રુચી ન હોય તો પણ એવી રીતે પોતાનાથી અભિન્ન કરી લે છે, જેવી રીતે ચોર વગર ઇચ્છાએ સજા મેળવે છે.

## ૩૦૭. શરણાગતનું વાસ્તવિક જીવન અને અભિનય શું છે?

શરણાગત થયા પહેલાં તેનો અહંકાર અનેક ભાગોમાં વહેંચાયેલો હોય છે. શરણાગત થયા બાદ તેના અનેક ભાવ એક જ ભાવમાં વિલિન થાય ત્યારે તેને એક જીવનમાં બે પ્રકારના જીવનનો પ્રત્યક્ષ અનુભવ

થાય છે. એક તો તેનું વાસ્તવિક જીવન હોય છે અને બીજો તેનો અભિનય શરણાગતનું વાસ્તવિક જીવન કેવળ શરણદાયીનો પ્રેમ છે અને શરણાગતનો અભિનય ધર્મ અનુસાર વિશ્વ ન્યાયપૂર્વક જે આશા રાખે તેવો અભિનય શરણાગત વિશ્વની પ્રસન્નતા માટે કરે છે.

એ નિયમ છે કે અભિનયમાં સદ્‌ભાવ હોતો નથી. ક્રિયાભેદ હોવા છતા પ્રીતિભેદ હોતો નથી. અભિનયકર્તા પોતે પોતાને ભૂલતો નથી તથા તેની જીવનબુદ્ધિ અભિનયમાં હોતી નથી. અભિનય પૂરો થતા તે સ્વીકારેલા ભાવનો તદ્‌ન અભાવ થઈ જાય છે. બસ, તે જ ક્ષણે શરણાગત બધી તરફથી વિમુખ થઈને શરણદાયીની તરફ જાય છે.

## ૩૦૮. અનંત શક્તિમાં વિલીનતા કયા પ્રકારે થાય છે?

પ્રાકૃતિક નિયમ અનુસાર અનંત શક્તિ નિરંતર પ્રત્યેક પ્રાણીને સ્વાભાવિક રીતે પોતાની તરફ ખેંચતી રહે છે. પરંતુ તેની સ્વતંત્રતા છીનવી લેતી નથી અને તેના પર શાસન નથી કરતી. જો તે પોતે આકર્ષિત ન કરતી હોય તો પ્રાણીના બંધાયેલા પ્રેમને છિન્નભિન્ન ન કરતા હોત. એ નિયમ છે કે જે વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય છે અંતે તેમાં જ વિલિન થાય છે. આથી અનંતશક્તિથી ઉદ્‌ભવેલી પ્રેમની પવિત્રધારા અનંતશક્તિમાં જ વિલિન થશે. તેને વસ્તુ, અવસ્થા, અને પરિસ્થિતિઓમાં બાંધવાનો પ્રયત્ન વ્યર્થ ચેષ્ટા છે. શરણાગતિનો ભાવ હોવાને લીધે પ્રેમની પવિત્રધારા શરણદાયીમાં જ વિલિન થાય છે.

## ૩૦૯. પોતાના કેન્દ્રની શરણાપન્નતા શું છે?

પ્રાણીની સ્વાભાવિક પ્રગતિ પોતાના કેન્દ્રના શરણાપન્નગત હોય છે. હવે વિચાર એ કરવાનો છે કે પોતાનું કેન્દ્ર શું છે? કેન્દ્ર એ હોઈ

શકે કે જેની આવશ્યકતા હોય. આવશ્યકતા નિત્ય જીવન, નિત્ય રસ અને સર્વ પ્રકારથી પૂર્ણ અને સ્વતંત્ર હોય. આપણે તેના શરણાપન્ન હોવું જોઇએ.

આપણે સૌથી મોટી ભૂલ એ કરીએ છીએ કે પોતાના કેન્દ્ર સુધી પહોંચ્યા પહેલાં માર્ગમાં અનેક ઈચ્છાઓના પહાડો ઊભા કરીને સ્વાભાવિક પ્રગતિને રૂંધી નાખીએ છીએ. જો કે અનંતશક્તિ તે પહાડોને પ્રેમ-પૂર્વક છિન્ન ભિન્ન કરવા એવી રીતે નિરંતર પ્રયત્ન કરે છે કે જેવી રીતે માતા બાળકને શીખવવાનો પ્રયત્ન કરે છે.

આપણે એ અનંતશક્તિનો વિરોધ કરવાનો વિફળ પ્રયાસ કરતા રહીએ છીએ, તે મોટી ભૂલ છે. મહામાતા પ્રકૃતિ આપણને નિરંતર એ પાઠ શીખવાડી રહી છે કે સિમિત સત્તા અનંતતાને શરણાપન્ની હોય છે જેવી રીતે નદી સમુદ્રની તરફ અને બીજ વૃક્ષની તરફ નિરંતર પ્રગતિશીલ હોય છે. કોઈપણ વસ્તુ અને અવસ્થા એવી નથી કે જે નિરંતર પરિવર્તન પામતી ન હોય. જાણે કે આપણને શીખવી રહી હોય કે કોઈપણ સિમિત ભાવમાં બંધાયેલું રહેવું જોઇએ નહીં. તેથી પોતાના પરમ સ્વતંત્ર કેન્દ્રની તરફ પ્રગતિશીલ હોવું જોઇએ જે શરણાપન્ની થવાથી સુગમતા-પૂર્વક થઇ શકે.

એવો અખંડ નિયમ છે કે કોઈપણ ભાવ ત્યાં સુધી સજીવ થતો નથી કે જ્યાં સુધી તે વિકલ્પ-રહિત ન બને. જેવી રીતે બીજનું વાવેતર કર્યા બાદ ખેડૂત વિકલ્પ-રહિત થઇ જાય છે. એટલે કે બીજને વારંવાર કાઢીને જોતો નથી અને તેમાં સંદેહ પણ કરતો નથી ત્યાં સુધી બીજ પૃથ્વી સાથે હળી મળી જઈને પોતાના સ્વભાવ અનુસાર

વિકાસ પામે છે. તેજ પ્રકારે શરણાગત અનંત ઐશ્વર્ય માધુર્ય સંપન્ન સત્તાથી હળીમળી જઈને પોતાના સ્વભાવાનુસાર વિકાસ પામે છે અને સિમિત સ્વભાવને મિટાવીને સત્તા સાથે અભિન્ન થાય છે; પરંતુ તેનો શરણાગત ભાવ નિર્વિકલ્પ હોવો જોઈએ કારણ કે સદ્‌ભાવમાં વિકલ્પ હોય નહીં.

જે પ્રાણી, તે અનંત ઐશ્વર્ય માધુર્ય સંપન્ન નિત્ય-તત્ત્વને શરણાપન્ન નથી, તે બિચારા અનેક વસ્તુઓ અને પરિસ્થિતિઓના શરણાપન્ન રહે છે, જેવી રીતે કામી કામિનીના, લોભી ધનના, અવિવેકી શરીરના શરણે રહેલા હોય છે. સ્વીકૃતિ માત્રથી ઉત્પન્ન થતી અહંતા અનેક ભાવોમાં વિભક્ત હોય છે. તે જ્યારે જ્યારે જે જે ભાવને સ્વીકારે છે ત્યારે ત્યારે તે ભાવના શરણે હોય છે. સત્યનો શરણાપન્ની પ્રાણી પોતાને સ્વીકૃતિથી જન્મતા અહંકારથી મુક્ત કરી લે છે.

## ૩૧૦. વાસ્તવિક માનવ-જીવન શું છે?

શરણાગતનો અહંકાર નિર્જીવ એટલે કે શેકેલ બીજની માફક કેવળ પ્રતીતિ માત્ર રહે છે કારણ કે તેમાંથી સિમિત ભાવ અને સ્વીકૃતિને પોતાની સત્તા માની બેસે છે. ત્યારે અનેક પ્રકારના વિઘ્ન ઉત્પન્ન થાય છે. ઊંડાણપૂર્વક જોઈએ તો, જો કે પ્રત્યેક પ્રાણીમાં પ્રેમ ઉપસ્થિત છે. પરંતુ સ્વીકૃતિને જ માત્ર સત્તા માની લેવાથી પ્રેમ જેવું અલૌકિક તત્વ પણ સિમિત બની જાય છે. સિમિત-પ્રેમ સંહારનું કામ કરે છે, જે પ્રેમથી તદ્દન વિરૂદ્ધ છે. જેવી રીતે દેશના પ્રેમથી દેશો પર, સંપ્રદાયના પ્રેમથી અન્ય સંપ્રદાયો પર, જાતિના પ્રેમથી અન્ય જાતિઓ પર અત્યાચાર કરેલો છે, જે માનવ-જીવનની સર્વથા

વિરુદ્ધ છે. આસ્તિકતા-પૂર્વક શરણાગત હોવાથી સ્વીકૃતિજન્ય સત્તાના મીટવાથી જ સિમિત અહંકાર શેષ રહેતો નથી. સિમિત અહંભાવના નિઃશેષ થતાં જ અલૌકિક પ્રેમ વિભુ બની જાય છે, જે વાસ્તવમાં માનવ-જીવન છે.

## ૩૧૧. શરણાગતિથી શરણાપન્નતા અને માનવ-જીવનથી ઋષિ-જીવનની પ્રાપ્તિ કેવી રીતે થાય ?

શરણાગતમાં માનવ-જીવન સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. જ્યારે શરણાગત શરણાપન્ન થઈ જાય છે. ત્યારે ઋષિ-જીવનનો અનુભવ કરી પોતાનામાં જ પોતાને શરણદાયી તરીકે મેળવે છે. શરણાગત અને શરણાપન્નમાં અંતર કેવળ એટલું છે કે શરણાગત શરણ્યના પ્રેમની પ્રતિક્ષા કરે છે અને શરણાપન્ન પ્રેમનો આસ્વાદ માણે છે.

## ૩૧૨. શું શરણાગતિ અભ્યાસ છે ?

શરણાગતિ અભ્યાસ નથી, પ્રત્યુત સદ્ભાવ છે. શરણાગતિભાવનો સદ્ભાવ થવાથી પ્રાણીનું સમસ્ત જીવન શરણાગતિમય થઈ જાય છે. અર્થાત્ શરણાગત કેવળ મિત્રને માટે મિત્ર, પુત્રને માટે પિતા, પિતાના માટે પુત્ર, ગુરૂ માટે શિષ્ય, શિષ્ય માટે ગુરૂ, પતિને માટે પત્નિ, પત્નિને માટે પતિ, સમાજને માટે વ્યક્તિ અને દેશને માટે નાગરિક હોય છે. જે જે વ્યક્તિ તેના ન્યાય અનુસાર જે જે આશા રાખે છે તેના પ્રતિ શરણાગત તેવો જ અભિનય કરે છે. પોતાને માટે તે શરણ્યથી ભિન્ન બીજા કોઈની આશા કરતો નથી. અથવા એમ કહો કે શરણાગત બધાને માટે બધું જ હોવા છતાં પણ પોતાને માટે શરણ્યથી ભિન્ન બીજા અન્ય તરફ જોતો નથી જ્યારે શરણાગત

પોતાને માટે કોઈપણ વ્યક્તિ સમાજ વગેરેની અપેક્ષા કરતો નથી. ત્યારે અભિનયના અંતમાં શરણાગતના હૃદયમાં શરણ્યની વિરહ અગ્નિ આપોઆપ પ્રજ્વલિત થાય છે.

આથી શરણાગત બધું કરતો હોવા છતાં પણ શરણ્યથી વિભક્ત થતો નથી. ઊંડાણથી જોઈએ તો કોઈપણ એવો અભ્યાસ નથી કે જેનાથી સાધક વિભક્ત થાય . કારણ કે સંયોગથી ઉત્પન્ન થવાવાળા અભ્યાસ કોઈપણ પ્રકારે નિરંતર હોઈ જ ન શકે; પરંતુ શરણાગતિથી પરિવર્તન પામેલો અહંકાર નિરંતર એક રસ રહે છે. અંતર કેવળ એટલું જ રહે છે કે શરણાગત ક્યારેક શરણ્યને નાતે વિશ્વની સેવા કરે છે, તથા ક્યારેક શરણ્યના પ્રેમની પ્રતીક્ષા કરે છે, અને ક્યારેક શરણ્યથી અભિન્ન થઈ જાય છે. એ સાધન પૂર્ણ સાધન ન હોઈ શકે જેનાથી સાધક વિભક્ત થઈ જાય, કારણ કે પૂર્ણ સાધન તો એ છે, જે સાધકને સાધ્ય સાથે વિભક્ત થવા ન દે. આથી આ દૃષ્ટિથી શરણાગતિ-ભાવ સર્વ ઉત્કૃષ્ટ સાધન છે.

## ૩૧૩. શરણાગત શરણદાતાનો પણ શરણદાતા કેવી રીતે?

વિચાર દૃષ્ટિથી એ સિદ્ધ થાય છે કે અહંકારને અનુરૂપ જ પ્રવૃત્તિ થાય છે. પતિતથી પણ પતિતનો અહંકાર શરણાગત થવાથી બદલાય જાય છે. અહંકાર પરિવર્તન થતા જ અહંતામાં જે દોષયુક્ત સંસ્કાર અંકિત હતાં તે મટી જાય છે. જે પ્રકારે પૃથ્વી વગર બીજનું ઉપજવું અસંભવ છે તે પ્રકારે દોષયુકત અહંકાર વગર દોષયુકત સંસ્કારોનું ઉપજવું અસંભવ છે. આથી એ સારી રીતે સિદ્ધ થાય છે કે પતિતથી પણ પતિત પ્રાણી શરણાગત થવાથી પવિત્ર થઈ જાય છે.

જેવી રીતે માટી કુંભારને શરણાગત થઈને કુંભારની યોગ્યતા અને બળથી કુંભારને કામ આવે છે અને કુંભારનો પ્રેમ મેળવે છે તે પ્રકારે શરણાગત શરણ્ય અનંત ઐશ્વર્ય અને માધુર્યથી શરણ્યને કામ આવે છે અને તેનો પ્રેમ પામે છે. એ નિયમ છે કે જે કોઈ બીજાને કામ આવે છે તે તેનો પ્રેમપાત્ર બની રહે છે.

આથી, આ નિયમ અનુસાર શરણાગત શરણ્યનો પણ શરણ્ય બની જાય છે. આનાથી અધિક સુગમ અને સ્વતંત્ર માર્ગ કયો છે, જે સ્વતંત્રાપૂર્વક સાધકને શરણ્યનો શરણ્ય બનાવી દે.

## ૩૧૪. શરણાગતમાં અભિમાન કેમ નથી રહેતું?

શરણાગતમાં કોઈપણ પ્રકારનું અભિમાન શેષ રહેતું નથી. દીનતાનું અભિમાન પણ અભિમાન છે. શરણાગત દીન હોતો નથી. કારણ કે તે શરણ્યથી પૂર્ણ રીતે જોડાયેલો હોય છે. પોતાપણું એ સ્વતંત્રતાનું કારણ છે. પોતાપણા હોવાથી ભિન્નતાનો ભાવ મટી જાય છે. ભિન્નતાનો ભાવ ઉત્પન્ન થવાથી પ્રાણીમાં કોઈને કોઈ પ્રકારનું અભિમાન ઉત્પન્ન થાય છે. શરણાગત હોવાને કારણે અભિમાન ઓગળી જાય છે. અભિમાન ઓગળતાં જ ભિન્નતા એકતામાં વિલીન થઈ જાય છે. એકતા હોવાથી ભય શેષ રહેતો નથી. આથી શરણાગત સર્વ પ્રકારે અભય બની જાય છે.

## ૩૧૫. ભિન્નતાનો બિલકુલ અંત શરણાગતમાં કઇ રીતે થાય છે?

ભિન્નતા 'દ્વેષ' અને એકતા 'પ્રેમ' છે. એવો કોઈ દોષ નથી કે જે ભિન્નતાથી ઉત્પન્ન ન થયો હોય. એવો કોઈ ગુણ નથી કે જે એકતાથી

ઉત્પન્ન થયો ન હોય અર્થાત્ દરેક દોષોનું કારણ ભિન્નતા અને દરેક સદ્‌ગુણોનું કારણ એકતા છે. નાનામાં નાની પ્રવૃત્તિ પણ સિમિત અહંકાર વગર થઈ શકતી નથી. પરંતુ શરણાગત થવાથી પ્રવૃત્તિની આવશ્યકતા શેષ રહેતી નથી. આથી પ્રવૃત્તિ નિઃશેષ બની જાય છે. પ્રવૃત્તિનો અભાવ થતાં સિમિત અહંતા એવી રીતે ઓગળી જાય છે કે જેવી રીતે સૂર્યની ગરમીથી બરફ ઓગળે છે. આથી એ નિર્વિવાદ સિદ્ધ છે કે શરણાગત થયા સિવાય એવો કોઈ ઉપાય નથી કે જેનાથી ભિન્નતાનો બિલકુલ અંત થાય.

## ૩૧૬. શરણાગત થવાનો અધિકારી કોણ છે?

શરણાગત થવાનો એ જ અધિકારી છે, કે જે વર્તમાન પરિસ્થિતિનો સદુપયોગ કરી, પોતાના માટે નિત્ય-જીવન તથા નિત્ય-રસની આવશ્યકતાનો અનુભવ કરે છે. જે પ્રાણી પ્રતિકૂળ પરિસ્થિતિની સાથે સાથે પોતાનું પણ મૂલ્ય ઘટાડે છે તથા અનુકૂળ પરિસ્થિતિની આસક્તિમાં ફસાતો જાય છે અને જે પરિસ્થિતિથી હાર સ્વીકાર કરે છે તથા લક્ષ્યથી નિરાશ થઈ જાય છે, તે ન આસ્તિક હોઈ શકે કે, ન તો શરણાગત.

સ્વીકૃતિ માત્રને જ પોતાને જ પોતે સમજી લેવું તાત્ત્વીક દૃષ્ટીથી પોતાનું મૂલ્ય ઘટાડવું છે. પ્રેમપાત્રમાં અપૂર્ણતાનો ભાસ, અથવા પોતાના સ્વીકૃત-ભાવમાં વિકલ્પનું હોવું, આસ્તિક દૃષ્ટિથી પોતાનું મૂલ્ય ઘટાડવું છે. સ્વીકૃતિને અનુરૂપ પ્રવૃત્તિનું ન હોવું, અથવા કોઈપણ વસ્તુ, અવસ્થા અને પરિસ્થિતિની તરફ આકર્ષિત થવું અથવા એવી પ્રવૃત્તિ કરવી, કે જે કોઈકની પૂર્તિનું સાધન ન હોય તો, વ્યવહારિક દૃષ્ટિથી પોતાનું મૂલ્ય ઘટાડવું છે.

જો કે શરણ નિર્બળનું બળ છે; પરંતુ જો પ્રાણી હાર સ્વીકારી લે, તો તેના માટે શરણ અસંભવ બની જાય છે. નિર્બળના બળનો અર્થ કેવળ એટલો જ છે કે શરણાગત બીજાની સહાયતા વગર, સ્વયં કેવળ શરણાગતિ ભાવથી જ સફળતા પ્રાપ્ત કરી શકે છે. ભાવ કરવામાં પ્રત્યેક પ્રાણી હંમેશા સ્વતંત્ર છે. જ્યારે શરણાગત થવાથી અહંકાર પરિવર્તિત થઈ જાય, ત્યારે શરણાગતનું મૂલ્ય સંસારથી વધી જાય છે, એટલે કે તે પોતાની પ્રસન્નતા માટે સંયોગની તરફ જોતો નથી. બસ, તે જ ક્ષણે શરણાગતના જીવનમાં નિર્વાસના, નિર્વૈરતા, નિર્ભયતા, સમતા, મુદિતા વગેરે સદ્ગુણ આપો-આપ ઉત્પન્ન થવા લાગે છે. શરણાગત કોઈપણ ગુણને નિમંત્રણ દઈને બોલાવતો નથી અને ન તો શીખવાનો પ્રયત્ન કરે છે. આથી આ દૃષ્ટિથી જોતાં અનેક વિભાગોમાં વિભાજિત અહંકારને 'હું તેનો છું' તે ભાવમાં વિલિન કરવો પરમ અનિવાર્ય છે. જે શરણાગતિ-ભાવથી સુગમતા-પૂર્વક આપો આપ આવે છે.

## ૩૧૭. શરણાગત થવાનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય છે?

શરણાગત થવાનો અધિકાર ત્યારે પ્રાપ્ત થાય છે, જ્યારે પ્રાણી પોતાની સિમિત શક્તિઓનો, કે જે અનંતથી પ્રાપ્ત છે, તેનો સદુપયોગ કરી લે છે, અને પોતાના લક્ષ્યથી નિરાશ નથી થતો. એવી દશામાં શરણાગત હોવાનો ભાવ આપો-આપ ઉત્પન્ન થાય છે.

આપણે તે અસીમ સત્તાનો અસીમ પ્રેમ જોવો જોઈએ. જે આપણા વગર કોઈ પણ પ્રકારે રહી શકતી નથી. આ કેવું વિચિત્ર છે કે જે વિષય-સત્તા આપણો નિરંતર તિરસ્કાર કરી રહી છે, છતાં આપણે પ્રમાદવશ તેની તરફ દોડતા રહીએ છીએ અને જે અસીમ-સત્તા

નિરંતર પ્રેમપૂર્વક આપણને અપનાવવા પ્રયત્ન કરે છે, તેનાથી આપણે બિલકુલ વિમુખ રહીએ છીએ. વિચારશીલ પ્રાણીએ આ પ્રમાદયુક્ત દશાનો બિલકુલ અંત કરી નાખવો જોઈએ, કે જે શરણાગતિ ભાવથી સ્વતંત્રતા-પૂર્વક થઈ શકે છે.

## ૩૧૮. આસ્તિક દર્શન શું છે?

જાણ્યા વિના, સાંભળેલા - ઈશ્વરને માની લેવા, એ આસ્તિકવાદ છે. ઈશ્વરવાદ એ વિશ્વાસનો માર્ગ છે, વિચારમાર્ગ નથી. જેના દ્વારા આખા જગતની ઉત્પત્તિ થઈ છે અને આખું વિશ્વ જેનું છે, જે આખા જગતનો પ્રકાશક છે, તેને વિશ્વ જાણતું નથી. ઈશ્વર વિશે સાંભળ્યુ છે; પરતું કોઈએ જાણ્યું નથી. સાંભળેલા ઈશ્વરમાં સંદેહ ન કરવો એ આસ્તિક દર્શન છે.

## ૩૧૯. વિના વિચાર્યુ હોય, તો તે અંધવિશ્વાસ બનશે?

વિશ્વાસ અંધ જ હોય છે. એમાં વિચાર હોતો નથી. જ્યારથી લોકોએ વિચારમાં વિશ્વાસ કરવો શરૂ કર્યો છે ત્યારથી એક જ ઈશ્વરને અનેક રૂપે બતાવવામાં આવ્યા છે. કોઈ ઈશ્વરને સાકાર કહે છે; કોઈ નિરાકાર વગેરે... વગેરે...

આ ઈશ્વરને પોતાના મગજનો ખોરાક બનાવવા જેવું છે. જેના દ્વારા આખા વિશ્વની ઉત્પત્તિ થઈ છે, જે અનુત્પન્ન છે, તેને બુદ્ધિ અને મન જાણી શકતું નથી. જેને જાણી ન શકાય તેને માનવું પડે છે.

'ઈશ્વર છે'-આમ માનવું એ આસ્તિકવાદનો પ્રારંભ છે. 'કેવો છે'-આમાં ઝઘડો એટલે થાય છે કે આપણે સંકીર્ણ દૃષ્ટિથી ઈશ્વરની પરિભાષા કરીએ છીએ.

'ઈશ્વર આવો જ છે'-આ ભ્રમ છે. આ બાબત પર ઈશ્વરવાદી ઝઘડો કરે છે. ઈશ્વર કેવો છે?- આ નિર્ણય ઈશ્વર જ કરી શકે છે. આપ કરી શકતા નથી. પ્રારંભમાં તમને ઈશ્વરનું જે સ્વરૂપ સારૂં લાગે એ સ્વરૂપ માની લેવું. તમે જે સ્વરૂપ માન્યું હશે એમાં કચાશ નહીં હોય. આપણે ગમે તેવી રીતે એને બોલાવશું, તે આપણી ભાષા જાણે છે. તે આપણા સ્વભાવ, રુચિ અને ભાવનાને ઓળખે છે. જેમ જેમ આપણી સાધના પરિવર્તન પામતી જશે એમ એમ પ્રભુ આપણને મળશે.

કોઈએ સગુણની ઉપાસના કરી. કોઈએ તેને મસ્તિષ્કનો વિકાર કહ્યો. કોઈએ નિરાકારની ઉપાસના કરી. કોઈએ કહ્યું કે નિરાકારની ઉપાસના સાકાર કેવી રીતે કરી શકશે? 'ઈશ્વર કેવો છે'-એની વિશે વાદ-વિવાદ ન કરો. 'ઈશ્વર છે'-બધા આટલું જ માનો.

કોઈ ભય અથવા પ્રલોભનમાં પોતાના વિશ્વાસમાં શિશિલતા ન આવે. ભલે ગમે તે થાય, વિશ્વાસ છોડો નહીં કારણકે તમે ઈશ્વરવાદી છો. જાણેલા જગતને ઠુકરાવીને સાંભળેલા ઈશ્વરને માની લો-આ ઈશ્વરવાદ છે.

મારે કંઈ નથી જોઈતું, એ ઈશ્વરની સત્તા માનવાનો અર્થ છે. પરંતુ દુઃખ તો એ વાતનું છે કે 'ભગવાનમાં મન લાગતું નથી' તેમ આપણે કહીએ છીએ. ઈશ્વરવાદી માટે તો મન, પ્રાણ, શરીર બધું ભગવાનનું જ છે. પોતા માટે કંઈ જ નથી.

ઈશ્વરવાદીનું સાધન :

૧. બધું ઈશ્વરનું છે

૨. બધામાં ઈશ્વર છે

૩. બીજું કઈ નથી, ઈશ્વર જ છે

આ ત્રણમાંથી તમે કેવા પ્રકારના અધિકારી છો? તે પોતે નક્કી કરી લો. ઈશ્વર અપ્રાપ્ય નથી, અદ્રશ્ય નથી; પરંતુ એ અવસ્થા આપણને પ્રેમ કરતાં અટકાવે છે.

ભગવાનમાં મન કેમ લગાવવું? એવો પ્રશ્ન ન કરો. ભગવાનમાં વિશ્વાસ રાખો. પરંતુ આપણે તો ઈશ્વરવાદી એટલા માટે છીએ કે સમાધિનું સુખ છોડીને સંસારથી વસ્તુ મેળવીને કૃતકૃત્ય થઈ જઈએ છીએ. આ ઈશ્વરવાદ નથી.

ઈશ્વર અસમર્થ નથી તે બધું કરી શકે છે. એના કર્તવ્ય વિશે વિચાર કરવો એ ઈશ્વરવાદીનું કામ નથી. 'ઈશ્વર ભલે નકામો હોય પણ મારો પોતાનો છે' એમાં જ ઈશ્વરવાદીની નિષ્ઠા હોવી જોઈએ. ઈશ્વર મળે ન મળે, પણ તેને પ્રેમ જ કરવો. 'તે મારો છે'-એમ માની નિશ્ચિંત અને નિભર્ય થઈ જાઓ. આથી, આત્મીયતા આવશે તથા સામર્થ્ય, શાંતિ અને પ્રેમ આવશે.

## ૩૨૦. ઈશ્વરવાદી કોણ હોય છે?

એક-કે, જેને દુનિયા પોતાનાથી નાની લાગે. તેને પોતાનાથી પણ સંતોષ ન હોય, તે ઈશ્વરને માને છે.

બીજો-કે, જેના જીવનમાં અસર્મથતા આવી ગઈ છે જે કંઈ કરી શકતો નથી. આ બંનેને ઈશ્વર સાધના વિના જ મળી જાય છે.

## ૩૨૧. ઈશ્વરમાં સદૈવ મન કેવી રીતે લાગે?

જેમાં મન લાગ્યું હોય તેનું સ્વરૂપ કેવું હોય તેનો વિચાર કરો.

અસત્યના સ્વરૂપના જ્ઞાનનો પ્રકાશ થશે ત્યારે ઈશ્વરમાં મન લાગી જશે. મન ખરાબ નથી, કોઈ ખરાબ નથી. આપણા સુખ દુઃખનું કારણ અન્ય કોઈ નથી, કારણકે જગત જડ છે, તે ચિન્મયને દુઃખ આપી શકતું નથી. પ્રભુ પાસે દુઃખ જ નથી તો તે ક્યાંથી આપશે? સુખનો અનુરાગ મિટાવવા માટે દુઃખ આવે છે. સુખ દુઃખ બંને સાથે જ આવે છે.

૧. સંકલ્પ-અપૂર્તિનાં દુઃખથી ભયભીત ન થાઓ

૨. સંકલ્પ-પૂર્તિનાં સુખનું પ્રલોભન ન રાખો

૩. સંકલ્પ-નિવૃત્તિમાં સંતુષ્ટ ન થાઓ

૪. સ્વાધીનતાને ઠુકરાવો

તો જ પ્રભુ-પ્રેમ પ્રાપ્ત થશે.

આ માટે જ.

૧. ઈશ્વર માટે ઈશ્વરને જ માનો

૨. એની પાસે કંઈ માગો નહીં

૩. આખું વિશ્વ ઈશ્વર જ છે એમ માનીને પૂજા કરો

૪. દરેક વસ્તુ ઈશ્વરની માનીને પૂજા કરો.

૫. પ્રભુ-વિશ્વાસ અને પ્રભુ-પ્રેમ જ આપણું જીવન છે, એમ માનો

૬. પ્રભુ પાસે પ્રભુ-પ્રેમ માગો

ઈશ્વર નહીં પણ ઈશ્વર-વિશ્વાસ હોવો જોઈએ. ઈશ્વર-પ્રેમ હોવો જોઈએ. આ જ ઈશ્વરવાદીની સાધના છે.

**૩૨૨. શ્રી મહારાજજી! અમે આપનો પરિચય જાણવા ઈચ્છીએ છીએ.**

'શરીર' સદૈવ મૃત્યુમાં જ રહે છે અને 'હું' સદૈવ અમરત્વમાં રહું છું. – આ મારો પરિચય છે.

**૩૨૩. શ્રી મહારાજજી! અમે આપનું જીવનચરિત્ર લખવા ઈચ્છીએ છીએ.**

મારું જીવન છે : 'દુઃખનો પ્રભાવ' – લખી લો.

**૩૨૪. સ્વામીજી મહારાજ! અહીંનો પ્રોગ્રામ પૂરો કરીને આપ ક્યાં જશો?**

દડાને શું ખબર કે ખેલાડી દડાને કઈ બાજુ ઉછાળશે?

**मूल पुस्तक में जो विशेषता होती है, वह अनुवाद में नहीं आ पाती । अनुवाद में प्रायः लेखक के कई भाव पूरी तरह व्यक्त नहीं हो पाते । इसलिये जिज्ञासु पाठकों से निवेदन है कि यदि उन्हें हिन्दी भाषाका ज्ञान हो तो वे मूल हिन्दी पुस्तक को भी अवश्य पढ़ने की कृपा करें ।**

## વિશ્વ–શાંતિ, દુઃખ–નિવૃત્તિ તથા માનવ–કલ્યાણ માટે આવશ્યક

# માનવતાના મૂળ સિદ્ધાંત

૧. આત્મ–નિરીક્ષણ, અર્થાત્ પ્રાપ્ત વિવેકનાં પ્રકાશમાં પોતાના દોષોને જોવા.

૨. કરેલી ભૂલને ફરીથી ન કરવાનું વ્રત લઈ સરળ વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.

૩. વિચારનો પ્રયોગ પોતાના પર અને વિશ્વાસનો બીજાઓ પર અર્થાત્ ન્યાય પોતાના પર અને પ્રેમ તથા ક્ષમા અન્ય પર.

૪. જિતેન્દ્રિયતા, સેવા, ભગવત્ ચિંતન અને સત્યની ખોજ દ્વારા પોતાનું નિર્માણ.

૫. બીજાઓનાં કર્તવ્યને પોતાનો અધિકાર, બીજાઓની ઉદારતાને પોતાનો ગુણ અને બીજાઓની નિર્બળતાને પોતાનું બળ ન માનવું.

૬. પારિવારિક તથા જાતીય સંબંધ ન હોવા છતાં પણ પારિવારિક ભાવનાને અનુરૂપ જ પારસ્પરિક સંબોધન તથા સદ્ભાવ, અર્થાત્ કર્મની ભિન્નતા હોવા છતાં પણ સ્નેહની એકતા.

૭. નજીકના જનસમાજની યથાશક્તિ, ક્રિયાત્મક રૂપે સેવા કરવી.

૮. શારીરિક હિતની દષ્ટીથી આહાર, વિહારમાં સંયમ તથા દૈનિક કાર્યોમાં સ્વાવલંબન.

૯. શરીર શ્રમી, મન સંયમી, બુદ્ધિ વિવેકવતી, હૃદય અનુરાગી તથા અહમ્‌ને અભિમાનશૂન્ય કરીને પોતાને સુંદર બનાવવા.

૧૦. સિક્કાથી વસ્તુ, વસ્તુથી વ્યક્તિ, વ્યક્તિથી વિવેક, વિવેકથી સત્યને વધારે મહત્ત્વ આપવું.

૧૧. વ્યર્થ–ચિંતનનો ત્યાગ તથા વર્તમાનના સદુપયોગ દ્વારા ભવિષ્યને ઉજ્જવળ બનાવવું.

વિસ્તૃત વ્યાખ્યા માટે શ્રી શરણાનંદજી મહારાજનું

**'માનવતાના મૂળ સિદ્ધાંત'** પુસ્તક વાંચો.